# વિરાટ

## જાગે છે ત્યારે

THE PATH TO SPIRITUAL EVOLUTION




લેખક

યુગપ્રધાન આચાર્યસમ પૂજ્યપાદ પં.શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ

# પૂજ્યપાદશ્રીના સંયમજીવન ઉપયોગી પુસ્તકો

(પૂજ્યપાદશ્રી દ્વારા શરૂઆતના કાળમાં લખાયેલા વિશિષ્ટ આત્મિક અને તાત્વિક ચિંતનથી ભરપૂર આ પુસ્તકોએ અનેકોના જીવન પરિવર્તન કર્યા છે, સંયમીઓ ખાસ એકવાર એક પુસ્તક વાંચો, જેનાથી આખી પુસ્તકની શ્રેણી વાચ્યા વગર તમે રહી શકશો નહીં..)



**સાધનાની પગદંડીએ**

બહિર્મુખતાની ભયંકરતા બતાવી જીવોને અંતર્મુખતા ટકાવવા અને વિકસાવવામાં અત્યંત ઉપયોગી એવા ઉપાયો ઉપરનું હૃદયપરિવર્તક ચિંતન એટલે સાધનાની પગદંડીએ..



**શરણાગતિ**

ચિરન્તનાચાર્ય કૃત શ્રી પંચસૂત્રના પ્રથમ સૂત્રને નજર સામે રાખી પરમેષ્ઠિ ભગવંતોની શરણાગતિની અપ્રતિમ-શક્તિ -શરણાગત આત્માનો વિચાર વૈભવ, શરણાગત આત્માની મનોવેદના, માંદગી મનની માવજત અને અંત સમયની આરાધના વિગેરે લેખોના માધ્યમે હૃદયમાં પરમેષ્ઠિ ભગવંતો પ્રત્યે શરણાગતિનો ભાવ પ્રગટાવતું પુસ્તક



**વિરાગની મસ્તી**

'સુખ એ ભયંકર છે' એ વાતને મગજમાં જડબેસલાક બેસાડી દેતી, માનવ મનને સુખના વિરાગમાં તરબોળ કરી દેતી, સુવર્ણગઢ ગામના જીવરામદા અને વિમળશેઠના જીવંત પાત્રો દ્વારા ભારતીય સંસ્કૃતિના વૈભવનો અલબેલ પોકારતી વૈરાગ્યરસથી ભરપૂર એક કાલ્પનિક કથા.




**ઊંડા અંધારેથી**

પૂજ્ય સિદ્ધર્ષિ ગણિવર દ્વારા રચિત "ઉપમિતિ-ભવ-પ્રપંચા" કથા એટલે જૈન સાહિત્યમાં મૂર્ધન્ય સ્થાનને પામેલી રૂપકકથા. પ્રત્યેક જૈને આ કથા વાંચવી જોઈએ, માણવી જોઈએ એવી મારી વિનમ્ર સમજ છે. એ ન વાંચી શકો તો છેવટે એના જ આધારે તૈયાર કરેલ પુસ્તક 'ઊંડા અંધારેથી' આજે જ હાથમાં લ્યો.



**ગુરુમાતા**

ગુરુતત્ત્વની મહાનતાને રગ-રગમાં ભરી દેનારા, ગુરુતત્ત્વ પ્રત્યે બહુમાનભાવને હૃદયમાં પ્રકટ કરનારા અને જીવનને ગુરુમય બનાવી દેનારા ચિંતનોથી ભરપૂર પુસ્તક એટલે ગુરુમાતા..
ગુરુમાતાની હિન્દી આવૃત્તિ પણ મળશે.



**પત્રનું ઉદ્યાન**

સંસારી માતૃશ્રીની ગંભીર બિમારીમાં માતૃશ્રીને સમાધિ પ્રાપ્ત થાય એવા ભાવોથી લખાયેલા પત્રોનો સંપુટ
પત્રોના પાને-પાને શરીર અને આત્માના ભેદજ્ઞાનના ઊંડા ચિંતનો, ઉછળતી વૈરાગ્યની છોળો અને આધ્યાત્મિક ભાવોની વૃદ્ધિ કરતાં વિચારો માણવા મળશે.

વિરાટ એટલે આત્મા

વિરાટને જાગૃત કરતાં

વૈરાગ્યરસથી ભરપૂર

ચિંતનોનો રસથાળ એટલે

# વિરાટ જાગે છે ત્યારે

:: લેખક ::


સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ, પૂજ્યપાદ

આ. ભગવંત **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના વિનેય**

પૂજ્યપાદ યુગપ્રધાનાચાર્યસમ

પં. પ્રવર **શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબ**



:: પ્રકાશક ::

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

:: **લેખક** ::


સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,

સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના

વિનેય સ્વ. પૂજ્યપાદ યુગપ્રધાનાચાર્યસમ

પં. પ્રવર **શ્રી ચન્દ્રશેખરવિજયજી** મ. સાહેબ


: **પ્રકાશક** :


**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

૧૦૨-એ, ચંદનબાળા કોમ્પલેક્ષ, આનંદ નગર પોસ્ટ ઓફિસ સામે, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૭.

ટેલિ. : ૨૬૬૦૫૩૫૫

: **આવૃતિ** :

**પ્રથમ સંસ્કરણઃ ૨૦૦૦ વિ.સં. ૨૦૨૩**

**દ્વિતીય સંસ્કરણઃ ૧૦૦૦ વિ.સં. ૨૦૭૩**

**નોંધઃ આ પુસ્તક જ્ઞાનખાતામાંથી છપાયેલ છે.**

**તેથી ગૃહસ્થોએ માલિકી મૂલ્ય આપીને કરવી.**

મૂલ્ય : રૂ. ૩૫/-

:: **મુદ્રક** ::

**પાર્શ્વ ઓફસેટ - શાહ વિક્રમ - મનોજ બ્રધર્સ,**

એમ.જી. રોડ, વેરાવળ - ૩૬૨૨૬૫. ફોન : ૦૨૮૭૬-૨૨૨૬૧૭

'વિનય', ૨/૫, જાગનાથ કોર્નર, નંદવાણા બ્રાહ્મણ બોર્ડીંગની પાસે,

ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧. મો. ૯૪૨૬૯ ૭૨૬૦૯

# :: પ્રાપ્તિ સ્થાન ::

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

૧૦૨-એ, ચંદનબાળા કોમ્પલેક્ષ,

આનંદ નગર પોસ્ટ ઓફિસ સામે, ભઠ્ઠા, પાલડી,

અમદાવાદ-૭. ટેલિ. : ૨૬૬૦૫૩૫૫

★

**હિતેશભાઈ ગાલા**

બી-૧૭, તૃપ્તિ સોસાયટી, હનુમાન રોડ, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ.

મોબાઈલ : ૯૮૨૦૯ ૨૮૪૫૭

★

**અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ,**

ગોપીપુરા, સુરત

★

**આશિષભાઈ મહેતા**

૧૦૧, રોયલ હેરીટેજ, સરગમ શોપીંગ સેન્ટર પાસે,

પારલે પોઇન્ટ, ઉમરા, સુરત.

મો. ૯૩૭૭૫ ૧૨૨૫૮

## વિકાસની વેદના

એક હતું વન.

વસતું હતું ત્યાં સિંહ-સિંહણનું એક યુગલ.

એકવખત સિંહણે બચ્ચાને જન્મ આપ્યો.

એ જ વખતે બકરાંનાં ટોળાંને લઈને એક ભરવાડ ત્યાં આવ્યો.

સિંહણ બેભાન પડી હતી. સિંહ ત્યાં ન હતો. ભરવાડે પરિસ્થિતિનો લાભ ઉઠાવ્યો.

નવપ્રસૂત બચ્ચાને ઉપાડી લઈને ચાર પગે ઉપડી ગયો ગામ ભણી.

બકરાંનાં ટોળામાં સિંહ શિશુ ઊછરવા લાગ્યું.

બચ્ચું તો સિંહનું હતું પણ એણે પોતાને બકરું માની લીધું.

બાળ બકરાંની જોડે એ રમે છે, ઘાસ ખાય છે, પાણી પીએ છે અને બકરાની જેમ બેં બેં કરતું દોડાદોડ કરે છે.

મહિનાઓ વીતી ગયા.

પોતે સિંહ છતાં પોતાને બકરું માનતું આ બાળ પોતાની જાતને વીસરી ગયું; સાવ જ વીસરી ગયું.

પણ...........

એક દી આવ્યો.

સહુ ચરતાં હતાં ચારો, સાથે રહીને. બેં બેં કરતાં દોડતાં હતા. આમથી તેમ દિલમાં દિલ મિલાવીને.

ત્યાં એક ત્રાડ પડી. બધાં ય બકરાં-બકરી સ્તબ્ધ થઈ ગયાં; સહુનાં ગાત્ર કંપવા લાગ્યાં.

સહુએ ઊંચે જોયું. એક વિકરાળ સિંહ, હાય ! હવે શું થશે ? મોતનું ભૂત આંખ સામે નાચતું દેખાયું.

જીવ બચાવવા સહુ જીવ લઈને દોડયા. પણ આ શું ? પોતાને આજ સુધી બકરું માનતું સિંહશિશુ કેમ દોડતું નથી ? પેલા સિંહની સામે ટગર ટગર કેમ જોઈ રહ્યું છે ?

સિંહશિશુના અંતરમાં એક અગમ્ય વલોપાત જાગી ગયો છે સિંહનાં દર્શને !

પોતાનું કલ્પિત સ્વરૂપ આજે વેરવિખેર થતું હતું.

''રે ! હું કોણ ?'' પહેલો પ્રશ્ન એના લમણે ઝીંકાયો !

''શું હું બકરું નહિ ?''

અંતરમાંથી અવાજ આવ્યો. ''ના, ના. જરાય નહિં.''

''તો હું કોણ ?''

''શું હું 'તે' છું ? સામે જે સિંહ છે તે હું છું ?''

''હા, જરૂર, જરૂર.'' અંતર પોકારી ઊઠ્યું.

અને......... અને .........

એકદમ ત્રાડ નાખી; આજ સુધી બેં બેં કરતા સિંહના બચ્ચાએ.

એ ચારે પગે કૂદ્યું..... કોઈ આગભરી મસ્તી એના રોમેરોમમાં પ્રગટ થઈ. એ મસ્તીને એ જીરવી ન શક્યું. એ દોડી ગયું.

જઈને ઊભું રહ્યું પેલા સિંહની પાસે. ''રે ! 'હું' તો 'તું' જ છું. હા. હા. તું તે જ હું. જરૂર, જરૂર. આપણા બે ય ના સ્વરૂપમાં અસાધારણ સામ્ય દેખાય છે !'' સિંહની સામે એકીટશે જોતી આંખો બરાડી ઊઠી.

પણ ત્યાં તો મને બળવો પુકાર્યો ! સિંહગર્જના કરતું એ મન બોલી ઊઠ્યું, ''નહિ, નહિ. હું તે હું જ છું. તું પણ હું નહિ. તું, તું છે; હું, હું છું. અથવા તું હું એક જ છીએ માટે હું, હું જ છું.''

વિરાટ જાગે છે ત્યારે શું બને છે ? એ પ્રશ્નનો ઉત્તર સિંહશિશુની આ પરાક્રમ કથા જ આપી દે છે.

હતો એક અંધકારમય કાળ. પરાર્ધોનાં ગણિત પણ જ્યાં ખૂટી જાય એટલા યુગો અને મન્વન્તરો એ કાળનાં અંધારજળમાં ડૂબી ગયાં છતાં ય એ અંધકારયુગનો કાજળ ઘેરો લીસોટો આગળ ને આગળ કૂચ કરતો જ ગયો.

અનંત હતી એ અંધિયારી રાત અને અનંત હતી વિરાટની એ નિદ્રા ! નિદ્રામાં ને નિદ્રામાં જ એણે અનંત સ્વપ્નો આશ્લેષ્યાં; એમને સત્ય બનાવવા એ ખૂબ મથ્યો પણ નિદ્રા એ નિદ્રા જ છે; નિદ્રાનું સ્વપ્ન એ સ્વપ્ન જ છે.

આ વિરાટને જાગવું ન હતું છતાં સ્વપ્નને સત્ય બનાવવું હતું. મથ્યો.... ખૂબ મથ્યો. પણ સ્વપ્ન તે સ્વપ્ન જ રહ્યું.

પળ એક પળ આવી. અંધિયારી રાતનો છેડો દેખાવા લાગ્યો.

પ્હો ફાટ્યો.

કોક સંતે આવીને એને ઢંઢોળ્યો.

અરુણોદય થયો.

ઊંઘ બગાડનાર તરફ અકળાયેલા-ખીજાયેલા વિરાટે આંખો ખોલી.

વિરાટ જાગ્યો.

સંતે એને બેઠો કર્યો; ઊભો કર્યો.

અનંતસુખની ચીસો પાડનાર વિરાટને એણે અનંત સુખનો પંથ બતાડ્યો.

માર્ગની આંટીઘૂંટીને ઉકેલતો એક ગ્રન્થ સંતે હાથમાં દીધો.

અને......

વિરાટે કદમ ઉપાડ્યું, સંતે બતાવેલા પંથે, વિનાશી સુખનો કંત હવે હરણફાળે દોડવા લાગ્યો અવિનાશીના પંથે.

હવે આવી ગયો'તો અંત એની અનંત નિદ્રાનો. હવે છોડી દીધો'તો એણે તંત એની સ્વપ્નસૃષ્ટિને સત્ય બનાવવાનો.

એ જાય; ઓ જાય; ઓ ચાલ્યો જાય એક વીર વિરાટ !

વિરાટ ચાલ્યો જાય છે.

પગ નીચેથી પંથ પણ સરકતો જાય છે.

અનંત અંધિયારી રાતનો અંત આવી ગયો !

વિરાટ જાગ્યો. ઊઠ્યો. કદમ માંડ્યું. ચાલ્યો. હવે ચાલ્યો જ જાય છે. બસ, ચાલ્યો જ જાય છે. મહાપંથનાં અજવાળાં ચીરતો ચીરતો એકલવીર વિરાટ આગળ ધસતો જ જાય છે.

હમણાં જ - જોતજોતામાં દેશે અનંતના બારણે ટકોરા;

હમણાં જ - જોતજોતામાં દેશે શિવસુંદરી, એનાં મોંઘેરાં દર્શન !

હમણાં જ - જોતજોતામાં જ નાંખી દેશે એના કંઠે વરમાળા.

★

અનંત અંધિયારી રાત એ આપણો અચરમાવર્તકાળ ચરમાવર્તકાળ એ તો શત-શત કિરણે પ્રકાશતા અધ્યાત્મના સ્નેહરશ્મિને ઊલટતે દિલે વધાવતો પ્રકાશ પ્રકાશનો પંથ.

ગાઢ નિદ્રામાં પડયો'તો વિરાટ, એની અંધિયારી રાતમાં.

ભૂલી ગયો'તો ભાન એના સ્વપ્નનાં, અને સ્વીકારી લીધું હતું સ્વરૂપ બકરીના બચ્ચાનું સ્તો ! સ્વપ્નસૃષ્ટિના એ સ્વામીએ.

પણ જયાં એની નિંદ ઉડાડી કો'ક કારુણ્યમૂર્તિ સંતે... જયાં એને દર્શન થયું કો'ક પરમાત્માનું .... ત્યાં જ એક કાળમીંઢ પથ્થર તૂટી પડયો એનાં લમણે; કોયડાઓનાં વિરાટ પહાડમાંથી છૂટો પડીને.

कोडहम्..... રે ! હું કોણ ?

શું હું માનવ નહિ ? શું દેખાય તે મારું સ્વરૂપ નહિ ? હું ગૌર નહિ ? હું ધનવાન નહિ ? મારી પ્રિયતમાનો કંત નહિ ? શું મળમૂત્રે ભરેલું શરીર તે જ હું નહિ ! કોઈ બતાવો કે તો પછી હું કોણ ?

પરમાત્મા સામે છે. સંત બાજુમાં જ ઊભા છે. વિરાટની અપાર અકળામણને બે ય જોઈ રહ્યા છે. પણ કોઈને કશું કહેવું નથી. જે કહેવું છે તે તો હવે એ જાતે જ થોડી જ વારમાં સમજી લેવાનો છે.

ત્યાં જ વિરાટ ચીસો પાડે છે. नाडहम् ''ના, ના, હું શરીર નહિ, હું ધનવાન નહિ, હું કોઈનો કંત નહિ..... ના, ના. જરાય નહિ."

સંત સાંભળે છે પણ અકળાતાં નથી. કેમ વારુ ?

વિકાસની એ વેદના છે તેથીસ્તો. વિકાસની વેદના વિના વિરાટ ને સ્વત્વની સંવેદના શક્ય જ નથી. આવી સ્વયંભૂ આવેદના જેવું શુંદર બીજું કશું નથી.

વિરાટ બૂમો ઉપર બૂમો પાડે છે; કપાળે મુક્કીઓ ઉપર મુક્કીઓ મારે છે.

જો હું શરીર નહિ તો હું કોણ ?

મને કોઈ કહો તો ખરા કે હું કોણ છું ?

વેદનાનાં મધુરતમ સંવેદનોમાં વિરાટ મૂર્ચ્છિત થઈ જાય છે.

આ હતી તેની અધ્યાત્મિક મૂર્છા (Spiritual coma). હવે અહીં જ એ પામવાનો હતો સ્વરૂપનું ભાન. વિકાસની વેદનાનો હવે બીજો તબકકો શરૂ થઈ ગયો હતો.

વિરાટે એક મોટી ચીસ નાંખી દીધી.

सोऽहम्...... ઓહ ! ઓહ ! હવે સમજાયું કે હું તે જ છું. તે - સામે ઊભેલા પરમાત્મા જ મારું સ્વરૂપ છે.

અને.....

વિરાટે દોટ મૂકી.

દોટ ન હોય માત્ર અજાગૃતિમાં. ઊંઘના સમયોમાં. જાગેલો બેઠો થયા વિના રહે ખરો ?

બેઠેલો ઊભો થયા વિના કદી રહી શકે ? ઊભો થઈ ગયેલો દોટ મૂકી દીધા વિના બીજું કાંઈ જ કરી શકે ?

જાગૃતિ એટલે જ વિકાસ.

વિકાસ એટલે જ દોટ.

વિરાટ પહોંચે છે આનંદઘન પરમાત્માની પાસે.

બાળભાવે કહે છે,

'ઓ આનંદમૂર્તિ ! त्वमहम् રે ! તું જ હું છું હો !

હું બીજું કાંઈ જ નથી. તું જ છું હું છું.'

કરુણામયી માતા પાસે વિરાટ વામણો બને છે. બાળ બનીને એની ગોદમાં ખીલે છે; એની હૂંફમાં જ જીવે છે; એની કરુણાના સ્તન્યપાને જ પુષ્ટ થાય છે. એક દી આવે છે. બાળ, વિરાટ હવે વિરાટ, વિરાટ બને છે.

વિકાસના છેલ્લા તબકકામાં એ પ્રવેશ કરે છે.

અને......

એ આનંદઘન એક દી અનોખું ગીત લલકારી નાંખે છે. ... अहमहम्....
રે ! હું, હું જ છું, હું બીજું કોઈ નથી. હું એ હું જ છે.

સ્વમાં સ્વત્વનું દર્શન એ જ સર્વોત્કૃષ્ટ પરમાત્મદર્શન.

વિકાસની ઊર્ધ્વમુખી ગતિનું એ અંતિમ કેન્દ્ર.

વિરાટ જાગે છે ત્યારે એ પહેલી ચીસ પાડે છે कोऽहम् ! જાગૃતિમાં જીવંતતા આવે છે ત્યારે એ પુકારી ઊઠે છે नाऽहम् ! અને પછી તો હિલોળે ચડેલા જાગૃતિના સાગરો ઘૂઘવાટ કરતાં કહી જાય છે. सोऽहम ! અંતરીક્ષને આંબી જતાં એના પડછંદા ધણધણતાં કહી દે છે. त्वमहम् ! અને પછ શાન્ત પડેલો એ સાગર સુમધુર સૂરે સહુને જણાવે છે, अहमहम्

જેને कोऽहम् એવો પ્રશ્ન પણ લમણે વાગતો નથી એ ઊંઘતો વિરાટ છે. ચરમાવર્તની અંધિયારી રાતમાં અથડાતો - કુટાતો સ્વપ્નસૃષ્ટિમાં રાચતો દયનીય વિરાટ છે.

બેં બેં કરતું, બાવળ ચાવતું પોતાને બકરીનું બચ્ચું માનતો વામણો વિરાટ છે.

વિરાટ તો વિરાટ જ હોય.

જાગૃતિનો કાળ એ જ વિરાટનો 'વિરાટ' દર્શન કાળ છે.

વામન એવો હું વંદન કરું છું, વિકાસની એ વેદના માંથી સફળતાપૂર્વક પાર ઊતરતાં સિંહશિશુઓના ચરણોમાં !

દાનસૂરિજી જૈન જ્ઞાનમંદિર
કાળુપુર રોડ, અમદાવાદ - ૧
વિ. સં. ૨૦૨૩
આશ્વિન શુક્લ પંચમી

લિ.
ગુરુ પાદપદ્મરેણુ
મુનિ ચન્દ્રશેખરવિજય

# ક્રમદર્શન


૧. એક જ લક્ષ્ય ............................૧
૨. સાધનાનું લક્ષ્યબિંદુ : ચિત્તશુદ્ધિ(૧) ............૬
૩. સાધનાનું લક્ષ્યબિંદુ : ચિત્તશુદ્ધિ(૨)..................૯
૪. પ્રતિકૂળતામાં પણ પ્રસન્નતા.... ..................૧૫
૫. આપ તરે, બીજાને તાર ....................૧૮
૬. અપ્રમત્તભાવ...............................૨૧
૭. મુનિ અને પરાર્થકરણ .....................૨૪
૮. અભિગ્રહોની નાકાબંધી ......................૩૧
૯. देहदुखं महाफलं.............................૩૪
૧૦.શ્વાન-બગાઈ યુદ્ધ ..............................૩૯
૧૧. સૌજન્ય ......................................૪૪
૧૨. અય ! રાગ, તારા જ પાપે ને !...............૪૯
૧૩. સાચી અનાથતા..................................૫૫
૧૪. જરૂરિયાત : સગવડ : શોખ: ..................૬૧
૧૫. તપ : જપનાં તેજ ..............................૬૬
૧૬. સુખ વિરાગની સાત ભાવનાઓ ...............૭૨
૧૭. समयं गोयम ! मा पमायए.......................૮૨
૧૮. સુખશીતલતા અને કૃત્રિમ પરાર્થકરણ ..............૮૭
૧૯. સહવું એ જ સાધુતા ............................૯૩
૨૦. સહન કરે તે સાધુ.... ............................૯૬
૨૧. ગૃહસ્થજીવન અને મુનિજીવન....................૯૯

# ૧ એક જ લક્ષ્ય

કોઈ તમને પૂછે કે તમારા જીવનનું લક્ષ્ય શું છે ?

તમારા જીવનની આરાધના કઈ ? તમારું કર્તવ્ય શું ?

તમે શું જવાબ આપશો ? મને કોઈ આવા પ્રશ્નો પૂછે તો હું બેધડક કહી દઉં કે

**મારું લક્ષ્ય દોષવિનાશ.**

**મારી આરાધના દોષવિનાશની...**

**મારું કર્તવ્ય દોષવિનાશનું...**

બીજા શબ્દોમાં આત્મશુદ્ધિને જીવનનું લક્ષ્ય કહેવાય પરંતુ મને 'દોષનાશ' શબ્દ વધુ પસંદ પડે છે અને તે સહેતુક છે.

આત્મશુદ્ધિ એ ગુણ છે. અવગુણથી ભરેલા આપણને ગુણની ગંધ પણ ક્યાં છે ? ગુણની અનુભૂતિ વિના ગુણપ્રાપ્તિની સમજ શે પડે ? ગુણપ્રાપ્તિ કાજે ભીષણ પુરુષાર્થની ગીતાનો મંગલ શ્લોક શે રચાય ? ગુણ તો આપોઆપ પ્રગટે, જો દોષનાં આવરણો દૂર થાય.

ગુણ પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થની કશી જરૂર નથી. સર્વગુણસંપન્ન બનવા માટે સર્વદોષમુક્ત થવાની જ આરાધના સાધવાની.

**દોષમુક્ત બનો. તત્ક્ષણ તમે ગુણસંપન્ન બનો જ છો.**

નહેરનું પાણી આગળ વધતું નથી તો તે વખતે પાણીને ધક્કા કાં મારો ? જે વચ્ચે કચરો ધરબાયો છે એને જ ઉપાડી લો, પછી પાણી તો આપમેળે વહેવા જ લાગશે.

સ્ફટિકનો સહજ ગુણ છે સફેદાઈ, પણ રક્તવસ્ત્રના સંગથી એ લાલ બન્યું છે. ફરી સ્ફટિકને સફેદ જોવું હોય તો તેની ઉપર સફેદો મારવાની કશી જરૂર નથી. લાલ વસ્ત્ર દૂર કરો કે સફેદાઈ તો આપોઆપ દેખાશે.

ગુણ ઉત્પન્ન કરવાનો નથી, એ તો અનાદિ સહજ છે. દોષનાશ જ ઉત્પન્ન કરવાનો છે એટલે આ દષ્ટિએ ક્ષમાગુણ ઉત્પન્ન કરવાનો નથી પરંતુ ક્રોધનાશ જ ઉત્પન્ન કરવાનો રહે છે.

આપણે ક્રોધનો વિનાશ કરીએ એટલે ક્ષમા તો આપોઆપ પ્રાપ્ત થાય. ક્રોધવિનાશ એ જ ક્ષમા નથી પરંતુ ક્રોધવિનાશથી ક્ષમા પ્રાપ્ત થાય છે.

ક્રોધવિનાશ થયો કે તરત જ ક્ષમા પ્રાપ્ત થાય. ક્ષમા પ્રગટ થાય. વસ્તુતઃ તો એક ઢાલની બે બાજુ છે; દોષવિનાશ અને ગુણપ્રાપ્તિ. એટલે આપણાં જીવનના લક્ષ્ય તરીકે દોષવિનાશને કહેવાય તેમ ગુણપ્રાપ્તિને પણ કહી શકાય જરૂર. પરંતુ માનસશાસ્ત્રની દૃષ્ટિએ હું જીવનલક્ષ્ય તરીકે દોષવિનાશને કહેવાનું વધુ પસંદ કરું છું. તેનું કારણએ છે કે દોષોની આપણને અનુભૂતિ છે જ્યારે ગુણની એવી અનુભૂતિ નથી.

જેમ આપણે દોષદુષ્ટ છીએ તેમ દુનિયા પણ બહુધા દોષદુષ્ટ છે ! ગુણિયલ તો વિરલા જ મળે ! એટલે સ્વમાં અને પરમાં, જ્યારે ને ત્યારે દોષો તો ખૂબ જોવા મળે. જીવનમાં ડોકિયું કરીએ. ઝઘડા અને ટંટા જ સંભળાશે ! કોઈનાં વાગ્યુદ્ધ અને સાંબેલાયુદ્ધ જોવા મળે ત્યારે થોડી પણ સાન ઠેકાણે હોય તો તરત સમજાય કે ક્રોધકષાય બહુ જ ખરાબ વસ્તુ છે. આ ત્રાસ ! આ હાયવોય ! આ ચીસાચીસ ! નહિ... નહિ. આ પળે દૃઢ સંકલ્પ કરું છું કે જીવનમાં ક્રોધ તો કદી નહિ કરું.

ક્રોધ કેટલો ભયજનક છે એ આ રીતે અનુભવે સમજાય તેવી બાબત છે અને એથી એના વિનાશ માટે જ્વલંત પુરુષાર્થનો પ્રાદુર્ભાવ થવાની પણ પરિપૂર્ણ શક્યતા છે.

આવું ક્ષમા માટે ઓછું સંભવિત છે. ક્ષમાશ્રમણ મુનિ તો ક્યાંક જ જોવા મળે. એટલે ક્ષમાની અનુભૂતિ ન થવાથી ક્ષમાશીલ બનવાની આરાધના કાજે પ્રચંડ ઉત્સાહ શે જાગે ? ક્રોધની અનુભૂતિ છે માટે ક્રોધમુક્ત બનવાની સાધના માટેનો ધરખમ પુરુષાર્થ અચૂક જન્મ પામી જાય.

એટલે દોષપૂર્ણ જગતમાં દોષદર્શન શક્ય છે. દોષવિનાશનો સંકલ્પ સુશક્ય છે અને દોષવિનાશનો પુરુષાર્થ પણ સહજ પ્રાપ્ય છે. જ્યારે ગુણપ્રાપ્તિ વગેરે અત્યંત દુર્લભ છે. એટલે જ હું એમ પણ કહેવાનું સાહસ કરું છું કે મુક્તિ નહિ પણ બંધનવિનાશ માટે આરાધના કરો. ભલે વસ્તુ એક જ છતાં વિચારમાં ઘણું મોટું અંતર પડે છે.

મુક્તિની અનુભૂતિ નથી. મુક્તિ કોઈ દી' જોઈ નથી, માત્ર સાંભળી છે. સાંભળ્યાનાં સુખ કેટલાં ? બંધન તો આંખે દેખ્યું છે ! કાને સાંભળ્યું છે ! ધ્રૂજતે હૃદયે અનુભવ્યું છે !

બંધનના ત્રાસ, બંધનની યાતનાઓ અને બંધનની ભયાનકતાઓ સંસારીને સમજાવવી પડે તેવી નથી. જે બંધને સર્વાંગે ભરડો લીધો છે, જેણે જીવને ઊભો ને ઊભો ચત્તોપાટ પછાડી પછાડીને ત્રાહય ત્રાહય પોકરાવી છે. હાડકે હાડકું ખોખરું કરી નાખ્યું છે એ બંધનના વર્ણનની જરાય જરૂર હોય ખરી ?

એ તો માની આગળ મામાનાં વર્ણન જેવી વાત થઈ ! મુક્તિ એ શુદ્ધ સત્ય છતાં સુની સુનાઈ કથા જેવી છે !

બંધન તો આંખે દેખ્યો અહેવાલ ! જીવે જાતે અનુભવેલો ભયાનક સીતમ ! એટલે જ સિદ્ધિની તાલાવેલી કરતાં બંધન તોડી નાંખવાની તાલાવેલી જગવવાનું વધુ સરળતાભર્યું લાગે છે. પ્રચંડ પુરુષાર્થની વેદીમાં જીવનોનાં જીવનોનું બલિદાન કરી દેવા જોગી (જેટલી) શહાદતને વરવાનું પ્રચંડબળ નસનસમાં વ્યાપી જાય છે.

આ બંધન ! બસ, તોડી નાંખું કડાકા કરતું.

આ ગુલામી ! બસ, ફગાવી દઉં એક જ ધડાકે.

આ હોળી ! બસ, ઠારીને જ જપું.

સિદ્ધિ કરતાં 'બંધન-તોડ'ની વિચારણા જબ્બર બળ ઉત્પન્ન કરી શકે છે.

ગુણપ્રાપ્તિ કરતાં દોષવિનાશની આરાધના પ્રચંડ ઉત્સાહ જન્માવી આપે છે. પરલોકને નજર સામે લાવો, એકેકા દોષે સર્જાતી ભીષણ યાતનાઓની ભડકે બળતી પાવક જ્વાળાઓની કલ્પના કરો, ત્રાસી જશો. એક પણ દોષ, એક પણ રૂંવાડે ન ફરકે એ માટે સાબદા બની જશો.

અનંત દોષો સત્તામાં પડ્યા છે ! ગમે તે પળે, ગમે તે ક્ષેત્રમાં, ગમે તે નિમિત્તે જાગી પડે ! અને ભયંકર ભૂકંપોથી ય ભયાનક આંચકો આપે !

ક્ષણ ક્ષણની મહેનતે ઊભી કરેલી કણકણની આરાધનાઓ એક જ પળમાં ધરાશાયી કરે ! દોષોનું તોફાન બહુ ભયાનક હોય છે ! મહાસંયમીને એકાદ પણ અસાવધ પળે આ દોષો ધૂળ ચાટતો કરી શકે છે.

એને એક અસાવધ પળ આપો ! પછી સિંહ શિયાળ છે ! શિયાળ સસલું છે ! સસલું નાનકડું મગતરું છે ! અસંભવિત પણ આપણા માટે સંભવિત

ન બને તેવું કાંઈ જ નથી. અસાવધ પળમાં કશુંય અસંભવિત નથી. એ માટે તો એવી ત્રાસદાયી હોનારત વિનાની પળોમાં દોષવિનાશની આરાધના માટે જ સદૈવ સજ્જ રહેવું જોઈએ. ખૂબ અપ્રમત્તપણે અંતર્મુખ બનીને આત્મામાં ખીચોખીચ ભરેલા અને જીવનમાં ફેલાયેલા દોષો ચૂંટીચૂંટીને વીણી કાઢવા જોઈએ. તુચ્છતા પીડતી હોય તો તુચ્છતાની ખરાબી વિચારવી. તુચ્છતાઓની અવદશા જોવી. તુચ્છતાથી સર્જાતી પ્રેમની ને વાત્સલ્યની સ્મશાનયાત્રા જોવી અને એથી ત્રાસી ઊઠીને તુચ્છતાનો વિનાશ કરવાનો સંકલ્પ કરવો. પછી અતુચ્છને=મહામના-મુનિને અનંત વંદના કરવી. આ રીતે પ્રત્યેક દોષ માટે સમજવું.

દોષવિનાશ માટે આ જ ક્રમિક ઉપાય છે કે (૧) પ્રથમ દોષ જોવો (૨) દોષની અંતરથી કબૂલાત કરવી (૩) તેના નાશની ભાવનાથી ભાવિત થવું (૪)નિર્દોષને ભાવભર્યા નમસ્કાર કરતા રહેવા અને (૫) દુષ્ટ પણ દોષમુક્ત થાય એવી ભાવનાથી ભાવિત થવું.

બીજો ઉપાય છે દોષના નિમિત્તથી દૂર રહેવાનો. સ્ત્રીરાગ પજવતો હોય તો સ્ત્રીથી જ દૂર રહેવું. શ્રીખંડનો રાગ ત્રાસ દેતો હોય તો શ્રીખંડનો જ ત્યાગ કરી દેવો.

બાળસાધકને માટે આરાધનાનો આ સરળમાં સરળ ઉપાય છે કે તેણે રાગ-રોષના દોષના જન્મદાતા નિમિત્તનો જ ત્યાગ કરી દેવો. નિમિત્તના સાન્નિધ્યમાં જ પ્રાયઃ દોષ ઉત્તેજના પામે છે. નિમિત્તના અભાવે દોષ શાન્ત રહી, નિર્બળ બની મૃત્યુ પામે છે. છોડ નાનકડો હોય તો બકરાં ચાવી ખાય. એને મોટો કરી દેવો હોય તો વાડ બાંધવી જ જોઈએ. પછી વાડ વિના ય એ ટકી શકે છે. મજાલ નથી મોટા બકરાંની કે કાંઈ કરી શકે !

ત્યાગ એ વાડ છે ! વાડનો ઈન્કાર એ વાડ ના અસ્તિત્વમાં સફળતાનો સંદેહ છે. એ દુઃસાહસ છે. જીવલેણ ભ્રમ છે અને તેથી જ થતો વાડનો ત્યાગ એ જીવનનો આપઘાત છે.

મારી તો આ સ્પષ્ટ સમજ છે. અનુભવે વધુ સ્વચ્છ બની છે. દોષનાં સર્જક નિમિત્તોની સાથે રહેવું, બેપરવા જીવવું અને લાજવાબ વર્તવું અને પછી ગમે તે પળે જીવનને કોઈ મોટા પાપથી કલંકિત કરી નાંખવું. આવો આત્મા જરાય દયાપાત્ર ન ગણાય.

અશુભ નિમિત્તોથી નાસો ! શુભ નિમિત્તોને ઝડપો ! દોષવિનાશ બહુ જ ઝડપી બનશે. અનંત દોષોનો વિનાશ-સર્વનાશ સર્જવાનું લક્ષ્ય કાં ભૂલીએ ? પળની પણ અસાવધાનીમાં થનારા કારમા ભૂકંપ આંચકા કેમ વીસરીએ ?

નિમિત્તોથી નાસભાગ કરવા માત્રથી દોષનાં ઝેર ડંખના ભાગ સુધી આવી જાય છે, પછી તો ગુરુકૃપાથી પ્રાપ્ય સ્વાધ્યાયાદિના બળે પળમાત્રમાં એ ઝેર બહાર ખેંચી નંખાય, દોષવિનાશ એ જ જીવનનું લક્ષ્ય છે, તો હવે આઘું પાછું જોયા વિના, આઘું પાછું કર્યા વિના, આઘા પાછા થયા વિના એ લક્ષ્યને જ વીંધવા સજ્જ બનીએ, એકાગ્ર બનીએ, એકલક્ષ્ય બનીએ અને દેવગુરુની અસીમ કૃપાથી એ લક્ષ્યને અવશ્યમેવ વીંધી નાંખી બેડો પાર કરીએ.

•

# ૨ સાધનાનું લક્ષ્યબિંદુ : ચિત્તશુદ્ધિ (૧)

જેનું યૌવન ફાટ ફાટ થઈ રહ્યું છે, એના ચિત્તમાં કામ ક્યારે જાગી ઊઠશે એ કોણ કહી શકે તેમ છે ? જેના પુણ્યની વણજાર દોમદોમ કરતી ચાલી જાય છે એને લપસી પડતાં કેટલી ક્ષણો લાગશે તે કોણ જાણી શકે તેમ છે ? જેનું નાવ માનપાનના સાગરમાં જ આગળ ધપ્યું જાય છે એને ડૂબવાનો ભય ક્યારે હોય એ કહી શકાય તેવી બાબત તો નથી જ.

જીવનમાં વિકાસ અવશ્ય સાધવો છે, પણ વિનાશને નોતરનાર સામગ્રીઓને જો ડામવામાં ન આવે તો વિકાસની વાતો હવામાં બાચકાં ભરવા જેવી બની જાય છે. **વિનાશની સામગ્રી છે, ચિત્તની અંદર પેસતી, ધીરે ધીરે ઘર કરતી, ગંધાતી-ખદબદી ઊઠેલી અશુદ્ધિઓ-ગંદકીઓ-ચિત્તનો મેલ.**

ગમે તેટલું તપ કરવા દિલ થાય પણ તેની પાછળ ચિત્તશુદ્ધિનું લક્ષ્ય રાખ્યું ન હોય તો તપનો અગ્નિ કર્મોને ભરખી લેવાને બદલે આત્માના ગુણોને જ ભરખી જશે. પદાર્થોને આત્મસાત્ કરવાની દૃષ્ટિએ જે ઉપદેશ અપાતો ન હોય તે ઉપદેશનું શાસ્ત્ર આત્મા માટે જ શસ્ત્ર બની જશે.

જે આંખોથી જોવાઈ ગયેલાં રૂપ એની વિનશ્વરતાને દેખાડતાં ન હોય તે આંખો આતમને આંધળો જ કરી દેશે. આવા તપમાંથી ક્રોધ જન્મ પામશે, આવા ઉપદેશમાંથી 'અહં' નો અનાહત નાદ ચાલશે, આવી આંખો વિકારોથી ઊભરાઈ જશે. અને એ બધોય કચરો જઈને ભરાશે ચિત્તમાં. જ્યાં ચિત્ત મિલન છે ત્યાં આરાધના નિષ્ફળ છે. મારા જીવનના અનુભવોમાંથી મેં આ તારણ કાઢ્યું છે. મને મારા દૈનિક જીવનમાં જણાઈ રહ્યું છે કે મોટી મોટી ગુલબાંગો ફૂંકવા છતાં હું કાયાની સાથે ચેડાં કરવામાં તદ્દન કાયર બની જઉં છું. શાસનના પ્રશ્નો વિચારતાં તપી જવા છતાં ચિત્તમાં સ્વાર્થ સિવાય કોઈનો વસવાટ દેખાતો નથી. રામ-રમા વચ્ચેનાં અંતરને આંબવા જતાં ક્યારેક મારો જ આબાદ ભોગ લેવાઈ જાય છે. શિષ્યોને યોગ્ય રીતે તૈયાર કરવાની વાતો-યોજનાઓ-ઝુંબેશો ઉપાડવા છતાં હું જ એ શિષ્યોના ભારદાર વિચારોથી દબાઈને વળી ગયો છું.

'સાહૂ' બનવાની ઉમેદ છતાં ચિત્તમાં અસહિષ્ણુતા વ્યાપી ગઈ છે. એક બાજુ છે આત્મા અને શાસન, બીજી બાજુ છે સ્વાર્થના સંસ્કાર. ઘણું

ખરું તો સંસ્કારોનું બળ વધી જતું જણાય છે. એની નીચે આવી ગયા બાદ બધી વાતો નિષ્પ્રાણ બની જાય છે. સિંહની ગર્જના કરતો એક જ ક્ષણમાં બકરીનો બેં બેં અવાજ કરવા માટે પણ અસમર્થ થઈ જાય છે. કારણ ? એક જ છે. ચિત્ત શુદ્ધ નથી, સ્વચ્છ નથી, સાત્ત્વિક નથી, ઓજસ્વી અને તેજસ્વી નથી. ત્યાં છે ખળભળાટ, તેમાં છે નર્યો ગડબડાટ, અને ક્લેશ અને કોલાહલ સિવાય, તોફાનો અને તુમુલો સિવાય, દ્વિધાઓ અને દ્વંદ્વો સિવાય એમાં કશું જ દેખાતું નથી.

ચિત્ત શુદ્ધ નથી બનતું માટે જીવન સાત્ત્વિક બનતું નથી. સત્ત્વહીન જીવન ઊછળી ઊછળીને વાતો જ કરી જાણે. એની વાતોનું ફળ કદી ન આવે. ગાજ્યા મેઘ વરસે નહિ. જો શાસન અને સ્વાત્મા માટે મારે કાંઈ પણ કરી છૂટવું જ હોય તો તે માટે જડબાનું જોર એકલું નહિ ચાલે, પુણ્યની અનુકૂળતાથી કામ નહિ થઈ જાય, કલમના કસબથી લોકોના દિલો ઉપર ચમત્કારિક અસરો નહિ સર્જાય કે અભિનયો અને વાકચાતુરીથી વશીકરણ નહિ કરી શકાય. તે બધાની સાથે સૌથી અગત્યનું જરૂરી બનશે ચિત્તનું શુદ્ધિકરણ; એટલે કુસંસ્કારોનું વિકેન્દ્રીકરણ, વિકારોનું વિલીનીકરણ.

એક પણ મફતિયો વિચાર ભિખારી જેવો છે; એને મનના મૂલ્યવાન મંદિરમાં પ્રવેશ આપી શકાય જ નહિ. એક પણ સ્વાર્થનો ભાવ શત્રુ સમાન છે, એને જીવનના કોઈ પણ સમયમાં સ્થાન આપી શકાય જ નહિ. ત્યાગ અને તપથી ચિત્તનો કામ દબાશે પણ મરશે નહિ. પુણ્યના યોગથી દુ:ખો દબાશે પણ વિનાશ નહિ પામે, વિઘ્નો ઘડીભર થંભી જશે પણ નાસી નહિ જાય. માનના શિખરે સ્થાન મળશે પણ લાંબો સમય એ ટકશે નહિ, જ્ઞાનના બળે પાપો છુપાશે પણ ટળશે તો નહિ જ.

એ અનિષ્ટ તત્ત્વોની ચિત્તમાંથી નાબૂદી કર્યા સિવાય તો ચાલે જ નહિ. કામચલાઉ ઓક્સિજન સુંઘાડીને દર્દથી નિર્ભય કેમ બનાય ? ચિત્તની સાથે સદૈવ વિમર્શ કરવાની ખૂબ જરૂર છે. કામ કેમ ખરાબ ? રામ કેમ સારો ? ભોગ કેમ ભયંકર ? યોગ કેમ ક્ષેમંકર ? લક્ષ્મી કેમ ગૃદ્ધિનું કારણ ? અને લક્ષ્મીપતિ (ભગવાન) કેમ સમૃદ્ધિનું કારણ ? અનુકૂળતામાં વિનાશ કેમ ? અને પ્રતિકૂળતાની પૂજામાં વિકાસ કેમ ? આ બધાય વિકલ્પોને મનના મંદિરમાં ચર્ચવા જોઈએ. દિવસોના દિવસો સુધી એકેક વિકલ્પ ઉપર ગંભીર

બની વિચારો કરવા જોઈએ. અને આપ્તસંમત નિર્ણય લાવવો જોઈએ. ચિત્તશુદ્ધિનો આ રાજમાર્ગ છે, બીજી બધી પગદંડીઓ છે. કદાચ ઉન્માર્ગે ચડાવી દે તોય નવાઈ નહિ.

**એક વાર આ લક્ષ્ય આવી જાય કે ચિત્તની શુદ્ધિ, સ્વચ્છતા, પ્રસન્નતા એ સાધના-ક્ષેત્રે અનિવાર્ય જરૂરિયાત છે તો ચિત્તશુદ્ધિના વિષયમાં વિકાસ થતો જ જાય.** મળો દેખાતા જાય અને મળોને સાફ કરવાના ઉપાયો પણ આપોઆપ હાથ થતા જાય.

ત્યાગ અને તપ ભલે ચાલુ રહે, જ્ઞાન અને ધ્યાનમાં ભલે રત રહીએ, શક્તિની પૂજામાં અને ભક્તિની ઉપાસનામાં ભલે તત્પર રહીએ પણ તેમાંના કોઈનું અજીર્ણ ન થઈ જાય તે સારું ચિત્તશુદ્ધિનું લક્ષ્ય પ્રધાન તો બનાવવું જ પડે. તે બધાય ચિત્તશુદ્ધિને માટે જ છે. તેમનાથી જો શુદ્ધિ ન થાય તો સમજવું કે તેમનું અજીર્ણ થયું, જ્ઞાન ફૂટી નીકળ્યું, ધ્યાન ઊઠી નીકળ્યું, ભક્તિ અવળી પડી અને શક્તિ ભેખડે ભરાઈ.

જ્ઞાન, ધ્યાન, ભક્તિ વગેરે તો ચિત્તને શાન્ત જ બનાવે, તેને શુદ્ધ જ કરે અને પુષ્ટ પણ કરે. જો તેમ ન થાય તો તેમનામાં કાર્યકારિત્વ (ફળ આપવાનું સામર્થ્ય) ન આવતાં તેઓ જ્ઞાન, ધ્યાન કે ભક્તિ જ ન કહેવાય. ચિત્ત શુદ્ધ બનાવવું એટલે ચિત્તમાં નવો મળ ભેગો થવા ન દેવો, જૂનો મળ ઉદાર હૈયે કાઢતા જવો. પરાર્થના વિચારોના રેચ લેવા, પછી તો સ્વાર્થના મળને નીકળ્યે જ છૂટકો છે. ચિત્તમાં ખળભળાટ હશે અને ત્યાગ, તપ કે જ્ઞાનના યોગમાં દોડધામ હશે તો તે બધી દોડધામ નિષ્ફળ જશે. **ચિત્તનો ખળભળાટ સત્વર શમાવવો પડશે, પછી જ બધું લેખે લાગશે.**

•

# 3 સાધનાનું લક્ષ્યબિંદુ : ચિત્તશુદ્ધિ (૨)

ત્રાજવાના એક પલ્લામાં તપ, જ્ઞાન, ધ્યાનના બધા બાહ્ય યોગો મૂકીએ અને બીજા પલ્લામાં પ્રશાન્ત, પ્રસન્ન અને શુદ્ધચિત્ત મૂકીએ. બેશક, ચિત્તનું પલ્લું નમી જાય. આત્માની અનંતશક્તિઓનું ઝળહળતું ઉત્થાન શુદ્ધચિત્તથી થાય છે, શાસનના મહાનમાં મહાન કાર્યોના સર્જન પણ વિશુદ્ધ ચિત્તાત્મા જ કરી શકે.

જેનાં દિલ ડહોળાયેલાં છે, જેના ચિત્તમાં વિકૃતિઓનો ખળભળાટ છે એ ચિત્તનો સ્વામી દેહથી ગમે તેવો તપ કરતો હોય, જડબાના જોરથી ગમે તેટલી ઉપદેશની વાતો કરતો હોય, દેશભરમાં ચોમેર ભલે ઘુમતો હોય પણ એને સફળતાની કલગી પ્રાપ્ત નહિ થાય. વિકૃત ચિત્તની બધી દૈહિક પ્રવૃત્તિઓ ચિત્તમળોને વધારવા માટે જ બને છે.

પેટ બગડેલું હોય તેમાં ગમે તેટલું સારું પૌષ્ટિક તત્વ નાંખીએ તો મળની જમાત જ વધવાની ને ? પ્રત્યેક સાધકે આ વિચાર લક્ષ્યમાં લઈ લેવો જોઈએ. એક પણ ક્ષણ ચિત્તના ખળભળાટવાળી ન જાય તેની સતત તકેદારી રાખવી જોઈએ. ચિત્તનો ખળભળાટ એટલે ચિત્તમાં કામક્રોધનું, મદમાનનું, વિષયવિકારોનું, ઈર્ષ્યા-અસૂયાનું અંશતઃ પણ તોફાન. સહેજ પણ ખળભળાટ થાય અને સાધક ચોંકી જાય. અરે ! આ મેં શું કર્યું ? મેં શા માટે આવો વિચાર કરી નાંખ્યો ? મારા આત્માનું હું જ આ રીતે અધઃપતન કરી નાંખીશ ? મહામહેનતે કારમા કષ્ટો વેઠીને, કાંઈક નિર્જરા પણ કરીને વળી અનંતપુણ્ય ભેગું કરીને એના બદલામાં તો માનવનો અવતાર મળ્યો છે. હવે એને નિષ્ફળ બનાવીશ ?

બીજું બધું પાલવશે. કાયામાં રોગો ખદબદી ઊઠે તોય પાલવશે અને વાણીથી તદ્દન મૂક થઈ જાઉં તોય પાલવશે કિંતુ એક ક્ષણભર પણ ચિત્તમાં ખળભળાટ જરાય ચલાવી લેવાય નહિ. ચિત્તમાં અશાન્તિ ઊભી થાય, ત્યાં જો કોલાહલ મચી જાય તો આત્માના અનુપમ તત્ત્વનો, એના છૂટકારાની યોજનાઓને મૂર્ત બનાવવાનો વિચાર બીજા કયા મંદિરે જઈને કરવો ? મનોમંદિર સિવાય આ વિચાર ક્યાંય થઈ શકે તેમ નથી. સર્વત્ર મોહનું સામ્રાજ્ય વ્યાપી ગયેલું છે અને વસ્તુતઃ તો ચિત્તમાં ખળભળાટ થવો જ ન

જોઈએ. સાધક હંમેશ અનિત્યાદિ બાર ભાવનાઓથી સ્વને ભાવિત કરતો હોય, ક્રોધના પ્રસંગે અશરણભાવથી રંગાઈ જાય, કામના પ્રસંગે અશુચિભાવથી બરોબર લેપાઈ જાય, વ્યાધિનાં પ્રસંગે અનિત્ય ભાવનાથી ભાવિત થવા લાગી જાય અને સર્વત્ર ભવિતવ્યતા, કાળ પરિપાક, જીવની યોગ્યતા વગેરેનો વિચાર તો રહેલો જ હોય.

પછી ક્રોધ ક્યાં થાય ? કામ શું કરવા ઉત્પન્ન થાય ? વ્યાધિ ચિત્તને શી રીતે કનડે ?

સાધકદશા, સાધુવેશ, મુનિભાવ તે આ જ વસ્તુ છે. સાધના એટલે ચિત્તની શાંતિની સિદ્ધિ કાજેના યત્નો. આજે તો આ એવી સિદ્ધિને વરેલા મહામુનિઓનું કાર્ય આપણે લઈ બેઠા છીએ. આપણે જ શાસનનું નાવડું ચલાવવા સુકાની બની ગયા છીએ, ચિત્તમાં ભારે ખળભળાટ છતાં વિશ્વના ખળભળાટ ટાળવા નિષ્ફળ યત્ન કરી રહ્યા છીએ, ચિત્તમાં શાંતિનું નામ નથી અને વિશ્વશાંતિના યજ્ઞોમાં સ્વાહા અને સમર્પણની ધૂનો મચાવીએ છીએ.

ચિત્તમાં વિકારો છતાં નિર્વિકાર બનવાની સાધનાનું તત્ત્વ સ્ત્રીઓને સમજાવવા હિંમત કરીએ છીએ, એ વાઘના મોંમાં હાથ નાંખવા જવા જેવું છે કે બીજું કાંઈ ? મને તો લાગે છે કે આપણે મુમુક્ષુ-જીવનના પ્રથમ દસ વર્ષમાં ચિત્તશાંતિ માટે વધુ સજાગ બનીને યત્ન કરવો જોઈએ. અલબત્ત,તેના ઉપાયો તરીકે જ દશવિધ ચક્રવાલ સામાચારીમાં આવી જતાં સઘળાં અનુષ્ઠાનો છે. પણ તે અનુષ્ઠાનોને આચરતી વખતે અંતરમાં ચિત્તશુદ્ધિનું લક્ષ્ય રાખીએ તો જ તે અનુષ્ઠાનોથી ચિત્તશુદ્ધિ સધાય. અનુષ્ઠાનો એ લગભગ કાયાનો વિષય છે. એનાથી કાયા ઉપર કાબૂ આવી જાય પણ ચિત્ત ઉપર કાબૂ લાવવા માટે ધ્યેય નક્કી કરવું જોઈએ. અનુષ્ઠાનોનાં સ્વરૂપ સમજી લેવાં જોઈએ. એ બધાંય ચિત્તશુદ્ધિ અને ચિત્તપુષ્ટિ માટે જ છે. આ વાત પણ સારી રીતે હૃદયંગમ કરી લેવી જોઈએ. ચિત્તશુદ્ધિ એ જ આપણું જીવન છે. એના વિનાનાં અનુષ્ઠાનોના અલંકારો પ્રાણ વિનાનાં મડદાં ઉપર સજવા માટે બને છે.

આ વાત લક્ષ્યમાં આવશે તો જ ચિત્તના ખળભળાટ શમવા લાગશે. લાખો કલાકો સુધી અનુષ્ઠાનો કરીએ અને દસ મિનિટ સુધી ચિત્તને આત્મસન્મુખ બનાવી રાખીએ તો અનુષ્ઠાનોથી નીપજેલી તાકાત કરતાં લાખો ગણી તાકાત દસ મિનિટની ચિત્તશાંતિમાંથી આત્મામાં ઉત્પન્ન થઈ જાય. પૂર્વના

મહર્ષિઓ ઘોર ઉપસર્ગોને પણ ઝીલી શકતા. એની પાછળ એમના જીવનની ચિત્તશુદ્ધિની ગજબ સાધના જ કારણ હતી. એમણે પ્રાપ્ત કરેલી નિર્વિકારતાએ અને નિષ્કષાયતાએ જ એમને આમરણ કષ્ટોમાં પણ અમર બનાવ્યા હતા.

આર્યકાલિકસૂરિજી પાસે પણ યુવાનવયથી જ ચિત્તશુદ્ધિ સિદ્ધ થઈ ચૂકી હતી. એમના અનુપમ યૌવનદીપમાં કોઈ પતંગિયાં પડવા આવતાં પણ સહુને તે ઠારતા અને ધર્મનો રાહ ચીંધતા. પોતે તરતા અને સેંકડોને તારતા. અલકાઓને પણ તેમણે શ્રાવિકા બનાવી. વિષકન્યાઓને પણ તેમણે ધર્મકન્યા બનાવી. એટલું જ નહિ પણ ચિત્તશુદ્ધિથી ઉત્પન્ન થયેલા અદમ્ય આત્મબળના ધસમસતા વેગે આતતાયી ગર્દભિલ્લને પરાસ્ત કર્યો અને ધર્મધ્વજ લહેરાવ્યો.

જીવનમાં બાહ્યસિદ્ધિ તો ગમે તે મેળવી શકે, પણ એ બાહ્યસિદ્ધિઓને પચાવનાર તો વિશુદ્ધચિત્ત મહાત્મા જ હોય. જેના તેનાથી સિદ્ધિના યશ પચે નહિ, અને જો ન પચે તો જીવન બરબાદ થયા વિના રહે નહિ. મહામુનિ નંદિષેણજી પાસે બાહ્યસિદ્ધિઓ બેસુમાર હતી. યૌવન ફાટફાટ થતું હતું. પણ ચિત્તમાં ખળભળાટ મચ્યો હતો. ભારે યત્નો કરવા છતાં એ શમ્યો ન હતો. માટે એ સિદ્ધિઓ પચી નહિ. વેશ્યાના એક જ વચને સિદ્ધિનાં પારખાં કર્યાં અને મહામૂલાં જીવનનાં લીલામ કરી નાખ્યાં.

આપણું પૂર્વપુણ્ય આપણને ઊંચે લઈ જશે. પુણ્યનું કામ ભૌતિક રીતે ઊંચે લઈ જવાનું છે. આધ્યાત્મિક રીતે ઊંચે લઈ જનાર તો સંવર અને નિર્જરા જ છે. પુણ્ય જો એનું કામ કરે જાય અને ભૌતિક રીતે આપણને ઊંચે ને ઊંચે આસમાનમાં ઉડાવતું જાય તે વખતે જો ચિત્તશુદ્ધિનો સંવર નહિ સાધ્યો હોય તો ગમે ત્યારે જીવન બરબાદ થઈ જશે. આપણું જ ઉપાર્જેલું પુણ્ય આપણું જ અહિત કરશે.

શાસનને ઊંચે લાવતા ભૌતિક રીતે આપણે આપોઆપ ઊંચે આવીએ પણ આધ્યાત્મિક માર્ગે ઊંચે જવા માટે તો અંતરમાં શુદ્ધિ જાળવી રાખવી જોઈએ. ગમે તેટલાં મહાન કાર્યો આપણા હાથે થઈ જાય પણ અંતરથી ન્યારા જ રહેવું જોઈએ. માનપાન જો નડી જાય તો આવતી કાલે ખાનપાન નડશે અને પરમદિવસે કામ આવીને અંતરમાં વસેલા રામને ઉખેડી નાંખશે. વિનાશનો આ વ્યવસ્થિત ક્રમ છે. વિકાસ કરવાની ઈચ્છાવાળાએ આ ક્રમને સમજી લઈને માનપાનથી જ બચી રહેવાનું શીખી લેવું જોઈએ. ચિત્તને જરાય

ખળભળવા દેવું ન જોઈએ. જેનું ચિત્ત શાન્ત હોય એનું વદન પ્રસન્ન હોય, એની કાયા તેજસ્વી હોય, એની વાણી સાકરથી પણ ગળી હોય.

**ચિત્તશુદ્ધિની સાધના એટલે ચિત્તની પ્રશાન્તવાહિતા.** ખળખળ વહી જતાં સરિતાનાં નીરની જેમ એ વહ્યું જાય. કચરો આવીને પડે તો સત્વર એનો નિકાલ કરે. પણ એ કદી મલિન ન થાય. વહેતાં પાણી નિર્મળ રહે; પ્રશાન્ત વહ્યું જતું ચિત્ત સદૈવ નિર્મળ રહે. એનાં બે જ કામ - એક વહ્યે જવાનું અને બીજું અચાનક આવી પડતા કચરાને ઉકેલવાનું. વહ્યું જાય એટલે પ્રશાન્ત રહે, કચરો ઉકેલતું જાય માટે નિર્મળ રહે. **ચિત્તના કચરા ઉકેલવા માટેના બે રસ્તા છે : કાયાને અનુષ્ઠાનોની કસરત આપવી અને ચિત્તને શુદ્ધ ધર્મની સમજ આપ્યા કરવી.**

કાયા સાથે વ્યવહારધર્મ બંધાયેલો જ હોય અને ચિત્ત સાથે આદર્શરૂપ નિશ્ચયધર્મ પકડી રાખેલો જ હોય. આ બેયને તેમનાં સ્થાને જ રખાય. ચિત્તમાં વ્યવહારધર્મ અને કાયામાં નિશ્ચયધર્મ પ્રધાન બનીને આવી જાય તો વિકાસની ગાડી પાટા ઉપરથી ઊથલી પડે. **જેટલો વ્યવહારધર્મ વિશુદ્ધ હોય એટલી ચિત્તના નિશ્ચયધર્મની શીઘ્ર સફળતા.** આપણી સાધના તો વ્યવહારધર્મની. લક્ષ્યમાં ભલે નિશ્ચયધર્મ રહ્યા કરે પણ આચારમાં તો તે નિશ્ચયધર્મ ન હોય. કુંભારના લક્ષ્યમાં ભલે પાકો ઘડો હોય પણ ક્રિયા તો કાચા ઘડામાં જ હોય.એના હાથ કાચા ઘટની તૈયારી માટે જ માટી ઉપર ફરી રહ્યા હોય. કાચા ઘટને પાકા ઘટમાં ફેરવી દેનાર કુંભાર નથી, કાળ છે.

અનુષ્ઠાનોના શુદ્ધવ્યવહારને જ આપણે આચરવાનો. એને નિશ્ચયની ભૂમિકા સુધી લઈ જનાર, નિશ્ચયમાં એનું રૂપાંતર કરી દેનાર તો કાળ છે. અર્થાત્ તથાભવ્યત્વનો પરિપાક છે. પણ તેથી શુદ્ધનિશ્ચય લક્ષ્યથી બહાર ફેંકાઈ જવો ન જ જોઈએ. અને તે જ રીતે એકલા નિશ્ચયની વાતોને પ્રધાન બનાવીને વ્યવહારને ખોઈ નાંખવો ન જોઈએ.

વ્યવહાર અને નિશ્ચયના બે મોટા પાષાણ છે. બેય તદન જુદા છે છતાં એકબીજાને એકમેક થઈને એવા અડી રહ્યા છે કે એમની વચ્ચે રહેલી ભેદરેખાને શોધી કાઢવાનું કાર્ય અતિમુશ્કેલ બને છે. ધર્મને - સદ્ધર્મને પામવા આ ભેદરેખાના અજ્ઞાનથી કે વિપરિતજ્ઞાનથી જીવન મુક્તિપંથે કૂચ કદમ માંડી શકતું નથી.

મને તો એમ લાગે છે કે શ્રી વીતરાગદેવનો ધર્મ એટલે ઘણો ખરો વ્યવહારધર્મ. નિશ્ચયધર્મની સાધના તો બહુ જ થોડા કાળ માટેની રહે છે. આમ હોવાથી જ પ્રભુની દેશનામાં વધુ પડતો ઝોક વ્યવહારધર્મ પ્રતિ જ રહેવો જોઈએ. આચાર એ આપણા પ્રાણ છે. એ હશે તો જ ધર્મ ટકશે, એને ગૌણ બનાવ્યે પણ નહિ ચાલી શકે. કહેવાતા નિશ્ચયની ભૂમિકાએ ગયેલો ઘણું ખરું વ્યવહારથી અલિપ્ત હોય છે. એવું અનુભવો કહી જાય છે.

'युद्धस्य कथा रमणीया' એ ઉક્તિની જેમ નિશ્ચયની કથા ખૂબ રમણીય હોય છે. પણ નિશ્ચયની સાધના તો અતિશય કપરી છે. અકાળે અને અનધિકારે નિશ્ચય આપવામાં ભારે જોખમ રહેલું છે. અત્યારે આ સ્થાને આ વિષયનું સ્પષ્ટીકરણ કરવાનું મને એટલા માટે જરૂરી લાગ્યું છે કે 'ચિત્તશુદ્ધિ' ને જીવનમાં અપનાવવાનું કહેવા સાથે વ્યવહારને કોઈ ગૌણ બનાવી ન દે, ચિત્તશુદ્ધિને લક્ષ્યમાં જ લેવાની જરૂર છે. બાકીની તો બધી સાધના વ્યવહારધર્મ કે જે દશવિધ ચક્રવાલ સામાચારીમાં અંતર્ગત થઈ જાય છે, તેની જ હોય. એનાથી જ કાળનો પરિપાક થવાનો, આત્મયોગ્યતાનો વિકાસ થવાનો અને આત્માના પ્રદેશે પ્રદેશમાં નિશ્ચયધર્મ સોંસરો ઊતરી જવાનો. એટલે 'ચિત્તશુદ્ધિ'ની માળાઓ જ જપવાની મારી વાત નથી, એ હકીકત હજી સહુ કોઈ સમજી લે.

હું તો માનું છું ચિત્તશુદ્ધિ માટે ચિત્તને કષ્ટોના અગ્નિમાં તપાવવાનું, પ્રભુએ બતાવેલા પરિષહો અને ઉપસર્ગોના માર્ગે ઝંપલાવવાનું. સાધુતા એ તો ખમી ખાવાની વસ્તુ, ખાંડા ખખડાવવાની રમત. અહીં બધું વાતોમાં નહિ, લક્ષ્યમાં કે અમલમાં જ હોય. નિશ્ચય રહે લક્ષ્યમાં, વ્યવહાર સઘળો અમલમાં. અમલમાં જો ધર્મ નથી, તો એ દીન બન્યા વિના રહેતો નથી. મુનિ તો અદીનમના હોય કેમકે મનને દીન બનાવનાર કાયાની નિષ્ક્રિયતા એના જીવનના ખૂણેખાંચરે પણ શોધી ન જડે.

હવે મૂળ વાત ઉપર આવીએ. ચિત્તને શુદ્ધ બનાવવું એટલે પ્રશાન્ત અને પ્રસન્ન બનાવવું. દોષોના વારણથી ચિત્ત ખળભળતું અટકે, પ્રશાન્ત થાય અને ગુણોની ખિલવટથી ચિત્ત પ્રસન્ન થાય. પ્રશાન્તિ એ શુદ્ધિ છે, જ્યારે પ્રસન્નતામાં શુદ્ધિની સાથે પુષ્ટિનું તત્ત્વ પણ ભળેલું છે. ચિત્તશુદ્ધિને લક્ષ્યમાં ન લેવાથી કેટલાય મુનિઓનાં અહિત થયા. તેમણે તપત્યાગ સાધવામાં કમીના

રાખી ન હતી પણ કષાયના કચરા ઉલેચવા પ્રતિ દુર્લક્ષ્ય કર્યું હતું, દેશના દેવાનો જુસ્સો જરાય પાછો પાડ્યો ન હતો પણ 'અહં'ના નાદને શમાવવાની ઉપેક્ષા કરી હતી. આંખો નમેલી રાખતા પણ મન તો આંખોની સહાય વિના વિકૃત થઈ જતું હતું.

આ બાબતો તરફની તેમની ઉપેક્ષાએ તેમનું અધઃપતન સર્જ્યું. આપણે આ નબળી કડીને લક્ષ્યમાં રાખીએ અને જીવનમાં તે નબળાઈ પેસી ન જાય તેની પ્રતિપળ જાગૃતિ રાખીએ, નહિ તો એમના પગલે આપણાં પગલાં દબાશે. દુર્ગતિના ખાડે એમનાં હાડકાં તો ખોખરાં થઈ ગયાં, આપણાં ય એવા જ હાલહવાલ થશે. આજે ચોમેર પ્રશ્ન પુછાય છે કે જીવનમાં ક્રિયાકાંડ-વ્યવહારધર્મ વધી જવા છતાં એ ધર્મની સિદ્ધિ કેમ જણાતી નથી ? આ પ્રશ્નના ઉત્તરરૂપે એમ સૂચન થયું છે કે આપણી આરાધના પરોપકારવૃત્તિ વિહીન છે. બધા ધર્મ પોતાને માટે જ કરવામાં આવે છે, જીવ પ્રત્યેનો ભાવ ચાલી ગયો છે વગેરે.

પણ મને તો વળી બીજું જ સ્ફૂરણ થાય છે. આચારમાં ઘણી અવિધિઓ પેઠી છે અને આચારની પાછળ જે ઉદ્દેશ છે 'ચિત્તશુદ્ધિનો' તેને દેશનામાં વધું મહત્ત્વ અપાતું નથી. જો અવિધિઓ ટળે અને ચિત્તશુદ્ધિ માટે આ આચારને જોર આપવામાં આવે તો આચાર શુદ્ધ થાય અને એનાં મીઠાં ફળ જરૂર આવે.

'સ્વ'નો વિચાર પ્રારંભમાં પ્રશસ્ત તો ખરો જ. 'સ્વ' એટલે દેહ-તેના વિચારને મારવા માટે 'સ્વ' એટલે આત્મા-પોતાનો આત્મા. ત્યાં જ આવવું જોઈએ. એ આત્મા ખાતર પરલોકદૃષ્ટિ, પાપનો ડર, વિપાકનાં ચિંતન વગેરે જરૂરી છે. આને હું તત્ત્વતઃ પણ આર્તધ્યાન માનતો નથી. આ કક્ષામાંથી જે પસાર થયા હોય તેમને માટે 'સ્વ'ના સ્થાને અવશ્ય 'પર' આવે. 'પર'નો વિચાર એ લાવવાની ચીજ નથી. એ સ્વતઃ આવનારી વસ્તુ છે. એ ત્યારે જ આવે છે જ્યારે 'સ્વ'=દેહના સ્થાને સ્વ=આત્માને સ્થાપીને તેની ઉપર ચિત્તને સ્થિર કરી દેવામાં આવે, કાયાને કચડી નાખવામાં આવે. પછી સ્વના સ્થાને પરને સ્થાન લેતાં ઝાઝી વાર લાગતી નથી એવી મારી સમજ છે.

સાધનાને આ ક્રમે સાધશું તો અવશ્ય લક્ષીભૂત ચિત્તશુદ્ધિ અમલી બની જશે.

•

# ૪ પ્રતિકૂળતામાં પણ પ્રસન્નતા

ગત રાત્રિએ ચાર કાલગ્રહણની ક્રિયા કરી. ત્રણ કાલગ્રહણ આવ્યા. કાળ પવેવાની ક્રિયામાં મેં ભૂલ કરી અને ત્રણેય ગયા. ઓળીની અસજ્ઝાય પહેલાં કલ્પસૂત્રનાં કાલગ્રહણ પૂરાં કરી લેવાં હતાં. દિવસો કટોકટીના હતા. ફરી કમર કસી.

ફરી વાર કાલગ્રહણની ક્રિયા કરી. આખી રાત ઉજાગરા જેવું કરીને ચારેય કાલગ્રહણ લીધાં બહું જ સાવધાની સાથે કાળ પવેવાની ક્રિયા મેં જ શરૂ કરી અને ફરી ભૂલ થઈ. ચારેય કાલગ્રહણ ગયાં. મારા સ્વભાવ મુજબ તો હું ગઈ કાલે અત્યંત અકળાયો હતો. પણ આજે વધુ શાન્ત થઈ ગયો.

એકાએક નવું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયું. કષ્ટોની સામે હિંમત ધરતાં શીખવાનું, મનમાં જરા પણ અસમાધિ ન થવા દેવાનું. મોં પર ઉદ્વેગની એક પણ કરચલી ન પડવા દેવાનું. મુનિજીવન કષ્ટોથી તો ભરપૂર હોય જ. કષ્ટ વિનાનું જીવન લૂખું-સૂકું અને નીરસ લાગે. કષ્ટ આવે ત્યારે જ આંતરબળ વધે. કષ્ટ આવે અને હિંમત હારી જઈએ તો જીવનભરની સાધનામાંથી મેળવેલું બધુંય બળ એક ક્ષણમાં ઓસરી જવાનું.

અલબત્ત આપત્તિ એક અસહ્ય બાબત છે; સંપત્તિ-સુખની પ્રાપ્તિ-એ જ સ્વીકાર્ય તત્ત્વ છે, પરંતુ આ વસ્તુસ્થિતિ સંસારી જીવને માટે ભલે સંભવે, પરંતુ મુનિ માટે તો એથી તદ્દન ઉલટું જ છે. મુનિના ભાવપ્રાણ આપત્તિમાં જ સુખેથી શ્વાસોચ્છ્વાસ લેતા હોય તો એ મુનિવર અમર બની રહે છે. સંપત્તિમાં તો એ પ્રાણ પડું પડું અને મરું મરું થઈ રહ્યા હોય. સંપત્તિથી એ સદૈવ ભાગતા ફરતા હોય. મુનિનું કર્તવ્ય ચિત્તસમાધિને પ્રાપ્ત કરીને જાળવી રાખવાનું છે. આ કર્તવ્યને અદા કર્યા વિના કરાતી સઘળી પ્રવૃત્તિ શૂન્યમાં પરિણમવાની છે. લાખ લાખ કાળોતરા સાપ વસતીમાં ભમે, ફરતા રહે, પણ ચિત્તમાં અસમાધિનું તણખલું પણ ન હોવું જોઈએ. તીક્ષ્ણ ભાલાના હજાર હજાર ઘાથી શરીર ચાલણી જેવું થઈ જાય તો પણ ચિત્તમાં રાગ કે દ્વેષનો એક કણિયો પણ આવીને ન પડે.

ગમે તેવાં સંકટો આવે કે ગમે તેટલી સુખસામગ્રી આવે પણ ચિત્તને સમાધિસ્થ રાખવું એવો અફર નિર્ણય આપણે કરી લેવો જોઈએ. જીવનને

જીવી જાણવું હોય, મેળવેલા જ્ઞાનને પરિણમાવી જાણવું હોય, ગુરુદેવની ઉપાસનાને સફળ બનાવવી હોય તો આ એક જ મંત્રસૂત્ર ગળે બાંધી લેવું જોઈએ. **સંકટમાં કે સુખમાં ચિત્તસમાધિ ખોવી નહિ.** બીજી બે બાબત ઓછી થશે તો ચલાવી લેવાશે પણ અસમાધિનું અક્ષન્તવ્ય પાપ કદાપિ નહિ ચલાવાય.

મુનિના જીવન ઉપર, મુનિની સાધના ઉપર, મુનિનાં વચન ઉપર હજારો-લાખો જીવોના સમ્યક્ત્વો, દેશવિરતિ કે સર્વવિરતિ ધર્મો વગેરે રહેલા છે. મુનિ ચલાયમાન થાય તો હજારોનાં સમ્યક્ત્વ વમાઈ જાય, સેંકડોના વિરતિસ્તંભ ડગમગી જાય. મુનિની નજીકમાં જ વાસ કરતાં મુનિવૃંદનાં જીવન કાજે પણ મુનિ પોતાના ચિત્તને અસમાધિમાં જવા દઈ શકે નહિ.

પાત્ર પડી ગયું, કપડાને ડાઘ લાગી ગયો, ઊંઘમાં ખલેલ પડી, ગોચરીમાં અનુકૂળ પદાર્થ ન આવ્યો ઈત્યાદિ બાબતોમાં મુનિચિત્ત ચલિત થઈ જાય તો મુનિ અને મુનિનિશ્રિત સાધુ-બેય ડૂબે. અનંતકાળના વિરાટચક્રના ધમધમતા વેગમાં પોતે જ અનંતી ભૂલો કરીને આકરી સજાઓ ક્યાં નથી ભોગવી ? કરોડો અપરાધો કરીને કેટલાય નિર્દોષ જીવોના પ્રાણ રેંસી નાંખવા સુધીનાં કાળાં પાપ ક્યાં નથી કર્યાં ? પુણ્ય રૂઠ્યાં ત્યારે સુખની આકણ્ઠ ઈચ્છાઓ પણ કેટલી કરુણ રીતે નિષ્ફળ ગઈ છે ? ધાર્યું કરવાની એક માત્ર ભાવના અનંત ભવોથી ચાલી આવવા છતાં કેટલા ભવમાં કેટલી વાર પૂર્ણ થઈ છે ?

કાળના અનંત પટ ઉપર થઈ ચૂકેલી, ભજવાઈ ગયેલી, અપમાનિત થયેલી, ભુલભુલામણીમાં છેદાઈ ભેદાઈ ગયેલી આત્મદશાનું ભાન કરવું જરૂરી છે. આ આત્મદશાની સામે શિષ્યે ઊંઘમાં ખલેલ પાડી એ તો તદ્દન નાચીજ બાબત છે, ભિક્ષામાં પ્રતિકૂળ વસ્તુ આવી એ બાબતની કોઈ કિંમત નથી. પાત્ર ફોડી નાંખ્યું એ બાબત પણ ભવોના ભવો સુધી કરમ ફૂટ્યા આત્માને તદ્દન તુચ્છ છે.

લાખો ભૂલો સ્વયં કર્યા પછી કોઈની એકાદ પણ ભૂલને માફ ન કરવાનો અધિકાર આપણને હોઈ શકે જ નહિ. સ્વયં કુપથ્ય કરીને રોગિષ્ઠ રહ્યા પછી બીજાના રોગ સામે દાંતિયા કરવા માટેનો હક આપણી પાસે રહેલો જ નથી. આપણા ઘરમાં ધૂળ હોય ત્યાં સુધી તો બીજાના ઘરની ધૂળને આપણે

નિંદી શકીએ નહિ. ઘરની આગ પહેલી બુઝાવીએ પછી પરની આગ માટે કોઈ પણ અભિપ્રાય આપીએ તો હજી વાજબી ગણાય.

મુનિજીવન સફળ બનાવી જાણવું હોય, મળેલા માનવજીવનના પથ્થરમાંથી બેનમૂન કલાકૃતિનું સર્જન કરી જવું હોય, ભવોભવનું ભાથું બાંધી લેવું હોય તો આવી વિચારસરણીઓ અપનાવીને ચિત્તને અસમાધિમાં લાવી મૂકનારા ગમે તેવા સંજોગોમાં પણ સમાધિસ્થ રહેવાનો અભ્યાસ સિદ્ધ કરી લેવો પડશે. જેમ કષ્ટ આવે, કષ્ટ વધે, કષ્ટની આગ ભડકે બળે તેમ મુખ ઉપર પ્રસન્નતાની સુરખી(રેખા) વધતી રહે એ જ આપણી શ્રેષ્ઠ સિદ્ધિ છે.

આપણું અતિ મહત્ત્વનું કાર્ય કોઈ ચૂંથી નાખે, ભરસભામાં આપણે અપમાનિત થઈએ, આપણો શિષ્ય જ આપણી તર્જના હીલના કરે; છતાં પણ એક હરફ પણ ઉચ્ચાર્યા વિના મોં ઉપર જરા પણ અશુભભાવ લાવ્યા વિના સમાધિગંગામાં ચિત્તને ઝબોળ ઝબોળ કરતાં રહીએ એ જ આપણું કર્તવ્ય.

એડિસન પાસે ટેબલ ઉપર અત્યંત અગત્યના કાગળો હતા; જેની ઉપર એ વૈજ્ઞાનિક સિદ્ધિઓ પ્રાપ્ત કરવાના હતા. ડાયમંડ નામના વહાલા કૂતરાએ દોડતા આવીને ટેબલને ધક્કો માર્યો. બધાય કાગળો બાજુમાં પડેલા દીવામાં બળીને ખાખ થઈ ગયા. છતાં... જરા પણ ઉશ્કેરાટ વિના એ વૈજ્ઞાનિક બોલ્યો, **"ડાયમંડ... ડાયમંડ તને ક્યાંથી ખબર હોય કે આ કાગળો કેટલા મહત્ત્વના હતા !"** છે આપણી પાસે આ તાકાત ? એના સ્થાને આજે દસ-દસ વર્ષનાં વહાણાં વાઈ ગયાં તોય તુચ્છતા-ક્ષુદ્રતા-ક્રોધાંધતા-સ્વાર્થાન્ધતા વગેરે પાંગર્યાં છે. એશઆરામને સ્થાન આપીને જીવનને ખતરામાં મૂક્યું છે.

ચિત્તસમાધિ માટે કદાપિ કશોય યત્ન કર્યો નથી. અસ્તુ. ગઈ ગુજરી ભૂલી જઈએ. હવેથી નવા જીવનમાં નવી વાત ઉમેરીએ. વિહિતકર્મ કરતાં જ રહીએ; ત્યાં પણ પરિણામની આશા ન રાખીએ, સોદામાં ન ઊતરીએ. નિરાશંસભાવે જ કર્મ કરીએ. વિઘ્નો આવે તો હસતે મોંએ વધાવી લઈએ. પુણ્યપાપના ઉદયે આકરી થપ્પડો લાગે તો તે સહવા માટે સાવધાન રહીએ અને સ્વાધ્યાયમાં, ગુરુસેવામાં સદૈવ સાવધ રહીએ.

આ જ આપણું જીવન બની રહે તો આત્મામાં પ્રચંડ તાકાત ઉત્પન્ન થઈ જાય, જેના બળથી વિશ્વના દોષોને નાથી શકીએ. ગુણોના છોડને ખીલવી જાણીએ.

•

# ૫ આપ તરે, બીજાને તારે

ગૃહસ્થ એટલે મરતો અને મારતો હેવાન. સાધુ એટલે જીવતો અને જીવાડતો ઈન્સાન. વિષયવાસનાઓ બેફામ રીતે વધી ગઈ છે કેમકે એ વાસનાનાં ઉત્તેજક સાધનો વધી ગયાં છે. વાસનાઓના જ બનેલા આ વાતાવરણમાં રાત ને દિવસ રહેતો ગૃહસ્થ વાસનાનો ભોગ બની જ જાય. માટે જ કહ્યું કે એ બિચારો દયાપાત્ર જીવ મરતો રહે.

પણ આ વાસના એને બાઝી પડેલી ચીજ નથી. એણે જ એના ભોગ બનવું પસંદ કર્યું છે. નીતરતા સ્વાર્થભાવે જ એની વાસનાઓને વધારી મૂકી છે. સ્વાર્થ પૂરા કરવા આ જીવાત્માને અસંખ્ય જીવોનો કચ્ચરઘાણ બોલાવવો પડે છે. સ્વાર્થને સાધવા પરાર્થ સામે એની નજર પહોંચી શકતી નથી. પોતાનું જ્યાં મમત્વ સ્થિર થયું છે ત્યાં જ તેનું સુખ છે. તેટલાને જ ઉગારવા તે તૈયાર છે પણ તેમની ખાતર આખાય વિશ્વને મારવા પણ તે તૈયાર જ છે. એના સુખના સર્જક સ્વાર્થી સ્વજનોની બહારનાં બધાંય પરજન છે. એ મરે કે જીવે એની સાથે એને કશી નિસબત નથી. એને તો, એમને મારીને પણ જાતનું સુખ જીવાડવાનું છે. સ્વજન પણ વાંકો જાય તો એય એની આંખે ચડી જાય. પછી એના જીવનની પણ એ દયા ન ખાય.

આવો ગૃહસ્થ ધર્મ સાધના કરે તો ય તે શી રીતે સફળ થાય ? જેનામાં જીવાત્મા સાથે પણ પ્રેમ નથી તેનામાં પરમાત્મા પ્રતિ ભાવ તો શી રીતે જાગે ? ભલે એ બે-પાંચ સામાયિક, પ્રતિક્રમણ કરી લેતો હોય. પરંતુ અંદર બેઠેલો પેલો ભયંકર ભાવ આ ક્રિયામાં લેશમાત્ર પણ ભલીવાર ન જ આવવા દે. પેટના બગાડની સાફસૂફી વિના શરીર ઉપર ગમે તેટલાં આભરણો પહેરાવો પણ જીવને એમાં આનંદ ન જ થાય; કેમકે અંદર જંપ નથી. લાખો મનુષ્યો આ ભયંકર ભાવભોરિંગથી ડસાઈને ડચકાં લઈ રહ્યા છે.

વિજ્ઞાને વિકૃતિઓ બેફામ વધારી મૂકી છે. એને લીધે વિશ્વના સઘળાય વ્યવહારો ખોરવાઈ ગયા છે. લોકોનાં માનસમાં બેહદ અવ્યવસ્થા ઊભી થઈ છે. હવે તો એક જ વાત કે ઊંધું ઘાલીને, ધર્મ કે અધર્મને જોયા વિના જ લૂંટ ચલાવવી, ગમે તે ખાઈ લેવું, ભોગવી લેવું અને હાથ આવે તે લઈને ઘર ભેગા થઈ જવું. જીવને જીવનો વિચાર કરવાનો સમય પણ મળતો નથી.

આમ થતાં એનું મન ઉદરપૂર્તિમાં જ કેન્દ્રિત થઈને રહે છે. પછી એ ઉદરપૂર્તિ નીતિથી કે અનીતિથી થાય છે, ન્યાયથી કે અન્યાયથી થાય છે એવું કશુંય વિવેચન કરવા એ જરાય તૈયાર નથી.

સ્વાર્થવૃત્તિને ગૌણ ન બનાવે ત્યાં સુધી આ સઘળી દોટમાં ક્યાંય બ્રેક મારી શકવાનું શક્ય નથી. 'તારા જેવા જ દુઃખાર્ત જીવો આ જ જગતમાં છે. એમનેય તારી જેમ જ સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે. એમનાં જીવનના ભોગે તું ક્યાં તગડો થવા જાય ? અરે ! એમની હાયમાં તો તું જ આ ધરતી ઉપરથી વહેલો વિદાય થઈ જઈશ.' 'સહુ દુઃખી છે. તો દુઃખના ભાગીદાર બની જઈને દુઃખ હળવું કરો અને એમાં જ તમારું સુખ માનો.' આ વાત જગતમાં ઘેર ઘેર પહોંચતી કરવી પડશે. મરતા અને મારતા ગૃહસ્થને આ તત્ત્વજ્ઞાન આપીને જ શાન્તિ આપી શકાય. પણ આવો શાન્તિનો દૂત કોણ બને ? જે જીવતો હોય અને જાતે જીવાડતો હોય, વાસનાઓનો જે શિકાર ન બન્યો હોય અને પોતાના આધ્યાત્મિક સત્ત્વને જેણે સુરક્ષિત રાખીને ખૂબ પુષ્ટ બનાવ્યું હોય અને તેની સાથે વિશ્વના દુઃખાર્ત જીવોથી પોતે દુઃખીજન થઈ જતો હોય; પોતાના સુખને જેણે નહિવત્ ગણી નાંખ્યું હોય; પોતાની જરૂરિયાતો પૂરી પાડતાં એક પણ જીવનો ભોગ જે ન લેતો હોય; એવો જ કોઈ મહાત્મા શાન્તિનો દૂત, પેલા સંદેશનો વાહક બની શકે અને ઘેર ઘેર ફરીને આ સંદેશ પહોંચાડી શકે.

વાતોથી માત્ર નહિ ચાલે. એ વાતોને જીવનના વર્તનમાં ઉતારી દેવી પડશે. એક લાખ વચન અને એક જ વર્તન. બેય તુલ્યબળવાળાં છે. શાંતિના દૂતથી વિકાર વાસનાનો ભોગ ન બનાય. તેનાથી સુરક્ષિત રહેવા માટે પણ શાસ્ત્રીય પ્રક્રિયાના અનુસારે જ તેણે એ કામ કરવું જોઈએ. સ્વચ્છંદ મતિકલ્પના ત્યાં ન ચાલી શકે. નિર્વિકારસ્વરૂપ દેવાધિદેવને હૃદયમંદિરમાં સ્થાપી દેવા જોઈએ. એ પરમાત્માની આણ શિરસાવંદ્ય કરવી જોઈએ. એ દીનદયાળના નામનો જપ અહર્નિશ કરવો જોઈએ; જે એનાં સઘળાં પાપને બાળીને ભસ્મ કરી નાંખે.

આ બધું કરતાં એને આપોઆપ જીવમાત્રને અભયદાન દેવું જ પડે, પણ એવું અભયવચન દઈને બેસી ન રહેવાય. જીવમાત્રની યાતનાઓને

ખતમ કરવા, અવળી મતિઓને ઠેકાણે લાવવા એનું મન ઉત્સુક થવું જોઈએ. જીવોના ઉન્માર્ગપ્રયાણ જોઈને એણે દોડવું જ જોઈએ.

કેમ ?

કેમ શું ? સારુંય જીવ-જગત એનું મિત્ર છે. એમના શુભચિંતનથી તો આ જીવ ઊંચે આવ્યો છે, માટે ઋણી પણ છે. એમના જ અનુભવોને જોઈને આ જીવ નક્કર જ્ઞાન મેળવી શક્યો છે, માટે ગુરુસ્થાને પણ છે. પછી એ દુઃખાર્ત જીવોને જોઈને કારૂણ્ય કેમ ન જાગે ? એમને બચાવવા એ કેમ દોડી ન જાય ? કુશળ તરવૈયો એકને પણ પોતાની આંખ સામે કેમ ડૂબવા દે ?

મુનિ તો એને કહેવાય જે જીવતો હોય અને જીવાડતો હોય. મરતા અને મારતા જગતને જોઈને જેનું દિલ કકળી ઊઠતું હોય, જેના પગ તેને બચાવવા દોડી જતા હોય, જેમને જીવન આપ્યા પછી જેની આંખો હર્ષથી નાચી ઊઠતી હોય. એકની પણ ઉપેક્ષા કરવા એનું મન લાચાર હોય.

●

# ૬ અપ્રમત્તભાવ

પ્રવ્રજ્યા અપ્રમત્તતારૂપ છે. જે કાંઈ પ્રમાદમાર્ગે જવું પડે તે પણ અપ્રમત્તભાવના વર્ધનની દૃષ્ટિએ જ હોઈને વસ્તુતઃ પ્રમાદ પણ અપ્રમાદરૂપ બને છે. લાંબો પંથ કાપવા રસ્તે વિશ્રાન્તિ લેવી પડે તે વસ્તુતઃ વિશ્રાન્તિ નથી.

નિશ્ચયની સાધનાના એક માત્ર લક્ષવાળા સાધુના જીવનનો વ્યવહાર વિશુદ્ધતમ વ્યવહાર બની રહે છે. નિશ્ચયનું લક્ષ મોળું પડે ત્યાં વ્યવહાર પણ જીવનમાં ભંગાર જેવો બની જાય છે. વર્તમાનકાળના સાધુ જીવનમાં નિશ્ચયના લક્ષવિહોણો વ્યવહાર ક્યાંય વધુ દેખાય છે. હવે તો આ ભંગારનેય કાટ ચડવા લાગ્યો છે. કોણ એનો ઉદ્ધાર કરશે એ જ જોવાનું રહે છે.

**આજના સાધુજીવનની સૌથી મોટી સ્ખલના હોય તો તે શરીર તરફની વધુ પડતી સુખશીલતા છે.** સુખશીલતાને સંપૂર્ણ રીતે જેર કરવાના એક માત્ર શુભધ્યેયથી સાધુ થનાર પણ કેટલુંક વિચિત્રજ્ઞાન મેળવીને ક્યાંક અટવાઈ જાય છે, ક્યારેક રોગ થાય છે કે માંદો પડે છે તે વખતે તેને ઝટ દવાના આશ્રય નીચે મૂકી દેવામાં આવે છે. એક દવા આવી એટલે બધું કામ થઈ ગયું. એની પાછળ અનુપાનોની જમાત ખડી થઈ જાય. આધાકર્માદિ દોષોનું સેવન પણ થઈ જાય. સ્થિરવાસ પણ થાય. ડૉક્ટરોને બોલાવવા મોટરોની દોડાદોડી થાય. દવામાંય આયુર્વેદથી ન પત્યું તો એલોપથીમાંય જવાય.

**બધાય અપવાદના સેવનની પાછળ હેતુ એક જ છે; ભવિષ્યમાં આરાધના કરવાનો.** અલબત્ત, ભાવશુદ્ધિ રહે તો જ અપવાદ એ પણ શાસ્ત્રસંમત માર્ગ બને જ. પરંતુ 'જયણા' ધર્મ વિનાનો આ અપવાદમાર્ગ એ શાસ્ત્રસંમત બની શકે ખરો ? પરિણતિના વિચાર વિનાનો રોગનાશનો ઉપાય અહિંસાધર્મનો વર્ધક બની શકે ખરો ? માત્ર લોહી વગેરે તપાસવામાં અસંખ્ય જીવોનો ઘાણ બોલાઈ જાય, ડૉક્ટરોને મારતી મોટરે બોલાવવામાં અગણિત ત્રસ જીવોનું પણ બલિદાન લેવાઈ જાય. તાર-ટપાલોની તો સીમા જ ન હોય.

**જ્યાં જયણા નથી, પરિણતિનું જતન નથી ત્યાં અપવાદમાર્ગ પણ નથી. જયણા એ સ્વયં શુભપરિણામરૂપ છે. અપવાદમાર્ગના ચેક ઉપર જયણાની**

સહી હોય તો જ તે તીર્થંકરદેવ સ્થાપિત સનાતનશાસન બેંકમાં મંજૂર થાય છે. રોગી થયેલા સાધુને તો કશી ખબર ન હોય. એમાંય વળી દીક્ષા આપવાના આ કાળમાં ઊંચી પરિણતી તો જોવાય માંડ મળે. છેવટે અપવાદમાર્ગ ઉન્માર્ગ બને. અયતનાનો પરિણામ પુષ્ટ બને. કદાચ દ્રવ્યરોગ જાય. રે ! વસ્તુતઃ તો તે પણ ગયો ન જ હોય. આજના જલદ ઔષધો, અમર્યાદિત અનુપાનો રોગને દબાવે છે. વધુ જોરથી ઉદ્રેકમાં લાવવાની તૈયારી મૂકી જાય છે અને ભાવરોગ તો ત્યાં ને ત્યાં જ તગડો થઈ જાય છે.

નિશ્ચયની શુદ્ધિ મરવા માંડી. ત્યાં સાધુજીવન જ ક્યાં રહે ? અસ્તુ. રોગીનું શરીર એક વાર પણ દવાનું ઘર બન્યું એટલે અનેક ઉપશાન્ત રોગોનું પણ આશ્રયસ્થાન બની જ ગયું. રોગોથી દવા લેવી પડે અને દવાથી નવા રોગો ઊભા થતા જાય. આ વિષચક્રનો અંત ક્યાં આવે ? હવે અંતરની વિચારણા નિષ્પ્રાણ બને. શરીરની આળપંપાળ જીવન બને. એ ભાવમાં સ્વાર્થ સિવાય કશું ય ન મળે. પરનાં દુઃખોને વિચારવા માટે એને એક મિનિટની ય ફુરસદ ન મળે. જેમ જેમ રોગ અને દવાનું ઘર શરીર બને તેમ બુદ્ધિ ઉપર જડતાનું આવરણ ગાઢ બનતું જાય.

કાયાની વિચારણામાં ગળાડૂબ રહેનારનું બધુંય ચિંતન સ્વદેહને લગતું જ બની જાય. વિરાટ વિશ્વના ચિંતનને માટે મળેલી પ્રજ્ઞા હવે સાડાત્રણ હાથની કાયામાં જ અટવાઈ જાય. બુદ્ધિ સ્વચ્છ ન બની તેનું જીવન બરબાદ ગયું. એ ન રહી શકે સાધુતામાં અને ન રહી શકે ગૃહસ્થતામાં. કાયાની સુખાકારી માટે દ્રવ્યઔષધનો આશ્રય લેનારને જો ભાવીની શુભ આરાધના એ જ હેતુ હોય તો તેને પૂછવું જોઈએ કે આ રોગોને દ્રવ્યઔષધ વિનષ્ટ કરી નાંખશે કે બહુ બહુ તો ઉપશાન્ત જ કરી દેશે ? જો ઉપશાન્ત જ કરે તો ભાવીમાં તેના ઉદ્રેકનો ભય તો ઊભો જ રહ્યો ને ? અને આ ભય સામે રહેશે તો તું ભાવીમાં કોઈ પણ ભવ્યારાધન કરવા કઠોર બની શકીશ ?

અને જો દ્રવ્યઔષધ પણ શરીરમાં જઈને આત્મા ઉપર લાગેલા કર્મને ઉપશાન્ત કરવા સમર્થ છે તો પછી ભાવઔષધના સામર્થ્યનો તેં વિચાર કર્યો ? તે તો આત્મામાં જ ઊતરી જવાનું, અને આત્મામાં જ પેલાં કર્મો છે. કેવું નિકટ સમાનાધિકરણ થયું ? કર્મો ઉપર સીધો જ ભાવઔષધનો ફટકો પડે તો રોગો ઉપશાન્ત થાય કે નષ્ટવિનષ્ટ જ થઈ જાય ! જીવનમાં કદીયે

એ દર્દ ઊભું ન થાય. અને કદાચ જાગે તો તોય હવે આત્માના પ્રશમસુખને તો કાંઈ જ ન કરી શકે. **ચિત્તની સમાધિ એ જ તો સાધુજીવનની ખુમારી છે. એ જળવાતી હોય અને આખી દુનિયા ડૂબી જતી હોય તોય તેનેય પાછી ઊંચે લાવવાની તાકાત ડૂબતી નથી.**

આ વિચારને પ્રધાન કરીને રોગોના નિવારણ માટે આપણે ભાવઔષધના સેવન તરફ જ કદમ બઢાવવો જોઈએ. દ્રવ્યઔષધો કાયાને વધુ રોગી બનાવી દઈને એની આળપંપાળમાં મનને પણ ઘસડી જઈને આત્માનું કારમું પતન કરનારા છે. વસ્તુતઃ તો પોતાની પીડાઓના નિવારણ માટે તો પરની પીડાના જ નિવારણ માટે યત્ન કરવો જોઈએ. ઉપદેશરહસ્ય ગ્રન્થના અંતમાં આ વાત સ્પષ્ટ જણાવી છે. परपीडापरिहारस्यैव स्वपीडापरिहारफलकत्वात् ।

પરદુઃખભંજનને કદી સ્વદુઃખ જોવા ન મળે. પણ આપણી એકલપેટાવૃત્તિએ આપણને આ દ્રાવિડ પ્રાણાયામ જેવું લગાડી દીધું છે. આપણે કોઈને પીડા ન કરવી એ જ આપણું કર્તવ્ય. અરે ! આવું તે હોય ! સમસ્ત વિશ્વને અભયદાન આપનારો વિશ્વથી દૂર ભાગે એટલે અભયદાન દઈ દે છે ? કે વિશ્વને નિર્ભય બનાવે ત્યારે અભયદાન દે છે ? વાસનાઓથી પીડાતા ભયભીત બનેલા વિશ્વને અભયનું વચન આપવું, એને નિર્ભય બનાવવા ઉદ્યત બનવું તે જ અભયદાન છે ને ?

હા, બીજો આપણું હિત ન કરે તો કાંઈ નહિ, પણ આપણું અહિત ન જ કરે એ અપેક્ષા જરૂર રાખી શકીએ. પણ આપણેય તેનું અહિત ન કરી શકીએ તેવી ભાવના કેમ ન રાખા શકીએ ? જેને અમલમાં અહિત પ્રવૃત્તિ નથી તે નિગોદીઆ જીવો હજુ કેમ ઊંચે આવ્યા નથી ? જીવનના ઉદાત્ત ભાવોને વરેલા આપણે તો જગતને એ ઉદાત્ત ભાવોની લહાણ કરવાની. અંતરમાં જ્યારે દુઃખનાશક વિશુદ્ધ પ્રક્રિયાઓ પરિણામ પામી જાય છે પછી તો સહુને એ આપી દેવા હૈયું ઝાલ્યું રહી શકતું નથી. કોઈ સાંભળવા ન માગે તોયે બૂમો પાડીને કહેવાનું મન થઈ જાય કે, **'ઓ મિત્રો. તમે સુખના ખોટા માર્ગે ચાલ્યા જાઓ છો. ત્યાં તો દુઃખોની ભયંકર ખાણો છે. અને અજ્ઞાનનો ગાઢ અંધકાર છે. એ...ના જશો. ના જશો.'** આટલું કહીને બેસી પણ ન રહેવાય. વળી યાદ આવે એમના જીવનના ભયંકર રકાસની. અને

એ દોડે, એમનું બાવડું ઝાલે, એમને કરગરીને વીનવે અને કહે, 'તમે પાછા ચાલો. આમ જાઓ.'

આ ભાવ આપણામાં ન હોય ? પ્રભુના શાસનને પામેલો આ ભાવ ન પામે તો તેણે પ્રભુના શાસનનું ઐદમ્પર્ય મેળવ્યું જ નથી એમ ન કહેવાય ? જેના જીવનમાં પરપીડા પરિહારનો આ ભાવ હિલોળે ચડ્યો છે એને પોતાને કશીય પીડા હોતી જ નથી, હોય તો એકજ પીડા છે દુઃખાર્ત જગતને ન જોઈ શકવાની; એ જગતનો ઉદ્ધાર કરી દેવા માટે જરૂરી સામર્થ્ય અને પુણ્યના અભાવની. બાકી તો એ તદ્દન નીરોગી જ હોય. રોગ આવે તોય એ નીરોગી હોય. કેમકે એના ચિત્તમાં રોગ આવી ન શકવાથી એ રોગની પીડા અનુભવતો નથી.

આટલું લંબાણ વિવેચન કરવાની જરૂર એટલા માટે છે કે આપણે આપણા આરોગ્યનાં સાચાં સૂત્રો ખ્યાલમાં લઈ લઈએ. જો આ ચિંતન જીવનમાં થતું રહે તો જરાતરામાં દવાના બાટલા કે વૈદ્યનાં પડીકાં તરફ નજર ન દોડાવીએ. આમ થવાથી બે લાભ થાય - આપણું જીવન અશુદ્ધ દ્રવ્યોના સેવનથી કંગાળ થતું અટકે અને તેથી સર્વજીવોના દુઃખપીડનનો ભાવ (અનુભવ) જાજવલ્યમાન બને.

એકવાર જો આ માર્ગે ચાલવા કમર કસી તો એનાથી થયેલા લાભને જાણ્યા પછી આપણે કદી પણ રોગી નહિ થઈએ. રોગી થશું તોય દવાઓના પનારે નહિ પડીએ. મને તો થોડા સમયના અનુભવથી સમજાયું છે કે મેં મારા જીવનમાં રોગ અને દવાના વિષચક્રને ચલાવીને બધું ય સત્ત્વનું નીર રોળી નાંખ્યું છે. બુદ્ધિ એકદમ જડ થઈ ગઈ. ના, કરી નાંખી. સાત્ત્વિકતા મરી પરવારી-ના, મારી નાંખી.

આમ થવાથી શાસ્ત્રો વાંચ્યાં પણ અર્થ ન ખૂલ્યા. કદાચ અર્થ ખૂલ્યા તોય ઐદમ્પપર્યાર્થ તો હાથ ન જ આવ્યા. હંમેશા નિરાશાનો થર મન ઉપર જામેલો જ રહે. વાતાવરણ અપ્રસન્ન લાગે. ધીરે ધીરે તો સ્વાધ્યાયથી પણ લાચાર થયો. શરીરે પોતાની પ્રતિકારશક્તિ ગુમાવી.

સાધુજીવનની સાધના ગઈ અને શરીરની માવજતનું જીવન થઈ ગયું. ન મળે આત્મચિંતા. હવે આ સ્થિતિમાં વિશ્વપ્રેમની ભાવના કઈ બુદ્ધિએ કરવાની ? વધુ પડતા પ્રમાદથી ઉત્પન્ન થયેલી તામસવૃત્તિ કદાચ કરશે તો

ક્લેશ, કંકાસ અને ભાંગફોડ અને પછી ભંગાર જ કરશે. ક્યાંય સારું સર્જન તો નહિ કરે, પણ નવાં સર્જનોનાંય વિસર્જન કરશે. માતેલા સાંઢની જેમ આ બુદ્ધિ બધાની જોડે ટકરાશે. કેટલાયને મારશે.

હૈયામાં જ્યારે વિશુદ્ધભાવનું સરવરિયું છલકાય છે ત્યારે તેની શીતળ લહરીઓથી, ઉપર રહેલી બુદ્ધિની તામસભાવની ગરમીઓ શાન્ત થાય છે. બુદ્ધિ નિર્મળ પણ થાય છે અને પછી તો આંખ, પગ, જીભ અને હાથ પોતપોતાનાં કામ કરવા તલપાપડ થઈ જાય છે. જ્યાં સુધી હૈયામાં અપ્રમત્તભાવ જામતો નથી ત્યાં સુધી બુદ્ધિ વગેરે પણ શાન્ત બેસી રહેતા નથી. જગતના જીવોનું સાક્ષાત્ અહિત કરીને પોતાની જાતનું પણ અહિત કરવાનું એ છોડતાં નથી. પ્રજ્ઞા અતિ સૂક્ષ્મ બનશે તો જ આ વિચાર ઝીલાશે. સૂક્ષ્મ વિચારને ઝીલવા પ્રજ્ઞાએ પણ સૂક્ષ્મ બનવું પડશે.

આ ઉપરથી સમજાશે કે મુનિને અપ્રમત્તભાવની સાધના બતાવી છે એ બરોબર જ છે. ભલે બીજા સાધના યોગો ઉપર ભારે દબાણ ન કર્યું. કેમકે અપ્રમત્તભાવ સધાતાં આપોઆપ મૈત્ર્યાદિ ભાવોની સાધના સક્રિય બની જ જાય છે.

એન્જિન તો એક જ ડબ્બાને જોડવાનું હોય, બધાયને નહિ. એક ડબ્બાને ઉત્તરોત્તર જોડાયેલા બધાય ડબ્બા તો પછી આપોઆપ ખેંચાઈ જ આવવાના છે ને ?

•

# ૭ મુનિ અને પરાર્થકરણ

ગત પત્રમાં આપણે એ વાત વિચારી ગયા કે મુનિજીવનનું સક્રિય કોઈ લક્ષ હોય તો તે સ્વદોષ વિનાશનું જ છે. એની સમગ્રતા દોષવિનાશના જીવનમાં એકરસ થઈ ગયેલી હોય. અહીં એવી જિજ્ઞાસા થઈ શકે છે કે 'તો પછી મુનિને પરાર્થ કરવાનો જ નથી ? સામાન્યતઃ તો મુનિ પરાર્થરસિક જ ન હોય ? સ્વદોષવિનાશ એ તો માત્ર સ્વાર્થની જ આરાધના થઈને ?' આ જિજ્ઞાસાને આ પત્રમાં સંતોષવા હું યત્ન કરીશ.

મારી વિનમ્ર સમજ તો એવી છે કે મુનિની પ્રવૃત્તિમાં તો સામાન્યતઃ નક્કર સ્વહિતકરણ જ હોય અને વૃત્તિમાં પરહિતકરણ રમતું હોય, એટલે કે ભલે તે સક્રિય રીતે પરાર્થકારી ન હોય પરંતુ જ્યારે જ્યારે તે અંગે ચિંતન કરતો હોય ત્યારે તેના ચિંતનમાં એ વૃત્તિ તો કદાપિ ન હોય કે, "મારે અને પરને શું સંબંધ ? પરનું થવું હોય તે થાય. હું તો મારું જ કરીશ. મારું જ હિત ઈચ્છીશ." આવી તેની વૃત્તિ ન હોય, તેના ઉદ્‌ગારો પણ આવા ન હોય, બલ્કે જ્યારે જ્યારે પણ એ આત્મા વિશ્વના જીવોની કર્મપરાધીનતાએ સર્જેલી કરુણતાનો વિચાર કરે ત્યારે તેને એમ પણ થાય કે, "આ પરાધીનતામાંથી મુક્ત થવા માટેનો તંદુરસ્ત માર્ગ પ્રાપ્ય હોવા છતાં આ જીવો કેવી કરુણતા અનુભવી રહ્યા છે ? મારું ચાલે તો એમને બધાયને આ સર્વ શ્રેયસ્કર માર્ગ પમાડી દઉં. બધાયને સંસારના બંધનથી મુક્ત કરી દઉં."

વિશ્વમાં પણ સારા માણસોનાં માનસિક વલણ આવાં જ જોવા મળશે. કોઈ સજ્જન માંદો પડે, ઘણી માંદગી ભોગવ્યા પછી કોઈ રામબાણ ઔષધ મળી જાય અને તે નીરોગી બને તો અવશ્યમેવ વિચારશે. "મારા જેવા બધાય દર્દીઓને આ ઔષધિ મળી જાય તો કેવું સુંદર ? બધાય રોગમુક્ત થઈ જાય !" એટલું જ નહિ પણ જ્યારે એને મોકો મળે, એવો જ કોઈ દર્દી ભેટી જાય ત્યારે તરત જ એ ઔષધિની ભલામણ કરે જ. બને તો લાવીને પણ આપે.

સદૈવ સંતપ્ત, સદૈવ દુઃખિત,સદાનું દીનહીન વિશ્વ જોઈને વિશિષ્ટ ક્ષયોપશમશાલી મુનિનું અંતર કકળી ઊઠે, આંખો રડી જાય, એનું હૃદય બોલી

ઊઠે, "મને મળેલાં સુખની સરિતાનાં નીરની આખીય સરિતા વહી જાય છે છતાંય આ જીવો દુઃખથી મુક્ત થતા નથી !"

વિશિષ્ટ ક્ષયોપશમ વગેરેનું બળ હોય તો આથી પણ વિશિષ્ટ ચિંતા સર્વજીવોની કરે. એમને દુઃખમુક્ત-પાપમુક્ત કરવાના સંકલ્પ પણ કરે એય બને. એવો વિશિષ્ટ ક્ષયોપશમ ન હોય તો આવું ચિંતન ન કરે એ બને પરંતુ, 'મારે શી પડી છે ?' ઈત્યાદિ વિચારો તો કોઈ પણ મુનિ કદાપિ ન કરે.

એટલે પરાર્થકરણની વૃત્તિ તો જ્યારે ને ત્યારે મુનિના અંતરમાં રમતી જ હોય છતાં એના જીવનમાં સામાન્યતઃ સ્વદોષવિનાશની નક્કર આરાધના જ સર્વત્ર વ્યાપ્ત જોવા મળે.

**વૃત્તિમાં સર્વના સર્વદોષવિનાશની ચિંતા હોવા છતાં પ્રવૃત્તિમાં સ્વદોષવિનાશની આરાધના એ જિનશાસનનું સૂક્ષ્મ રહસ્ય છે.** શ્રીવીતરાગનું શાસન સ્વદોષવિનાશ વિના પરદોષનાશની આરાધનાને અપેક્ષાએ ઉચિત માનતું નથી. જેણે અન્યને દોષમુક્ત કરવા હોય તેણે પોતે તો અવશ્યમેવ દોષમુક્ત બનવું જ જોઈએ. સ્વદોષપ્રચુરતા સાથે પરદોષમુક્તિની વાતો વસ્તુતઃ વિરાધના છે. વસ્તુતઃ એ પરની પણ તારક બની શકતી નથી.

મુનિઓ આ રહસ્યને પામેલા હોય છે અને અંતરમાં સર્વને દોષમુક્ત કરવાની એમને ભાવના હોય છે, એટલે એ બેયના સંયોગમાંથી સ્વદોષવિનાશની ભવ્ય આરાધનાનો જન્મ થાય છે. જો સ્વદોષવિનાશ વિના પરાર્થકરણ વાસ્તવિક બની જ ન શકતું હોય તો પ્રથમ શું ? સ્વદોષનાશ જ ને ?

પરાર્થકરણ એ જો અપેક્ષાએ સાધ્ય છે તો સ્વદોષનાશ એ સાધન છે. સાધન વિના સાધ્યની સિદ્ધિ શક્ય નથી, એટલું જ નહિ પણ સાધનને સાધ્યતુલ્ય માન્યા વિના સાધ્યને આંબવા જોગી બલવત્તા સાધનામાં પ્રાપ્ત થઈ શકતી નથી. જેટલું પ્રિય સાધ્ય હોય તેટલું જ પ્રિય સાધન બની જવું જોઈએ. સાધ્યપ્રાપ્તિ એ બીજું કાંઈ નથી પણ સાધનાની-અનુપમ આરાધનાની એ દેનમાત્ર છે; એટલે પરાર્થકરણ માટે સ્વદોષનાશની જ આરાધના કરવી રહી.

બીજી વાત એ પણ છે કે અધૂરા આછકલા સ્વદોષનાશ માત્રથી પરાર્થકરણ કરવા ઉદ્યત બની જવું તે વસ્તુતઃ ઉચિત ન ગણાય.

જો કે શાસનપતિ મહાવીરદેવે તો ઘાતીકર્મનો સર્વનાશ કરીને જ સહજ પરાર્થકરણ સિદ્ધ કર્યું હતું. તથાપિ તેમના શ્રમણો પણ તેમ કરી ન શકે,

અન્યથા તીર્થનો જ વિચ્છેદ થઈ જાય કેમકે આ જ ભવમાં સર્વજ્ઞત્વ પ્રાપ્ત થઈ શકે તેમ નથી. એટલે દરેક શ્રમણશ્રમણીએ આજીવન મૌન જ રહેવું પડે.

પરંતુ એ વાત ચોક્કસ છે કે આજે જે રીતે સ્વદોષનાશની આરાધનાની ઉપેક્ષા થાય છે અને જે રીતે દેખાતા પરાર્થકરણની ચેષ્ટા ચેપીરોગની જેમ વ્યાપેલી દેખાય છે તે તો બિલકુલ ઉચિત નથી. આમાં પણ અંતતઃ તીર્થવિચ્છેદનું જ પાપ લાગે છે. એટલે પરાર્થકરણ માટે સુવિહિત ગીતાર્થ ગુરુવર્યોની દૃષ્ટિમાં વર્તમાનકાલાપેક્ષયા ઉચિત એટલું સ્વદોષનાશનું લક્ષ તો અવશ્ય આંબવું જોઈએ.

પ્રણિધાનાદિ પાંચ આશયોમાં પણ સિદ્ધિ પછી વિનિયોગ (પરાર્થકરણ) કહ્યો છે. એ પણ આ જ વાત સૂચવે છે કે પોતાને ગુણની સિદ્ધિ થયા પછી તે ગુણનો વિનિયોગ કરવો જોઈએ.

જેટલો વધુ સ્વદોષનાશ એટલું વધુ નક્કર પરાર્થકરણ. અધૂરા દોષનાશમાં અધૂરું અને અલ્પકાલસ્થાયી પરાર્થકરણ થાય. જ્યાં શ્રમનો પાર નહિ અને ફળ ઘણું જ અલ્પ હોય.

હજારોને દેશના આપો અને બે જ આત્માનાં હૈયાં કૂણાં થાય. એ પણ થોડા કાળ જ ટકી રહે. જ્યારે સ્વદોષનાશની નક્કર સિદ્ધિવાળા મુનિ માત્ર સ્મિત વેરે અને અનેકો પામી જાય. બે શબ્દ બોલે અને હજારો આંખો અશ્રુ વહાવવા લાગે, કેટલાયના અંતરમાં ભૂકંપના આંચકા લાગે. એ કંપનમાં આત્મપ્રદેશોથી અનંત કર્મરાશિ દૂર ફેંકાઈ જાય.

પરાર્થકરણની વૃત્તિવાળા મુનિ આ સઘળી વાતોથી જ્ઞાત હોય એટલે એ અવશ્ય વિચારે કે સ્વદોષનાશની આરાધના તો તૈયાર કરવી જ જોઈશે. તે પણ અધૂરી તો નહિ જ ચાલે. નક્કર આરાધના વિના જબ્બર કે પરિપૂર્ણ પરાર્થકરણ શક્ય નથી.

જેને આટલું સમજાઈ જાય એ મુનિનું અંતર પરાર્થકરણની વૃત્તિથી છલોછલ ઊભરાયેલું હોય અથવા વિરુદ્ધ વૃત્તિથી કદાપિ ખરડાયેલું ન જ હોય. છતાં એની પ્રવૃત્તિ દોષનાશની નક્કર આરાધનાથી જ સદા મઘમઘતી હોય.

દોષનાશ વિનાનું પરાર્થકરણ એ કૃત્રિમ પરાર્થકરણ છે. બહુ આયાસે અલ્પતમ ફળસ્વરૂપ છે જ્યારે સ્વદોષનાશની નક્કર આરાધનાપૂર્વકનું

પરાર્થકરણ એ સહજ પરાર્થકરણ છે અને અલ્પાયાસે અમેય (ઘણાં) ફળની નીપજ કરનારું છે.

જેટલી પ્રબળ સ્વદોષનાશની આરાધના એટલું નક્કર અને સહજ પરાર્થકરણ. જુઓ ભગવાન મહાવીર પરમાત્માએ ઘાતીકર્મના દોષોનો સર્વનાશ કર્યો પણ જ્યાં સુધી અઘાતીકર્મના દોષનો નાશ ન થયો, ત્યાં સુધી તેમના આલંબનથી કેટલા આત્મા ભવનિસ્તારને પામ્યા ? પાંચ-પચાસ હજાર કે પાંચ-પચાસ લાખ જ ને ? તે પણ પ્રાયઃ ભરતક્ષેત્રના જ ને ? તેય બેંતાલીસથી બોત્તેર વર્ષના ત્રીસ વર્ષના જ આયુકાળમાં ને ? પરંતુ જ્યારે એ અઘાતીકર્મદોષનો નાશ થયો અને એ પરમાત્માએ સિદ્ધિપદ મેળવ્યું ત્યારે !

કોઈ પણ ક્ષેત્રનો કોઈ પણ આત્મા કોઈ પણ કાળે જ્યારે જ્યારે એ સિદ્ધ પરમાત્માને નમશે ત્યારે તે તરશે. એટલે સર્વક્ષેત્રના સર્વકાળના અનંતાનંત આત્માઓ સિદ્ધપરમાત્મા સ્વરૂપ મહાવીરદેવના આલંબનથી તરશે.

સર્વકર્મના સર્વનાશે એવું એક સહજસ્વરૂપ પ્રાપ્ત કરી આપ્યું કે હવે અનંતકાળમાં અનંત આત્માઓ, સર્વ ક્ષેત્રથી એમનું આલંબન લઈને મુક્તિપદ પામ્યા જ કરશે.

**શ્રી જિનશાસનમાં સાચું પરાર્થકરણ એને કહેવાય છે કે જે સાહજિકતાથી ભરપૂર હોય અને સ્વભાવસ્વરૂપ હોય,** જ્યાં પદાર્થની ઈચ્છા કરવી પણ ન પડે, છતાંય સ્વરૂપ જ એવું બની ગયું હોય કે એના અવલંબનમાત્રથી અનંતાનંત આત્માઓ સ્વરૂપમાં લીન થતા જ જાય.

સૂર્યનું સ્વરૂપ જ એવું બની ગયું છે જે પ્રકાશ આપવા ઈચ્છા ન કરે તોય સહજ રીતે સર્વત્ર પ્રકાશ પથરાયા કરે. **સિદ્ધપરમાત્મા 'સૂર્યશા' છે.** જિનશાસનનું વાસ્તવિક પરાર્થકરણ સૂર્યના પરાર્થકરણ જેવું છે.

નદી ઈચ્છા નથી કરતી કે પાણી માંગે તેને પાણી આપું. છતાં તે પાણી આપ્યે જ જાય છે કેમકે તેનું સ્વરૂપ જ તેવું છે.

એ જ રીતે શું વૃક્ષ કે શું પર્વત, શું અગ્નિ કે શું પાણી... નિસર્ગનાં બધાંય તત્ત્વો પોતપોતાનાં સ્વરૂપથી જ સહજ પરાર્થકારી બનેલાં છે. મુનિ પણ આવું જ એક નૈસર્ગિક તત્ત્વ છે. ત્યાં કૃત્રિમતા બંધબેસતી આવે જ નહિ.

એવા નિરીહભાવના ભવ્યપરાર્થકરણની સિદ્ધિ માટે તો સ્વદોષનાશસ્વરૂપ સ્વાર્થકરણમાં ઓતપ્રોત બનવું જોઈશે ને ? વસ્તુતઃ એ સ્વાર્થકરણ જ નથી, કિન્તુ પરાર્થકરણ જ છે. છતાં વ્યવહાર ભાષામાં તેને આપણે સ્વાર્થકરણ કહી શકીએ.

ભલે ત્યારે, અનેક બુઝાયેલા દીપકોને જલાવવા છે ? તો આપણો બુઝાયેલો દીપ જલાવી દઈએ. સ્વરૂપમાં લીન બનીએ. પછી આપણા સ્પર્શમાત્રથી લાખો-કરોડો દીપો પ્રજ્વળી ઊઠશે. વિશ્વમાં સર્વત્ર પ્રકાશ પ્રકાશ પથરાઈ જશે.

•

# ૮ અભિગ્રહોની નાકાબંધી

મુનિપણું અનાસક્તિની આરાધનામાં જ હોઈ શકે, ટકી શકે, સફળ બની શકે. મુનિ અનાસક્ત હોવો ઘટે. વૈષયિક પદાર્થોમાં, માનપાનાદિમાં આસક્ત બને તે મુનિ કેમ કહેવાય ? જ્ઞાનસારમાં કહ્યું છે ને કે પુદ્ગલમાં અપ્રવૃત્તિ એ જ મુનિનું મુનિપણું છે.

અહીં પુદ્ગલમાં અપ્રવૃત્તિ એટલે પુદ્ગલના સંગનો સંપૂર્ણ ત્યાગ અભિપ્રેત નથી કેમકે તે શક્ય જ નથી. દેહાદિ પુદ્ગલના ત્યાગમાં જો મુનિપણું હોત તો પ્રવ્રજ્યા લેતાંની સાથે જ અનશન કરી દેવાનું અનિવાર્ય બની જાય. **એટલે શક્ય એવા તમામ પુદ્ગલના સંગનો ત્યાગ અથવા તો પુદ્ગલ ભોગમાં ભવ્ય અનાસક્તિભાવ એ પુદ્ગલમાં અપ્રવૃત્તિ છે.**

આપણે એવા શક્ય ત્યાગનો વિચાર કરીએ તો ઘરબાર, પૈસો, કુટુંબકબીલો વગેરેના શક્ય ત્યાગને સાધી શક્યા એમ દેખાય છે. પણ દેહ અને તેનો ટકાવ કરતા આહાર-પાણીનો ત્યાગ અશક્ય બન્યો હોવાથી બધું મૂકવા છતાં આ બેને ત્યાગી શક્યા નથી. હવે અહીં જ મોટી આફત ઊભી થાય છે. જે દેહાદિ ત્યાગી શકાય એમ નથી તેમાં પણ આસક્ત તો ન જ થઈ શકાય. **જેનો ત્યાગ અશક્ય છે ત્યાં અનાસક્તિ હોવી એ વસ્તુતઃ એનો ત્યાગ જ છે.**

એક દેહનો ત્યાગ અશક્ય બને છે એટલે અન્નપાનનો ત્યાગ અશક્ય બને છે, વસ્ત્રાદિનો ત્યાગ અશક્ય બને છે, વસતિનો ત્યાગ અશક્ય બને છે. એ જ રીતે શાસનની અવિચ્છિન્ન પરંપરા અને પ્રભાવના માટે આવશ્યક શિષ્યો અને વફાદાર ધર્મી ગૃહસ્થોનો ત્યાગ પણ અશક્ય બને છે.

આ દેહના સંગે અનેકોનો સંગ ઊભો થઈ જાય છે. આવા અપરિહાર્ય **સંગની વચ્ચે રહીને અસંગની આરાધના આરાધવી એ જ મુનિપણું છે.** સંગમાં અસંગનો અનારાધક મુનિ ન હોઈ શકે.

જલમાં નાવ રહે એ સારી વાત છે. પણ નાવમાં જલ પેસી જાય એ તો મોટી હોનારત છે. સંગમાં રહીને અસંગની આરાધના કરવાની વાતનો અર્થ એ નથી કે આહાર-પાણી વગેરેના સંગમાં તો કોઈ વાંધો જ નથી. ના,

આહારાદિના સંગમાં પણ જેટલું છોડી શકાય તેવું હોય તેટલું તો ત્યાગી જ દેવું જોઈએ. એક વાત તમે નિશ્ચિત સમજી રાખજો કે જે જે વિષયના વર્તુળમાં જેટલો ત્યાગ શક્ય બની શકે તેવો હોય છે તેનો પણ ત્યાગ ન કરનાર, અશક્ય ત્યાગવાળી વસ્તુના સંગમાં રહીને અનાસક્ત રહી શકતો જ નથી. દા.ત., દેહના ટકાવ માટે આહારનો ત્યાગ શક્ય નથી છતાં તેમાં પણ મિષ્ટાન્નાદિનો ત્યાગ તો શક્ય જ છે. હવે જો એનો પણ ત્યાગ જે આત્મા ન જ કરે તે આત્મા આહારાદિના તમામ ભોગોમાં અનાસક્ત નહિ જ રહી શકે. એવા આત્માઓ સંગમાં અસંગની કે પ્રવૃત્તિમાં નિષ્કર્મણ્યતાની આરાધનાની વાતો કરે તો ત્યાં નર્યો દંભ જ કહેવો જોઈએ. એ મીઠી વાતો નીચે આસક્તિના ભરપૂર પોષણની લીલાઓ જ ચાલતી હોય છે.

આથી જ શાસ્ત્રકાર ભગવંતોએ મુનિજીવનની સુરક્ષા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી વિવિધ અભિગ્રહો કરવામાં કહી છે. આહાર, ઉપધિ આદિના વિવિધ અભિગ્રહોની નાકાબંધી જીવનની ચોમેર કરી જ લેવી ઘટે. જ્યાં આવી નાકાબંધી નથી, તેના પ્રત્યે નારાજી કે લાચારી છે ત્યાં પ્રાયઃ આંતર અશુભવૃત્તિના પોષણ પ્રત્યેનો પ્રચ્છન્ન પક્ષપાત છે.

નાનામાં નાની તદ્દન શક્ય વાતો કે જેને જીવનમાં અનાયાસે ઉતારી શકાય ત્યાં પણ જો તેના અભિગ્રહ પ્રત્યે કાયરતા દાખવવામાં આવે તો એ પ્રમાદભાવ ધીરે ધીરે મોટી મોટી કાળજીઓ તરફ પણ બેદરકારી દાખવવાનું દુઃસાહસ કરાવશે. મુનિજીવનની આરાધના અંગેનાં અનેકાનેક ક્ષેત્રોમાં એ બેદરકારી કૂદકે ને ભૂસકે વ્યાપતી જશે. જેના પરિણામરૂપે અબ્રહ્મની વાસનાઓ, વૈકારિક ઉત્તેજનાઓ, લોકૈષણા અને લૌકિક વ્યવહારો તરફના પક્ષપાતપૂર્વક લોકોત્તર ધર્મોની અવગણનાઓ કરવાનું પાપ છડેચોક થવા લાગશે.

દૂધના ત્યાગનો અભિગ્રહ શક્ય છતાં તેના પ્રત્યેની સૂગ એક દિવસ વિજાતીયનો હાથ પકડવાની અધમ પ્રવૃત્તિ માટેનું તામસી બળ ઉત્પન્ન કરીને જંપશે; ખાનપાનના ત્યાગના શક્ય અભિગ્રહો પ્રત્યેની અરુચિ જીવનને અત્યંત સુખશીલ બનાવી મૂકીને પળે પળે અનંત પાપકર્મોનું સર્જન કરશે. છાપાછૂપીનાં પ્રલોભનો શું - એમાંનું દરેક પાપ - નાની સાઈઝનું કે મોટી સાઈઝનું - છેવટે અબ્રહ્મના ઘોર પાતકનું ઊગમ બનનાર છે. આ વાત બહુ ગંભીર છે. આપણે તેની ઉપેક્ષા કરીએ તે બિલકુલ ઉચિત નથી.

શક્ય હોવા છતાં જો શક્તિનું ગોપન કરીએ; ત્યાં અભિગ્રહની નાકાબંધી ન કરી લઈએ તો ભયાનક મોહનીય કર્મના બંધ થાય. મોહના કારમા ઉદયો જાગે, જે ઝાલ્યા હાથમાં ન રહે. સમજાવ્યે પણ શાન્ત ન થાય એવી સ્થિતિમાં આવીને આપણા સંયમધર્મનો સર્વનાશ નોતરે. અગણિત આત્માઓ અધર્મ પામીને પોતાના જીવનને દુર્ગતિની ખીણોમાં પટકી દે. સર્વના શ્રેયનો ચાહક, અશ્રેયની લહાણી કરે તે કરતાં તો પોતે રાખ બનીને મિટ્ટીમાં મળી જવું બહેતર છે.

એટલે સો વાતની એક વાત. જીવનને સુરક્ષિત રાખવું હોય તો **અનેકવિધ અભિગ્રહોની નાકાબંધી સત્વર કરી લેવી જોઈએ.** માથે રહેલી ભારે જવાબદારીનું ભાન હશે તો કોઈને પણ એ સોપારીના ટુકડા ચાવવાથી જરાય વધુ ભારે નહિ પડે.

લાપરવાને માટે તો શું કહેવું ? એને તો રૂના પૂમડા જેટલો અભિગ્રહ મેરુ જેટલો ભારે લાગશે.

રે ! એવા ભારભૂતોથી જ આજે શાસન રસાતાળ થઈ રહ્યું હોય તો તેમાં શી નવાઈ છે ?

મોટા અભિગ્રહો ન થાય તો જવા દો એ વાત. તે વિષયના નાના નાના ટૂંકી મુદતના પણ અભિગ્રહ તો અવશ્ય કરો. એક વાર ત્યાગનો રસાસ્વાદ માણો પછી સ્વયંભૂ પ્રેરણા થશે. ઉપદેશપદમાં કહ્યું છે કે, **'નાનામાં નાનું પણ (સત્કાર સેવિત) અનુષ્ઠાન બીજના ચંદ્ર જેવું છે. એક વાર એ અવશ્ય પૂર્ણિમાનો ચાંદ બનશે, સંપૂર્ણ બનશે.'**

ટટ્ટાર થાઓ. જીવનનું મૂલ્ય સમજો. સ્વ અને સર્વના શ્રેયના સામર્થ્યવાળા ત્યાગધર્મનો મહિમા સદૈવ ગાતા રહો. પછી મને નથી લાગતું કે આપણા માટે અશક્ય કે અસાધ્ય કશુંય હોઈ શકે.

આપણે સંગમાં અસંગની, પ્રવૃત્તિમાં નિવૃત્તિની આરાધના આરાધીએ. પળેપળે અઢળક કુશલાનુબંધી પુણ્યનું સંપાદન કરીએ કે જે વર્તમાનકાળે શાસન ઉપર આવેલી ભયાનક આપત્તિઓના વાદળને વિખેરી નાંખવા સમર્થ બને. સમજવું હોય તો સાનમાં સમજાય તેવી જીવનરક્ષાની સરસ મજાની આ વાત છે. ન સમજવું હોય તેને માટે કોઈ ઉપાય નથી.

•

## ૯ देहदु:खं महाफलं

રાજનગરના માણેકચોકમાં ભયંકર આગ લાગી. ચોમેર જ્વાળાઓ વ્યાપી ગઈ. નગરપાલિકાના બંબાઓ ગેરેજમાંથી એકદમ નાસી છૂટ્યા ! 'દૂર હટો'ની જાણ કરતી ભયઘંટા રણઝણી ઊઠી. લોકો નાસભાગ કરવા લાગ્યા. સહુના શ્વાસ અદ્ધર થઈ ગયા છે, ત્યાં જ એક ગમખ્વાર બનાવ બની ગયો. માના હાથમાંથી છૂટી ગયેલું આઠ વર્ષનું માસૂમ બાળક ધસમસતા એક બંબાના ટાયર નીચે કચડાઈ ગયું. પ્રાણપંખેરું ત્યાં ને ત્યાં જ ઊડી ગયું, પણ એ બંબો સૌથી પ્રથમ માણેકચોકમાં પ્રવેશી ગયો. ભારે જળવર્ષા કરી નાંખી. આગ શાંત થઈ.

રાજયસત્તાએ બંબાવાળાને ૫૦૦ રૂપિયાનું ઈનામ આપ્યું. લોકોમાં કોલાહલ મચી ગયો. રે ! ૫૦૦નું ઈનામ ! અને રૂા. ૫૦૦નો દંડ નહિ ? પેલા બાળકની ક્રૂર હત્યાનું શું ?

રાજયસત્તા કહે છે, 'ફરજે ચડેલા, ભયઘંટા બજાવતા માનવની એ ભૂલ નથી. અપરાધ તો એ બાળકનો છે, જે દૂર ન ખસ્યું ! એ માતાનો છે, જે બેપરવા રહી ! બાળકની દયા ચિંતવીને ઊભો રહી જનાર તે બંબાવાળો જ શિક્ષાપાત્ર હોઈ શકે, જેની નજરમાં આગમાં ભડથું થઈ જતાં સેંકડોનાં જીવનો તરવરતાં નથી !'

વિષયકષાયોની વાસનાઓ પ્રદેશે પ્રદેશમાં ભભૂકી ઊઠી છે. એ અગ્નિજ્વાળાઓએ પોતાની લાંબી જિહ્વાઓ ચોમેર ફેલાવી છે. દશ્ય ભયંકર બન્યું છે. આતમરામને એની જાણ થાય છે. શમસંવેગનાં નીર ભરી લઈને, ભયઘંટા બજાવતો ફરજે ચડે છે. ગતિમાં ભયંકર વેગ છે, આંખોમાં અપૂર્વ તેજ છે. ધસમસતો જાય છે. આતમરામનો એ બંબો ! ત્યાં... કાયા આડી આવી છે. વીરની હાક કાનમાં રણકી જાય છે, શું જોઈ રહ્યો છે ? કચડી નાંખ. ધસી જા આગળ, પણ પણ થોભ્યા વિના.

અને કમલની નાળશી કોમળ કાયા કચડાઈ જાય છે. શમસંવેગનાં નીરની વર્ષા ભારે ઝપાટો બોલાવે છે. વિષયકષાયની આગ શાન્ત થઈ જાય છે.

ધર્મસત્તા આતમરામને બિરદાવે છે. કર્મસત્તા અઢળક પુણ્યસંપત્તિની ભેટ ધરે છે.

'देहदुःखं महाफलं' સર્વ વિશુદ્ધ આચારોમાં શિરોમણિ આચાર શરીરને દુઃખ દેવું તે. એના વિનાના આચારોમાં ઝાઝી તાકાત આવતી નથી. દેહના દમન વિના ચિત્તશાન્તિનાં ફળ આરોગવાનું શક્ય નથી. તર્કસંગત આ વિધાન છે. સુયગડાંગસૂત્રમાં કહ્યું છે કે, **'સંસારમાં ભમતા તમામ જીવોના તમામ દુઃખનું જો કોઈ મૂળ કારણ હોય તો તે જીવોનો દેહ પ્રત્યેનો મમત્વભાવ જ છે.'** દેહની મમતાએ જ કાળી કર્મરાશિને જન્મ આપ્યો. કર્મે જ જીવોને બહુરૂપે દુઃખી કર્યા. ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવી સંસાર ઊભો થયો. દેહની મમતાએ સ્તો. સંસારનો નાશ થઈ શકે દેહને કચડવાથી, ત્રાસ દેવાથી, પીડવાથી અને કનડવાથી જ. દેહનું મમત્વ જાળવીને, એનું પાલનપોષણ આનંદથી કરીને જે કોઈ ધર્મ થાય એ ધર્મ ચિત્તશાંતિનાં મીઠાફળને પણ ન આપી શકે ત્યાં મુક્તિનાં મીઠાફળની તો વાત જ ક્યાં રહી ?

શરીરની મમતાથી જ શરીરના સંબંધી વસ્ત્ર પાત્ર વસતિ વગેરે ઉપર મમત્વ જાગે; શરીરનું મમત્વ ચોવીસેય કલાક પજવ્યા કરે, ઊંઘમાંય એને કાંકરી ખૂંચે, એ મમત્વ જ અનેક પ્રકારના રસરાગમાં જીવને તાણી જાય. કામરાગમાં રગડી જાય. અનિષ્ટ મળતાં જ કષાયોથી ખરડી જાય; એની મૂર્છા ધર્મથી વિમુખ રખાવે, કારમા પાપ સેવતાં પણ આંચકો ન લાગવા દે.

દેહ ઉપર કરડી નજર થયા વિના કોઈ ધર્મ આરાધી શકાય નહિ. ધર્મારાધના વિના ચિત્તશાન્તિ શક્ય જ નથી; મુક્તિ સાધ્ય જ નથી. પણ પ્રશ્ન થાય છે કે દેહ તો મુક્તિનું સાધન છે. કહ્યું છે; 'शरीरमाद्यं खलु धर्मसाधनम्' તો મુક્તિના સાધનને કચડી નાખ્યા પછી મુક્તિ શેનાથી મળે ? સાધન વિના સાધ્ય શી રીતે ?

રે કેવી વાત ! ભોજન પકાવવાનું સાધન કોલસા છે. તો શું તેને સળગાવી ન દેવાય ! સળગાવવાથી કોલસા નષ્ટ થઈ જાય એટલે શું ભોજન તૈયાર નથી થતું ? તમારે ત્યાં કોલસાને ધોયા કરવાથી, પંપાળ્યા કરવાથી અને એને જાળવી રાખવાથી જ રસોઈ થઈ જતી હશે કેમ ?

જેમ કોલસો રસોઈનું સાધન છે, છતાં બાળી નાંખવા દ્વારા જ એ રસોઈનું સાધન છે, નહિ કે એનું જતન કરવાથી. તેમ શરીર પણ કચડી નાંખવા દ્વારા જ મુક્તિનું સાધન છે, નહિ કે એને પાળવા-પોષવાથી. મમતા શરીર ઉપર કરી માટે સંસાર ઊભો થયો. તો હવે કચડવાનું પણ શરીરને

જ. તો જ સંસાર કપાય. બીજાને કચડવાથી સંસાર ન કપાય. સંસારોચ્છેદ માટે શરીરને જ કચડવાનું રહ્યું. કચડવા માટે શરીર તો જોઈએ જ ને ? એટલે સંસારોચ્છેદનું શરીર સાધન બની ગયું. આ વિચારને નહિ અપનાવવાથી પરિણામ એ આવે છે કે સાધન જ સાધ્ય બની જાય છે. મુક્તિનું સાધ્ય તો ક્યાંય વિસરાઈ જાય છે. યુવાનીમાંય મુક્તિનું સાધન દેહને માનીને પાળ્યાપંપાળ્યા કરનારો, વૃદ્ધાવસ્થામાં દેહાતીત તો નથી જ થતો, કિન્તુ જર્જરિત દેહયુક્ત બને છે; એટલે તે વખતે એ આળપંપાળ તો વધતી જ જવાની ને ? જીવનના અંત સમય સુધી દેહ છે તો અંત સમય સુધી એનું પાલનપોષણ પણ રહી જશે. તો પછી સાધ્યની સામે ક્યારે નજર નાખવાની ? એના માટે સાધનનો સાધન તરીકે શો ઉપયોગ કર્યો ?

આ જીવલેણ ભ્રમ છે, ભોગી જગતની આ શિખવણી તો ચાલબાજી છે. એમાં કદી ન અંજાશો. 'शरीरमाद्यं खलु धर्मसाधनं' એ જેમ શાસ્ત્રવાક્ય છે તેમ 'देहदुःखं महाफलं' એ પણ શાસ્ત્રવચન છે. બેયને પરસ્પર વિરોધ ન આવે એ રીતનો જ અર્થ નિષ્પન્ન થવો જોઈએ.

વળી ઉપાધ્યાયજી મહારાજની ૨૮મી બત્રીસીમાં એક શ્લોક છે :

शरीरेणैव युद्धयन्ते, दीक्षापरिणतौ बुधाः ।
दुर्लभं वैरिणं प्राप्य, व्यावृत्ता बाह्ययुद्धतः ॥

આ શ્લોક ગોખી ન લેજો. આત્મસાત્ કરજો. એનો પાઠ રોજ ૧૦૮ વાર કરજો. મુનિજીવનમાં અપૂર્વ પ્રકાશ પાડનાર સર્ચલાઈટનું કામ કરશે; જીવનના રંગ બદલી નાંખશે, જીવલેણ ભ્રમોનો ભૂક્કો બોલાવી દેશે. આ શ્લોકનો અર્થ આવો છે : "સંયમ પરિણામ ઉત્પન્ન થતાં (દીક્ષા સમયે) જ મુમુક્ષુ આત્મા શરીર સાથે જ યુદ્ધ કરવા લાગી જાય છે. આજ સુધી તુચ્છ સ્વાર્થ ખાતર વૈરી બનતા (સંસારમાં) વેપારી જોડે, પત્ની સાથે, ભાઈ કે ભગિની સાથે લડતો હતો, પણ હવે એની સામે કટ્ટર શત્રુ આવ્યો એટલે બધાયને એણે પડતા મૂક્યા. જેમ વાઘ સાથે લડતો સિંહ, બંદૂકનું નાળચું સામું ધરીને ઊભેલા શિકારીને જોઈને વાઘને પડતો જ મૂકે અને શિકારી માનવ સામે ધસી જાય."

જેમ જેમ સંયમનો પરિણામ વૃદ્ધિ પામતો જાય તેમ તેમ શરીર સાથેનું યુદ્ધ ખુંખાર બનતું જાય. ભગવાન ધન્ના અણગારને આંખ સામે લાવો. ચરમ

તીર્થપતિ મહાવીરદેવને પ્રશ્ન કરવામાં આવ્યો, "ચૌદ હજાર મુનિવરમાં નિત્ય ચડતે પરિણામે કોણ ?" પરમાત્મા બોલ્યા, "ધન્ના અણગાર !" નિત્ય વૃદ્ધિ પામતા સંયમના પરિણામ ! અને ફલતઃ નિત્ય એ દેહ સાથે ખુંખાર જંગ ! શરીર ક્ષીણ થતું જાય છે પણ સંયમનો પરિણામ બળવાન બનતો જાય છે. ધન્નાજીનો એ મરણિયો જંગ નથી, કેસરિયાં એમણે કર્યાં નથી. એ તો વિજયશ્રીને આંખેઆંખ નિહાળતાં સદૈવ ભીષણપુરુષાર્થના સ્વામી બન્યા છે. માનવોનાં તો મસ્તક નમી ગયાં. દેવો અને દેવેન્દ્રો પણ નમ્યા ! અરે ! મહાવીરદેવના શ્રીમુખે પહેલો નંબર લઈ ગયા ! નિત્ય છઠ્ઠને પારણે આયંબિલ ! આહાર પણ કેવો ? જેને માખી પણ ન ખાય તેવો સૂકો-લુખ્ખો, તદ્દન નીરસ ! કાયા તો કાળો કોયલો જ જોઈલો ! આંખો તો ક્યાંય ઊંડે ઊતરી ગઈ ! બે બિહામણી બખોલો જ દેખાય છે ! કાગડાના પગ જેવા પાતળા જેમના પગ લાગે ! અને હાથની કોણીઓ ? માટીનાં ખરબચડાં ઢેફાં જ હતાં ! માથું ! ઉનાળાના ધોમધખ્યા બપોરે તપીને સાવ લૂખું થઈ ગયેલું તૂંબડું ! ગળા ઉપર તદ્દન લચી પડ્યું હતું ! જાણે હમણાં જ પડી જશે ! ચામડી તો બધી જાણે છૂટી પડી ગયેલી ! ન હતું ક્યાંય માંસ ! ન રહ્યું હતું લોહીનું બૂંદ ! ચાલતી વખતે કિચૂડ કિચૂડ બોલતો એ કાયાનો રથ મુક્તિના દ્વાર ભણી નિર્વિઘ્ને પ્રયાણ કરી રહ્યો હતો. શું ભાવ્યું હશે ? શું જાણી લીધું હશે ? શું સમજી રાખ્યું હશે ? કયો ભીષ્મ સંકલ્પ કરી રાખ્યો હશે ?

જ્યાં સમગ્ર જગત લપસી ગયું ત્યાં આ આત્મા સડસડાટ દોડી ગયો ! જરાય લપસ્યા વિના ! ગુરુ હતા મહાત્મા મહાવીર. શું બતાવી દીધું હશે આ શિષ્યને ? એવી કઈ ધન્ય પળ હશે જેમાં આ ભીષ્મપુરુષાર્થની ગીતા લખવાની મંગલમય આશિષ આપતાં દેવાધિદેવે ધન્નાજીના મસ્તકે કમલકોમળ કર મૂક્યો હશે ?

અંતરમાં ઉત્પન્ન થતા સંયમના પરિણામનું બાહ્ય લિંગ (કાર્યલિંગ) આ જ શરીર સાથેનું યુદ્ધ. વૃદ્ધિ પામતો એ પરિણામ યુદ્ધને બહેકાવે. ખુનખાર જંગ ખેલાવે. વિજયની વંદનમાળા કંઠે આરોપે. ગૌતમબુદ્ધને આ વાત ન સમજાણી કે દેહની મમતાએ જ સંસાર વધાર્યો. માટે મુક્તિ પણ એના ઉપરની કરડી નજરે જ સિદ્ધ થાય. એટલે જ એમણે દુઃખરૂપ માની લીધા ત્યાગ તપને, ત્યાગી દીધાં એ દેહદુઃખને !

પણ પરમાત્મા મહાવીરદેવ તો અનુભવી ચૂક્યા હતા એ સાધનાબળે પાંગરતી અપૂર્વ ચિત્તશાન્તિને ! સર્વજ્ઞ બન્યા ત્યારે એ જ વાત બરોબર જાણી ગયા.

બેયના રાહ જુદા થયા. એક મધ્યમમાર્ગી બન્યા. ના, ના, ધર્મના ફેલાવાના પ્રલોભને અટવાયા. બીજા સત્પંથના પ્રણેતા બન્યા. ક્યાંય ન અટવાયા કેમકે સાચે જ વીતરાગ હતા.

બધી વાતનો સાર એટલો જ છે કે દેહની સામે જોઈ જોઈને ધર્મ કરવાની વૃત્તિને આપણે ત્યાગવી જોઈએ. કેમકે દેહનું દર્શન સમગ્ર ધર્મારાધનાનો ખાતમો બોલાવી દેશે. બહુ ઉત્કટ તપત્યાગ ન કરી શકીએ એટલા માત્રથી એ યોગોની સરિયામ ઉપેક્ષા કરી ન જ શકાય. ભલે આયંબિલ ન થાય પણ તેથી ચોખ્ખી નવકારશીમાં જ ન બેસી જવાય. એકાશન કે છેવટમાં છેવટ પોરસી તો કરવી જ જોઈએ. એ રીતે પણ શરીરને થોડું થોડું કષ્ટ આપવાનું ચાલુ રાખવું જ જોઈએ. જ્યારે ને ત્યારે દેહને કષ્ટ આપવાની બાબતમાં એકદમ ધબડકો જ વાળી દેવો એ તો આપઘાતી પગલું કહેવાય. પુણ્યાઈથી કદાચ માંગશો તે મળી જશે, પરંતુ ભાવીની ઉપેક્ષા કરશો મા ! અનંતદુ:ખોથી ખદબદી ઊઠનારી તમારી જ ભવિષ્યકથાનું તમે જ નિર્માણ કરશો ? અને તે પણ માત્ર અઢી મણના માંસના લોચાના સુખ ખાતર !

આપણે સાવધાન બનીએ. દેહ અને આત્માનું ભેદજ્ઞાન પ્રાપ્ત કરીએ. અને શક્તિ મુજબ શક્તિથી થોડું વધારે હંમેશ વેઠીએ. દેહને કષ્ટ આપીએ. યાદ રાખો આરાધના કષ્ટીજીવનમાં છે. સુખશીલ જીવન તો વિરાધનાઓની અને દુ:ખોની સગી મા છે. લાચારી બતાવશો નહિ કેમ કે આપણાં જ અનંત જીવનોનો આ પ્રાણપ્રશ્ન છે. શા માટે તુચ્છ સુખ ખાતર અનંત સુખની શક્યતાનો હોમ કરવો ? એમાં કઈ બુદ્ધિમત્તા હશે ?

•

## ૧૦ શ્વાન-બગાઈ યુદ્ધ

આજના અણયુગમાં ગેરિલાયુદ્ધ પદ્ધતિ ભલે તરંગી યોજના જેવી લાગતી હોય પરંતુ એ યુદ્ધનીતિએ દુન્યવી દૃષ્ટિએ ભારે સફળતા મેળવી છે એ નિ:શંક હકીકત છે.

ઔદ્યોગિક ક્ષેત્રે, વિજ્ઞાન ક્ષેત્રે અને ટેક્નોલોજીના ક્ષેત્રે આજે વિશ્વની સઘળી મહાસત્તાઓએ સ્પર્ધા આરંભી છે. દરેક મહાસત્તાએ શસ્ત્રોની સર્વોપરિતા હલ કરવા માટે આંધળી દોટ મૂકી છે.

અણુબોમ્બના ખડકલા થયા છે, હાઈડ્રોજન બૉમ્બના ભંડારો ભરાયા છે; અવકાશમાં સ્પુટનિકોએ દોડાદોડ કરી મૂકી છે, સાગરના પેટાળોમાં સ્વયંસંચાલિત સબમરીનોએ ઊતરવા માંડ્યું છે ! દક્ષિણધ્રુવના રાક્ષસી હિમખંડો હવે કણ કણમાં વેરાતા જાય છે ! ચંદ્રલોક 'વહેલો તે પહેલો'ની બુમરાણના અવાજ પહોંચ્યા છે ! આની પશ્ચાદ્ ભૂમિકામાં ખુલ્લે પગે, જરીપુરાણી ડબલ બારની બંદૂક લઈને, લૂખુસૂકું ભાથું લઈ, પર્વતો અને ઘાસના બીડોની ઓથ લઈને પોતાના દેશની આઝાદી અને સાર્વભૌમત્વને ટકાવવા માટે ઝઝૂમતા ગેરિલા દળો લૅટિન અમેરિકા, કોંગો, એંગોલા, કુવૈત, વિયેટનામ વગેરે સ્થળે નાની લડાઈઓ લડી રહ્યા છે. સાયપ્રસ, અલ્જિરિયા, ઉત્તર વિયેટનામ અને ચીનનાં ગેરિલાદળોની સફળતાએ તેમને યુદ્ધ જારી રાખવાની પ્રેરણા આપી છે.

નિત્ય નવાં શસ્ત્રોના ગંજાવર ખર્ચને પહોંચાડવાનું તો મહાસત્તાઓને જ પોષાય. નાનાં નવોદિત પછાત રાષ્ટ્રોને એ ખર્ચ પાલવે જ નહિ. લશ્કરવાદ, ભૂમિભૂખ અને પ્રચ્છન્ન શાહીવાદ સામે ટક્કર લઈને ટકી રહેવા માટે આજે ઠેરઠેર ગેરિલાદળોની સ્થાપના થઈ છે. આમ, ગેરિલાદળો આઝાદી અને સાર્વભૌમત્વના રક્ષણની ઢાલ બન્યાં છે.

વિકસિત રાષ્ટ્રોનાં લશ્કરોને જે ટેક્નોલોજીનો લાભ હોય છે તે બેશક પછાત રાષ્ટ્રોને નથી. તે છતાં તે પછાત રાષ્ટ્રો મહાસત્તાઓને માથું નમાવવા માટે ધરાર કાયર છે. એથી જ એ ટેક્નોલોજીને મહાત કરવાનો રસ્તો ગેરિલાયુદ્ધ પદ્ધતિ દ્વારા તેમણે મેળવી લીધો છે. ગાઢ જંગલો, હિમાચ્છાદિત

ગિરિશૃંગો, કાદવ, ઘાસનાં મેદાનો, ગેરિલાયુદ્ધ માટે અનુકૂળ ભૂમિ છે. મલાયાના કાદવમાં ફ્રેંચ ટેંકો ફસડાઈ પડી હતી, કોરિયાના બરફમાં અમેરિકન 'મરાઈનસ' ખૂંચી ગઈ હતી; લાઓસ, ઈન્ડોનેશિયા, અમેરિકા અને અન્ય રાષ્ટ્રોનાં દળો ગેરિલા હુમલાઓ સામે ટકી શક્યાં ન હતાં એમ ઈતિહાસનાં પાન બોલે છે.

ચાઉ-માઓ ચળવળને દબાવવા, સમસ્ત પ્રજાનું નિકંદન કાઢવા બ્રિટને યત્ન કરી જોયો હતો; કાસ્ટ્રોનાં ગેરિલાદળોને અમેરિકન પૂતળાં સરકાર ક્યૂબામાં રોકી શકી ન હતી, ઉત્તર વિયેટનામમાં અમેરિકા ગળાબૂડ પાણીમાં ઊતર્યું છે, તેમાંથી નીકળવા હવાતિયાં માર્યા જ કરે છે પણ તે મહાસત્તાને હજી સફળતા મળી નથી.

આમ, ગેરિલાયુદ્ધપદ્ધતિ ગરીબ પછાત રાષ્ટ્રો માટે દુન્યવી દૃષ્ટિએ આશીર્વાદરૂપ થઈ પડી છે.

કેનેડી જેવા મહારથી છક્કડ ખાઈને વીલે મોંએ પાછા ફર્યા. જહોનસન વિયેટનામમાં સજ્જડ માર ખાઈ રહ્યા છે. મહાસત્તાઓના માંધાતાઓ, ભયાનક શસ્ત્રોના સ્વામીઓ પણ પછાત દેશોની ગેરિલાયુદ્ધ પદ્ધતિથી હાંફી ગયા છે ! એમનાં મોંએ ફીણ ભરાયાં છે !

ગેરિલાદળને બગાઈની ઉપમા આપીએ અને તેની સામે લડતી મહાસત્તાને શ્વાનની ઉપમા આપીએ તો ગેરિલાયુદ્ધ એ શ્વાન સામેનું બગાઈ યુદ્ધ કહી શકાય. બગાઈઓ વળગેલા કૂતરાને તમે જોયો હશે. બગાઈ પામર છે, કૂતરો બળવાન છે છતાં પૂંછડે, ગળે, પીઠ ઉપર કે અન્યત્ર વળગેલી બગાઈને નહોર મારવા, બચકાં ભરવા કૂતરું જે નૃત્ય કરે છે તેવી ધમપછાડાવાળી દશા ગેરિલાઓ સામે લડતી મહાસત્તાઓની થાય છે.

જ્યાં શ્વાનના દાંત કે નહોર પહોંચે ત્યાં બગાઈઓ ન બેસે. અને શ્વાનને ગુસ્સામાં લાવી દેવાય એ રીતે ધમપછાડા કરાવીને એની શક્તિઓને ક્ષીણ કરે છે. જરૂર પાંચ પચાસ બગાઈ એ નહોરોમાં ઝડપાઈ જાય કે પૂંછડાની થપાટમાં મરી જાય. પણ પછી તરત જ એક મોટો હલ્લો શ્વાનની આંખો ઉપર કે એવી કો'ક જગાએ આવે છે જ્યાં નથી તો પૂંછડું પહોંચતું કે નથી તો દાંત મારી શકાતા. આ સંતાકૂકડીમાં શ્વાનની શક્તિ ક્ષીણ થતી જાય છે અને બગાઈ બળવાન બનતી જાય છે.

ચીની નેતા માઓ-ત્સે-તુંગે ગેરિલાયુદ્ધનાં સૂત્રોમાં 'સમય', 'પ્રદેશ' અને 'મનોબળ' આ ત્રણ વાત ઉપર ખૂબ ભાર મૂક્યો છે ! 'પ્રદેશ' જાળવી રાખવાનું અશક્ય બને ત્યારે ત્યાંથી પીછેહઠ કરી 'સમય' મેળવવો ! અને તેનો ઉપયોગ 'મનોબળ' દૃઢ કરવામાં કરવો. દુશ્મન આગળ ધસે તો આપણે પાછા હટવું ! દુશ્મન પીછેહઠ કરે તો તેને પરેશાન કરવો ! દુશ્મનના મનોબળને તોડવાનો ઉપયોગ કરવો. પ્રદેશની પસંદગીમાં અંધારરાત્રી, જંગલો અને ખીણો પસંદ કરો. આગળ જવા પાછા હટો ! જમણે જવું હોય તો ડાબે જવાનો ડોળ કરો. ઘેરો ઘાલો, પણ હુમલો ન કરો; હુમલો જ કરો પણ ઘેરો ન ઘાલો; દુશ્મનને અંદર ઊંડે સુધી આવવા દો પછી તૂટી પડો, ઇત્યાદિ સૂત્રો સમય, પ્રદેશ અને મનોબળને લક્ષમાં રાખીને ગેરિલાયુદ્ધ માટે ઘડવામાં આવ્યાં છે.

ટૂંકમાં, શ્વાનને સમગ્ર રીતે થકવવો, સમય જતાં તે લશ્કરી દૃષ્ટિએ નબળો, રાજકીય રીતે ગૂંચવાયેલો, આર્થિક રીતે ખર્ચાળ અને પોતાનું રક્ષણ કરવાને અશક્ત બનશે, તે વખતે ચોમેરથી ઘેરી વળી તે મહાશ્વાનનો રોટલો કરી શકાશે !

ફ્રેંચ વિયેટનામમાં ગેરિલા નેતાએ આ તરકીબ અજમાવી. સાયપ્રસમાં બ્રિટન સામે ગેરિલા નેતા જનરલ ગ્રીવાસે બ્રિટીશ લશ્કરની નાની મોટી સંખ્યાને થકવવા નાની ટુકડીઓથી યુદ્ધ આપ્યું. પરિણામે ઉંદર પકડવા ટેંક દોડાવવી પડે તેવો ઘાટ થયો ! કયૂબામાં ફક્ત પાંસઠ ગેરિલાઓએ બે ભાગમાં વહેંચાઈ જઈને ગોળીબારોની રમઝટ બોલાવીને દુશ્મનનું મનોબળ તોડી નાખ્યું.

આ છે ગેરિલાપદ્ધતિનું શ્વાન-બગાઈનું યુદ્ધ !

આટલા વિસ્તારથી આ યુદ્ધનું વર્ણન કર્યું તે સહેતુક છે. મારે લોકોત્તર શ્વાન-બગાઈના યુદ્ધની જે વાત કરવી છે તે હવે બહુ સારી રીતે સમજાઈ જશે. તમે જાણ્યું ને કે શ્વાન ભલે ગમે તેટલો બળવાન હોય પરંતુ તે નાનકડી બગાઈઓથી મહાત થઈ જાય છે.

**આપણાં લોકોત્તર વિશ્વમાં આત્મા એ શ્વાન છે, જ્યારે કર્મ એ બગાઈ છે.** અનાદિકાળથી પ્રત્યેક સંસારી આત્માના શ્વાન સાથે કર્મની બગાઈઓનું એકધારુ યુદ્ધ ચાલતું રહ્યું છે અને આજે આપણી જાતનું સૂક્ષ્મ આંતરદર્શન

કરીએ તો ભારે લાચારી સાથે સ્પષ્ટ શબ્દોમાં એકરાર કરવો પડે છે કે શ્વાન હવે થાકી થાકીને મહાત થયો છે, બગાઈ વધુ ને વધુ બળવાન બની છે.

જ્યારે ત્યાગતપના ક્ષેત્રમાં શ્વાન પ્રવેશે છે, ત્યારે બગાઈઓ શાન્તિથી દૂર રહે છે. જરા ઉપદ્રવ કરીને શ્વાનને ચમકાવે છે, વધુ ત્યાગતપના ધમપછાડા કરવા માટે ! પણ જ્યાં તે શાન્ત થાય છે, નિશ્ચિંત બન્યાની ભ્રામક કલ્પના કરી લે છે ત્યાં જ પેલી બગાઈઓ એની ઉપર તૂટી પડે છે, પારણાના દિવસો એ બગાઈના એવા ભયંકર હુમલા છે જ્યાં શ્વાનનાં નહોરમહોરા કે પૂંછડાના પછડાટ જરાય કારગત બની શકતા નથી; ભગવાન નંદિષેણના ભયંકર ધમપછાડા બાર-બાર વર્ષ સુધી ચાલ્યા ! પણ બગાઈઓએ એમને અંતે થકવ્યા અને એક પળમાં યુગોનાં બળવાન એમના આક્રમણો ઉપર પાણી ફેરવી નાંખ્યું ! યુગપ્રધાન ભગવાન મંગુ આચાર્યે જબરદસ્ત શાસનપ્રભાવકતાના પ્રદેશમાં ભીષણ આગેકૂચ કરી,બગાઈઓએ એમને ઠેઠ ઊંડા પ્રદેશમાં ઉતાર્યા, ત્યાં લઈ જઈને ખાનપાનના આસ્વાદના જીવલેણ હુમલાઓ કરી એમના ભુક્કા બોલાવી દીધા ! ઉપશમશ્રેણિના ધ્યાને ચડેલા અનંત-આત્માઓની ભીષણ પરાક્રમગાથા સામે બગાઈઓએ સમયનું સૂત્ર પોકાર્યું, કાલક્ષેપ કર્યો ! જ્યાં તક મળી કે હુમલો કર્યો અને એ મહામુનિવરોને હતપ્રહત કરી નાંખ્યા ! આજે પણ આધુનિકતાના બળથી સજ્જ બનતા શ્વાનોને એ બગાઈઓ નિત્ય નવીનતાની અંજામણનો જુસ્સો ઉત્પન્ન કરાવીને એમના મનોબળને તોડીફોડીને એમનો ખાતમો ક્યાં નથી બોલાવી રહી ?

શ્વાન-બગાઈના આ યુદ્ધને આપણે હવે સમજી લેવું પડશે. અનાદિકાળનું આ યુદ્ધ આપણને પરેશાન કરીને વધુ ને વધુ થકવી રહ્યું છે એ વાત સ્વીકાર્યે જ છૂટકો છે. હવે તો એ વાત વિચારીએ કે આ યુદ્ધમાં વિજેતા બનવાનો ઉપાય શો ? ઘોર અને ઉગ્ર ત્યાગનું બળ હું ઊભું કરું તોય નિષ્ફળ જાઉં ? અપૂર્વ જ્ઞાનનો હું સ્વામી બનું તોય પરાજય પામું ? એકચિત્તે ધ્યાન ધરું તોય મારો કરુણ રકાસ ! જો મારાં ત્યાગ, તપ અને જપ તથા મારાં શાસનપ્રભાવકકાર્યો પણ મને યુદ્ધ વિજેતા ન બનાવે તો મુક્તિનો ઉપાય શો ? બગાઈઓના વિનાશનું શસ્ત્ર કયું ? મારા બળ વિના બગાઈઓ જબ્બે થાય શી રીતે ?

આ ગૂંગળામણ જો આપણને થાય, આપણી સાધનાની નિષ્ફળતાનું ભાન જો આપણને થાય તો પરાજયનાં કારણો તુરંત નજરે આવી જાય. પછી વિજય તો હાથવેંતમાં જ દેખાય.

શ્વાન-બગાઈઓ સામે જે ધમપછાડા કરે છે એનો નાશ કરવા હુંકાર કરે છે, એ કદી વિજય મેળવતો નથી, બલ્કે પ્રતિપળ શક્તિહીન બનીને વિનાશના પંથે જાય છે. પણ જો એવો કોક ત્રાસેલો, થાકેલો, હારેલો શ્વાન પોતાનો હુંકાર મૂકી દે અને કોઈ દયાળુના શરણે ચાલ્યો જાય; નતમસ્તકે ત્યાં ઊભો રહી જાય અને જો એ દયાળુ પુરુષ તેના શરીર ઉપર એક વસ્ત્ર નાંખી દે, તો શું થાય ? એક પણ બગાઈ તેને અડી શકે ખરી ? યુગોનું યુદ્ધ પળમાં જ પૂર્ણ થાય ! થાકીને લોચ થયેલો શ્વાન થોડા જ સમયમાં અપૂર્વ શાન્તિ મેળવી ગાઢ નિદ્રાના અપૂર્વ આનંદમાં ગુલતાન બની જાય ને ? આપણે પણ હુંકારભર્યાં જે ત્યાગતપ કરીએ છીએ તેને દૂર કરીએ. શરણે જઈએ શરણ્યના ! નતમસ્તકે ઊભા રહીએ એમના સાન્નિધ્યમાં ! અને જ્યાં એમના અનુપમ અનુગ્રહનું વસ્ત્ર આપણાં ઉપર ઓઢાડાઈ જશે ત્યાં તે જ પળે શ્વાન-બગાઈનું એ અનંત યુદ્ધ અંતને પામશે. અપૂર્વ આનંદની અનોખી મસ્તી, અપૂર્વ શાન્તિ, અપૂર્વ સમાધિ જીવનની પ્રત્યેક પળમાં ખીચોખીચ ભરેલી માણવા મળશે.

હુંકારના બળનો ત્યાગ કરો, અનુગ્રહની કળનો સ્વીકાર કરો. પછી યુદ્ધનો અંત હાથવેંતમાં છે, નહિ તો અનાદિ યુદ્ધ અનંત બનશે. લલાટે ભયંકર પરાજયનાં કાળાં કલંક સિવાય કશું જ જોવા નહિ મળે.

•

# ૧૧ સૌજન્ય

મુનિજન ! અને તે સુજન ન હોય ! કેમ બને ? કેટલીક વાર એવાં કેટલાંક દશ્યો જોવા મળે છે જેમાં સૌજન્યનો નરદમ અભાવ હોય.

સૌજન્ય એટલે ઔચિત્યસેવન. મુનિ ઔચિત્યસેવી ન હોય ?

માર્ગાનુસારી જીવો જે ગુણના અવશ્ય સ્વામી બને છે, તે ઔચિત્ય સેવનરૂપ સૌજન્ય મુનિમાં ન મળે એ તો મહદાશ્ચર્યની બીના કહેવાય ને ? ગમે તેમ હોય, પણ આ ગુણની ઊણપ ઘણી જોવામાં આવે છે.

વધુ વકરેલો સ્વાર્થ અને તુચ્છતા એ બેય દોષો સૌજન્યના શત્રુ છે. ષોડશકગ્રંથમાં ધર્મસિદ્ધિના બાહ્ય ચિહ્નોમાં પાંચમા ચિહ્ન તરીકે 'જનપ્રિયત્વ' ગુણ કહ્યો છે. જેને ધર્મ સિદ્ધ થયો હોય તે પ્રાયઃ જનપ્રિય હોય.

ધર્મપ્રિય આત્મા પ્રાયઃ જનપ્રિય બને. મુનિ તો ઉત્કૃષ્ટ ધર્મના પ્રેમી છે એ કેમ જનપ્રિય ન બને ?

ધર્મપ્રિય આત્મા અવશ્ય સૌજન્યશાળી હોય અને સૌજન્ય દ્વારા એ પ્રાયઃ જનપ્રિય બને. આમ ધર્મપ્રિયતા અને જનપ્રિયતાની વચ્ચે સૌજન્ય એ સેતુનું કામ કરે છે.

જેના વિના જ ન ચાલી શકે એવા અત્યંત આવશ્યક સૌજન્યના કેટલાક ભાવો મારે અહીં બતાવવા છે. આ સૌજન્ય વ્યવહારશુદ્ધિનું સાધક બને છે અને એ પછી નિશ્ચયશુદ્ધિ સુલભ બની રહે છે.

સુજનની આ ભૂમિકાને મુનિજન અવશ્ય પ્રાપ્ત કરી ચૂક્યા હોય, જે સુજન ન હોય તે મુનિજન તો હોઈ શકે જ નહિ એ વાત લક્ષ્યમાં લઈને સુજનત્વની સાધના પણ અધૂરી રહી હોય તો આપણે પૂર્ણ કરી લેવા જેવી તો ખરી જ.

સૌજન્ય મનનું, વાણીનું અને દેહનું એમ ત્રણેય યોગનું હોય છે.

મનનું સૌજન્ય એટલે મનની નિર્મળતા (પવિત્રતા).

વાણીનું સૌજન્ય એટલે પરગુણ પ્રશંસા (ઉપબૃંહણા).

દેહનું સૌજન્ય એટલે સેવા (વૈયાવૃત્ય).

હવે ક્રમશઃ વિવિધ સૌજન્યને વિચારીએ.

(૧) ધારો કે કોઈ મુનિવર બીમાર પડ્યા છે. તમને તેની ખબર પડી. તરત જ તમારે તેમની પાસે જવું જોઈએ. તેમની શાતા પૂછવી જોઈએ. 'શું થયું ? શાથી થયું ? ઔષધ લેવું છે ને ? વૈદ્યને બોલાવું ?' વગેરે વગેરે પ્રશ્નો પૂછી તેની બાહ્ય કાળજી કરવી જોઈએ. પછી કર્મસત્તાને અનુલક્ષીને કોઈ વાત કરવી. સમાધિ આપવી. ચિન્તા ન કરવાનું કહેવું. અરિહંતનો જપ કરવાનું જણાવવું. તમે પર્યાયલઘુ હો તો તમારે તમારો અધિકાર સમજીને વાત કરવી. કાંઈ લાવવું છે ? હમણાં જ લઈ આવું વગેરે કહીને શક્ય સેવા કરવી.

માંદગી જાણ્યા પછી તે મુનિ પ્રત્યે ઉપેક્ષા કરવી એ મહાપાપ છે. જિનેશ્વરદેવની અવજ્ઞા છે. ગ્લાનઅવસ્થા અનેક વિકલ્પોનું કારણ બની જવા સંભવે છે, માટે ગ્લાનની બધી જાતની કાળજી કરવી જ જોઈએ. પરમાત્મા મહાવીરદેવે તો કહ્યું છે કે, 'જે ગ્લાનની સેવા કરે છે તે મારી સેવા કરે છે ! जो गिलाणं पडिसेवइ, सो मां पडिसेवइ !' માંદાની માવજતનું આ સૌજન્ય અત્યંત હિતકર બને છે. અત્યંત લાભદાયી બને છે.

(૨) વંદના કરતા મુનિરાજ સામે સ્મિત કરો. રોજ ન બને તો બે-ચાર દિવસે એક વાર પણ સ્મિત વેરો, બે વાત કરો અને પછી જ વિદાય થવા દો. દિવેલિયું મોં અથવા તો ભારે પ્રવૃત્તિના બોજ નીચે દબાઈ ગયેલા બદનની અભિવ્યક્તિનું દૃશ્ય રજૂ કરવું એ બિલકુલ ઉચિત નથી. બે સગાંવહાલાં આવશે ત્યારે ખાસા બે કલાક નીકળશે અને મુનિને એક મિનિટ પણ પ્રેમથી ન આવકારાય તે તુચ્છ મનોવૃત્તિનું અંગ કહી શકાય.

(૩) કોઈને પણ કશીક મુશ્કેલી જણાતી હોય તો તરત જ તમે તેના નિવારણ માટે ઉત્સુક બની જાઓ. જેમકે એક મુનિ કાપ કાઢે છે. દોરી બાંધવી છે કે ડોલના પાણીનું વિસર્જન કરવું છે. તમે ત્યાંથી પસાર થઈ રહ્યા છો. એમનો મનોગત ભાવ જાણીને તુરત જ દોરી બાંધી આપો કે પાણીની ડોલ પરઠવી આપો.

અહીં ઉપેક્ષા કરો એ તમારા માટે શોભાસ્પદ તો ન જ ગણાય. મોટા થયા એટલે નાનાનું કોઈ કામ થાય જ નહિ એવી અહંગ્રસ્ત મનોવૃત્તિને નામશેષ કરી નાંખો. પ્રેમ આગળ નાનમ કે મોટાઈ જેવું કાંઈ જ રહેતું નથી.

(૪) (i) તમારી વાતો કરવાનું બંધ કરો, સામે ઉપસ્થિત થયેલી વ્યક્તિની વાત કરો. બીજાની વાતો કરો.

(ii) તમે તમારું ડહાપણ ડહોળવાનું બંધ કરી બીજાને સાંભળવા માટે તત્પર રહો. આ બે વાતો અત્યંત મહત્ત્વની છે. સૌજન્યની ટોચ અભિવ્યક્તિ આમાં જણાશે.

બીજાને સાંભળવાથી, બીજાનું જાણવાથી, બીજાની વાત કરવાથી એ વ્યક્તિને એક પ્રકારનો આત્મસંતોષ અને આનંદ થાય છે. સ્વની વાતોથી, સ્વના ડહાપણથી કાલાંતરે નુકસાન જ થાય છે. વળી હંમેશનું પોતાનું જ ડહાપણ ડહોળવું એમાં સૌજન્યનું નામ પણ ક્યાં છે ? જે પ્રવૃત્તિ બીજાને આનંદ ન આપે, કલેશ ઉત્પન્ન કરે એ પ્રવૃત્તિ સુજનતાભરી ન જ કહેવાય. થોડું બોલો, ઘણું સાંભળો, તો જાણવા-સમજવાનું પણ ઘણું મળે.

(૫) પરગામમાં કોઈ સુવિહિત મુનિ છે. ત્યાંથી તમારી પાસે આવેલ શ્રાવકને એ મુનિના ક્ષેમકુશળ અવશ્ય પૂછો. એમને વંદનાદિ વિદિત કરવાનું ભારપૂર્વક જણાવો.

(૬) ક્યાંક પત્ર લખો તો ભાષા ખૂબ જ વિશિષ્ટ વાપરો. 'જી'કારનો પ્રયોગ વારંવાર કરો... અંતમાં **'કામકાજ ફરમાવશો, હિતશિક્ષા પાઠવશો.'** ઈત્યાદિ ઉચિત અવશ્ય વિદિત કરો.

(૭) રસ્તે મળતા મુનિને માથું નમાવીને **'મત્થએણ વંદામિ'** કહેવાનું કદાપિ વીસરો નહિ.

(૮) કોઈ પણ સારી વાતનું અનુમોદન કરો, એ વાત સાંભળીને મુખ ઉપર આનંદ પ્રદર્શિત કરો.

ફરી ફરી આનંદ-અનુમોદન વ્યક્ત કરો.

(૯) સદૈવ સૌમ્યમુદ્રા રાખો. સદૈવ સ્મિત વેરો.

(૧૦) તપસ્વીના તપની, જ્ઞાનીના સ્વાધ્યાયની, ત્યાગીના ત્યાગની, ટૂંકમાં ગુણિયલના ગુણની અનુમોદના કરવાનું કદી ચૂકશો નહિ. શ્રીજિનશાસનમાં દુષ્કૃતની-પાપની નિંદા કરવાનું પણ વિધાન છે જ. તમે જો ગુણીજનના ગુણાનુવાદની ઉપેક્ષા કરો, એમાં તમારી નાનમ સમજો, કોઈની પ્રશંસામાં લાચાર બનો તો તેનાથી તે ગુણિયલ વ્યક્તિને કોઈ નુકસાન નહિ થાય, પણ તમે તો ઘણું ઘણું ખોઈ નાખશો. એવી કુટેવોનાં ફળ તુરંત

નથી જણાતાં, પણ એનાં ફળોનો મોટો સરવાળો થાય છે ત્યારે અવશ્ય જણાય છે કે આ દોષે જ બધાથી અલગતાની એક પામર સ્થિતિ ઊભી કરી દીધી છે.

**પરગુણપ્રશંસા એ ઉપબૃંહણા છે, દર્શનાચાર છે. એની ઉપેક્ષા ઘણી થતી જણાય છે. જે બિલકુલ સારી બાબત નથી.**

અમેરિકાનો પ્રમુખ અબ્રાહ્મ લિંકન શત્રુના પણ ગુણની પ્રશંસા કરતો. એક વાર એના મિત્રે એવી પ્રશંસા કરતા એમને વારતાં કહ્યું કે, "એ રીતે તો દુશ્મનો વધશે ! દુશ્મનોનો તો નાશ જ કરવો." લિંકને તુરત કહ્યું, **"દુશ્મનના સાચા ગુણોની પ્રશંસા કરવાથી દુશ્મનોની દુશ્મનાવટ મારીને હું દુશ્મનોનો નાશ જ કરી રહ્યો છું. શત્રુનાશનો શ્રેષ્ઠ પ્રકાર આ જ છે."**

આ વાત આપણે ખૂબ વિચારવી જોઈએ અને પરગુણસ્તવના પ્રત્યેની આપણી ઉદાસીનતાને સંપૂર્ણ દેશવટો આપવો જોઈએ. આજે તો ઉપકારીના ઉપકારનું પણ અનુમોદન કરાતું નથી, સંકોચ થાય છે, પરોત્કર્ષમાં સ્વાપકર્ષની ભાવના અડી જાય છે. કેટલી તુચ્છતા ! ઉપકારીના ગુણનું અનુમોદન પણ અશક્ય !

આટલું સૌજન્ય નહિ હોય તો મુનિપદની લાયકાત કોણ કબૂલવાનું છે ? અસ્તુ.

(૧૧) તમારી પાસે જે કાંઈ સારું હોય તે પ્રસંગે પ્રસંગે બીજાને આપો. સારી વસ્તુની મૂર્છા એ સૌજન્ય નથી. **સૌજન્ય ભોગમાં નથી, ત્યાગમાં છે, સ્નેહમાં છે.**

(૧૨) યજમાનને કોઈ ભેદભાવ વિના સત્કારવા માટે અવશ્ય જાઓ.

સૌજન્યની આવી તો ઢગલાબંધ વાતો છે. અત્યારે તો આવા સૌજન્યની સર્વત્ર પ્રભાવના કરવાની ખૂબ જરૂર છે. આવા સૌજન્યના અભાવે તો સંઘમાં તડાં પડ્યાં, ફાટ પડી અને મોટી ચીરાડો ઊભી થઈ. એક નાનકડી ભૂલ વ્યવહારોચિત કર્તવ્યની ખામી, બીજાની આંખમાં (જીવનભર) કણિયાની જેમ ખૂંચતી રહે છે. એનું પરિણામ એ જ આવે છે કે શાસનના કોઈ પણ કાર્યમાં બે વ્યક્તિ ભેગી મળીને કામ કરી શકતી જ નથી.

તમારા અંતરમાં જો વીતરાગદેવનું શાસન વસ્યું હોય, તમે એની ખાતર કુરબાન થઈ જવાનું દિલથી ચાહતા હો તો તે માત્ર વિદ્વત્તા, તપોબળ કે વિશિષ્ટ પુણ્યશક્તિથી કદાપિ નહિ બની શકે.

સૌજન્યની પણ ત્યાં અનિવાર્ય જરૂરિયાત રહેશે જ. મોટી મોટી શક્તિઓ આ સૌજન્યના અભાવે નાકામિયાબ બની છે. ઇતિહાસ એની સાખ પૂરે છે. તમે એ વાતનો ઇન્કાર કરી શકો તેમ નથી.

આજથી જ સૌજન્યની સર્વત્ર પ્રભાવના કરો. ગુલાબનું પુષ્પ જ્યાં જાય ત્યાં ચોમેર સુગંધ વેરે, તેમ તમો જ્યાં જાઓ ત્યાં સૌજન્યની સુવાસ પ્રસરાવો.

ભાવીમાં સંભવિત મહાન કાર્યોની સિદ્ધિના પાયામાં સૌજન્યનો જ સિમેન્ટ ભરવાનો છે. આજથી જ એવું પ્રેમનું, સ્વાર્પણનું, સ્નેહનું વાતાવરણ તમારી ચોમેર જમાવવા લાગો. પછી એનો ઉત્તર માંગવો નહિ પડે. ભાવી જ આપશે. ભવ્યભાવીનું આજનું સોણલું આવતી કાલનું સત્ય બનશે.

સૌજન્યનો અનાદર એટલે વ્યવહારમાર્ગનો અનાદર, શિષ્ટાચારનો અનાદર; સંઘૈક્યનો અનાદર; જિનેશ્વર દેવના માર્ગનો અનાદર !

અનુભવ કરો; સર્વને તમારા શુભસૌજન્યથી વશ કરો. ચોમેરથી એટલો બધો પ્રેમ મળશે કે તમે સ્વર્ગનેય ભૂલી જશો. અસૌજન્ય દાખવીને, અપ્રિય બનીને કર્મને કદી દોષ દેશો મા !

અને પછી તો એ પ્રેમનો ધાર્યો લાભ ઉઠાવવાનું તમારા હાથમાં જ છે. સૌજન્યના બળથી પ્રેમમય વાતાવરણ ઊભું કરો, આવતી કાલ એનાં મધુર ફળો તમને ચખાડશે જ ચખાડશે.

●

# ૧૨ અય ! રાગ, તારા જ પાપે ને !

જ્યાં નજર નાખું છું ત્યાં સર્વત્ર દુઃખ જ દેખાય છે. બધુંય દુઃખથી ખીચોખીચ ભર્યું છે.

કોઈ દેશ નથી જે જરાય દુઃખી ન હોય, કોઈ ગામ નથી જ્યાં જરાય દુઃખ જોવા ન મળે. કોઈ કુટુંબ નથી જે દુઃખને સ્પર્શ્યું ન હોય, કોઈ માનવી નથી જેણે દુઃખનાં આંસુ કદી વહાવ્યાં ન હોય.

માનવીનો કોઈ દી એવો ગયો જોવા મળતો નથી, કોઈ એક રાત વીતી સાંભળી નથી જેમાં એને દુઃખની એકાદ ધ્રુજારી પણ ન વછૂટી હોય. નારકો દુઃખી, તિર્યંચો દુઃખી, માનવો દુઃખી. અરે ! દેવો અને દેવેન્દ્રો પણ દુઃખી !

સમગ્રલોક દુઃખથી ખદબદે ! શું દુઃખ વિનાનું, દુઃખના એકાદ પણ લપકારા વિનાનું, સર્વદા સુખમય કોઈ સ્થાન નહિ હોય ચૌદેય રાજલોકમાં ! હા, યાદ આવ્યું, છે એક માત્ર સિદ્ધિનું સ્થાન. જ્યાં દુઃખ નથી, દીનતા નથી, કશુંય નથી. સર્વનાં દુઃખોનો જ્યાં સર્વથા અભાવ છે. માટે જ એ આપણું સાધ્ય છે. માટે જ એ આપણું આરાધ્ય છે, ઉપાસ્ય છે, માટે જ સર્વ દુઃખમુક્ત એ સિદ્ધ ભગવંતો આપણાં પરમાત્મા છે.

દુઃખનો પણ સાચો ડર લાગી જાય તો દુઃખનું કારણ પાપ શોધી કઢાય. પછી બુદ્ધિમાન આત્મા દુઃખમુક્તિ માટે પાપમુક્ત થવાનો પ્રયત્ન કરવા લાગી જાય.

સાચો દુઃખભીરુ બને તે અવશ્ય પાપભીરુ બને. અવશ્ય મહાત્મા બનીને પરમાત્મા બની શકે.

સાચા ધર્મભીરુ બનવું એ આ દુઃખમય જગતમાં તો અશક્ય નથી જ. ભલેને વૈતરણીનાં લોહિયાળ નીર ન દેખાતાં હોય, ભલેને રોમરોમમાં એકી કલમે ઊંડે ઊતરી જઈને ચોમેર લોહીની છોળ ઉડાડતા ભીમકાય પરમાધામીના લક્ષાવધિ તીક્ષ્ણ ભાલાઓ ન દેખાતા હોય, ભલે ધગધગતી લોહપૂતળીને આલિંગન દેતા, કારમી કિકિયારીઓ દેતાં નારકો ન દેખાતાં હોય, ઠંડા પાણી માટે કરુણ કાકલૂદી કરતા, ધગધગતા સીસાનો રસ પીવાનો ઈન્કાર કરતા, નાસભાગ કરવા મથતા છતાં પરાણે એ રસ પીતા, પોલાદી

દીવાલોને પણ ચીરી નાંખે એવી ભયાનક ચીસો પાડતા કર્મનાં અપરાધીઓ ભલે આ ચામડાની આંખે નજરે ન આવતા હોય, રે ! બીજી તો શી વાત કરીએ ? કેટલાંક હજારો વર્ષ પછી જેમનો આત્મા આ જ ભારતમાં પ્રથમ તીર્થપતિ તરીકે જન્મ પામવાનો. જેમના હાથે કોટાકોટિ આત્માઓનાં કલ્યાણ થવાનાં, એ સર્વ હિતકર સર્વેશ્વર દેવાધિદેવ પદ્મનાભ વિશ્વપતિનો આત્મા પણ કર્મે સર્જેલી નાનકડી ભૂલના પરિણામે હંટરોની ફટકાબાજીને, ભાલાઓની આતશબાજીને, અંગારાઓની આગવર્ષાને ભોગવી રહ્યા છે. પણ, પણ ભલે એય ન દેખાય. જવા દો એ અંતરિક્ષની પેલે પારની દુનિયાની વાત ! મૃત્યુના પડદા પાછળની એ કરલીલાઓની વાત !

આ જ જગતમાં, આ જ જીવનમાં, અહીંના જ નિવાસી જીવોની કથા તો સાંભળો. જરાક કાન દો. જરૂર અવાજ આવશે. બધું સમજાશે. એ જીવોનાં જીવન તરફ જરાક આંખ તો નાંખો. બધું જ દેખાશે. આંખે અંધારાં લાવી દે એવું ઘણું ઘણું જોવા મળશે. હૃદયના ધબકારા એકાએક બંધકરી દે એવું ઘણું ઘણું સાંભળવા મળશે. પણ, એ માટે હૃદય પણ જોઈએ. માત્ર આંખેથી એ દેખાતું નથી, માત્ર કાનેથી એ સંભળાતું નથી. હૃદય જ એને વાંચી શકે છે, હૃદય જ એને સાંભળી શકે છે.

ઘણાંય એવાં કરુણ દશ્યો જુએ છે અને સાંભળે છે, પણ હૃદયવિહોણી એમની આંખો આંસુથી ભીની પણ થતી નથી. એમના કાન લગીરે કંપ અનુભવતા નથી.

સાધકોની દુનિયાની આ વાત છે. આ દુનિયામાં હૃદય જ સઘળું છે, હૃદય જ પ્રાણ છે, હૃદય જ આંખ છે, કાન છે, જીવન છે, આરાધના છે અને આરાધ્ય પણ એ જ છે.

જેને હૃદય જ નથી એને ભલેને શાસ્ત્રનું પાંડિત્ય વર્યું હોય, ભલેને ઘોર તપનો સ્વામી હોય, ભલેને પ્રભાવક વક્તા હોય કે લટકાળો લેખક હોય, પણ મુક્તિની આરાધના માટે તો એ નાલાયક પુરવાર થાય છે.

હૃદયવિહોણો તો સંસાર માટે જ લાયક કહેવાય, સંસાર જ એનું પ્રિયતમ ધામ બની જાય. શ્રેયસની (મોક્ષની) આરાધના એને માટે તો સંસારની જ ઉપાસના જ બને છે.

હૃદય મેળવો; હૃદયની આંખ અને હૃદયના કાન મેળવો; અને પછી –

આ જુઓ સામે પેલો કૂતરો, રોટલાની લાલચે ભૂખનો માર્યો સામી શેરીમાં આંખ મીંચીને દોડ્યો જ જાય છે. પણ આ શું ? રોટલા ઉપર તૂટી પડેલા એ જ શેરીના ડાઘિયા કૂતરા રોટલો પડતો મૂકીને નવા કૂતરા સામે થઈ ગયા ! ભયંકર ઘુઘરાટ ચાલ્યો અને એકદમ તૂટી પડ્યા ! લોહીલુહાણ કરી નાખ્યો આગંતુક કૂતરાને. તોય ન અટક્યા. માંસના લોચેલોચા બહાર ખેંચી કાઢ્યા ! એ કૂતરાઓ ઉપર ચોમેરથી દંડા પડ્યા ! પણ બધું નિષ્ફળ ! રોટલા ખાતર દોડતા પોતાના જ જાતભાઈનો એ કૂતરાઓએ રોટલો કરી નાખ્યો.

લોહીનું ખાબોચિયું, માંસના વેરાયેલા કકડા, મોં ફાડીને પડેલું કૂતરાનું શરીર, ભયાનક ચીતરી ચડે એવું દશ્ય ખડું થઈ ગયું ! વેરાઈ ગયા કૂતરાઓ ! વેરાન બની એ ભૂમિ ! વેરણ છેરણ થઈ ગયો એક જાતભાઈ ! કોઈનો લાડકવાયો ! કોઈનો પ્રિયતમ ! કોઈનો પ્રેમાળ પિતા !

હાય ! આ દુઃખ ! આવો મરણતોલ ફટકો ! મૃત્યુ ! તેય આટલું બધું કરુણ ! ક્રૂરતા ! પણ આટલી અમર્યાદ ! પળપળમાં પલટાતું હશે સંસારનું ચિત્ર ? ક્ષણમાં સુખી, પળમાં જ દુઃખી ! મહાદુઃખી ! ચૌદે રાજલોકમાં, ચારેય ગતિમાં શું પળે પળે આમ સુખદુઃખના ભાવ પલટાતા હશે ? જીવ એમાં પલટાતો હશે ! કોના પાપે ? કોની ભૂલે ? અય ! કુત્તા તુંય અનંતશક્તિનો સ્વામી ! શુદ્ધ તારું સ્વરૂપ ! અનંત તારું સુખ ! છતાં તું કુત્તો કેમ ? તારું આવું કરુણ મોત ક્યાંથી ? કોના પાપે ? રોટલાના પાપે ?

ના, ના, કદાપિ નહિ. એ તો ભૂતકાળમાં મન ભરીને પોષેલા રાગના અને રોષના જ પાપે બન્યું છે !

અને જરા આ છાપું જુઓ ! એમાં લખ્યું છે, 'લંડનમાં એક યુવાને પોતાની પ્રિયતમા નવોઢાના જીવનનો આણેલો કરુણ અંજામ !' શી ભૂલ થઈ ? બસ એટલું જ કે પ્રિયતમાએ સ્વદેશ જવાની ઈચ્છા બતાવી. પતિને વાત કરી, સાથે કહ્યું કે તમે પણ ચાલો. પતિએ એ વાતનો ઈન્કાર કર્યો. તારે જવું હોય તો જઈ આવ. પત્ની હઠે ચડી. ક્લેશના અણુમાંથી મેરુ ઊભો થયો ! ક્રોધાવિષ્ટ પતિએ બાજુમાં પડેલી છરી ઉપાડી ! પળમાં જ ચીસો પાડતી પ્રિયતમાના કકડે કકડા થઈ ગયા !!! અંતરનાં અરમાનો ભડથું થઈ

ગયાં ! હાય ! વહાલાપણ દવલા બને ! પ્રેયસીના પ્રાણ પ્રિયતમ લે ! અંગેઅંગના કકડા થઈ જાય ! મૈયારી ! અય રાગ ! તારા જ પાપેને ! ભૂતકાળની કો'ક રાગદશા ! કો'ક કષાયની પ્રીત ! એનો જ આ કરુણ અંજામને ? પણ દુઃખનીય કોઈ સીમા નથી સ્તો. પણ એમાં કશું આશ્ચર્ય નથી. રાગરોષનો ભાવ જો મર્યાદા જાળવતો નથી તો દુઃખ પણ અમર્યાદ જ રહેવાનું. અને....

આ સાત માળના મકાનમાં ચાલો, તો જુઓ બેડરૂમ ! તદ્દન એરકન્ડિશન્ડ ! નીરવ શાંતિ ! ડનલોપની ગાદી ઉપર એક નવયુવક સૂતો છે ! ગર્ભશ્રીમંતનો પનોતો પુત્ર છે ! એકનો એક દીકરો છે ! પણ કેન્સરનો વ્યાધિ એની ચોમેર ભરડો લઈ ચૂક્યો છે ! મૃત્યુ બારણે આવી ચૂક્યું છે. હશે, ભલે મૃત્યુ એના પગેય આવી જાય. પણ આટલી બધી વેદના ! ગળા ઉપર ત્રણ ઈંચ ઊંડો ઘા પડ્યો છે ! રસી નીકળે જ જાય છે ! રોમરોમમાં શૂળ ભોંકાય છે ! માથું તો તૂટી પડે છે. માથે હાથ ફેરવતી માને પુત્ર કહે છે, “હવે તો મને ગોળી દે મા ! તું મારી ખરી મા હોય તો એક જ સેકન્ડમાં મને ગોળી દે ! હવે નથી રહેવાતું” બોલતાં બોલતાં લોહીની ઊલટી થાય છે.

ઓ વીર ! આ દુઃખ ! નારકનાં દુઃખ આના કરતાંય અનંતગુણ તેં કહ્યાં ! ઓહ ! કોના પાપે ? અય ! રાગ ! તારા જ પાપેને ?

ગરમાગરમ મનભાવતી ચાનો કપ મોંએ અડાડીને, એક જ પળ જે લહેજત અનુભવી, રોમરોમમાં જે અવાચ્ય આનંદ વ્યાપી ગયો; શું એ આનંદના જ પાપે ! એક પળના રાગનાં પાપ શું યુગોનાં દુઃખ સાથે ત્રાટકે ! શું સર્વાંગે શૂળ ભોંકે ? શું મા સામે દીકરાને હત્યાની યાચના કરાવે ?

અને જરા આ બાજુ કાન ધરો. ગઈ કાલે જ સંસારમાં પગલાં માડ્યાં હતાં. એક જ રાત વીતી. પતિ હાર્ટફેઈલ થયો. પ્રેયસી છાતીફાટ રુદન કરે છે ! એની મુખમુદ્રા સામે જુઓ. કેટલી કરુણતા ? કેટલું દર્દ ? ઓહ ! જોયું નથી જતું. એનાં સોણલાંને કોણે એક જ કડાકે ધરાશાયી કર્યાં ? કોણે એના જીવનને ઝેર બનાવ્યું ? આ રોઈ રોઈને લાલચોળ થઈ ગઈ આંખો ! ક્યારે સુકાશે ? ભાવી કેવું હશે ? જીવન શું હશે ? ગઈકાલની નવોઢા આજની વિધવા ! જગતમાં એનું સ્થાન ક્યાં હશે ? ફૂટેલી ચૂડીઓ ! ભૂંસાયેલું સિન્દુર ! ફેંકાઈ ગયેલો ચાંદલો ! કેટલું કરુણ ચિત્ર !

અય ! રાગ તારા જ પાપેને ?

રે ! લાલસા ! રે વિભૂષા ! રે સુખશીલતા ! રે વિષયવાસના ! રે દુષ્ટવૃત્તિઓ ! રે કષાયો ! તમારા જ પાપેને ?

જુઓ પેલું અનાથ બાળક ! માની યાદમાં રોયા જ કરે છે. છે કોઈ એનાં આંસુ લૂંછનાર ? છે કોઈ એની માને પાછી લાવનાર ? બની શકે છે કોઈ એની મા ?

શી ભયાનક તાકાત છે રાગરોષની ? એક જ પળની ભૂલ ! લાખો યુગોનાં સર્જન કરે ! જીવનોનાં ધનોતપનોત કાઢી નાખે. ધનનો રાગ ધનપતિને એવો તો નિર્ધન બનાવે કે બારે માસ સૂકા રોટલા ખાતર ભટકે તોય રોજ સાંજ પડે કટકો રોટલોય ખાવા ન મળે. મળે માત્ર પેટ ભરી ગાળો ખાવાનું !

મન ગમતા એક વસ્ત્ર ઉપરનો એક રાગ, એક ક્ષણનો રાગ ! વિશ્વની ક્રૂરમાં ક્રૂર સજાઓ ફટકારે !

મીઠી કઢીનો એક જ સબડકો ! અને કર્મસત્તા હસી ઊઠે ! ભયંકર કોરડો એના ઉપર વીંઝાય ! ખલાસ, એક નાનકડી ભૂલ, વધુમાં વધુ ભયંકર સજા ! સત્તાનો મદ અદના નોકર સામે લાલ આંખે જુએ ! અને કર્મરાજ ! એ લાલસાથી વધુ ઘેરી લાલ અગ્નિજ્વાળાઓ વચ્ચે એની વ્હાઈટ હાઉસની ઈમારતને એક પળમાં સળગાવી મારે !

જોવાં છે દુઃખ ? તો પામો હૈયું અને જોતા જાઓ ખૂણે ખૂણે ચાલતી દુઃખોની ક્રૂર આતશબાજીને ! રાડ પડી જશે ! હૈયું થીજી જશે ! અવાક્ બની જશો !

ઠંડા ખૂન, ક્રૂર સજાઓ, નિર્દય લૂંટફાટ અને ભીષણ અત્યાચાર, સ્વાર્થાન્ધ જગતમાં ચોરે ને ચૌટે જોવાં મળશે.

અને એ દર્શને સાચા દુઃખભીરૂ જો બની જશો તો એ દુઃખનાં નિદાનરૂપ પાપ તમારી નજરે ચડશે.

રાગ અને રોષ બેજ પાપ છે. દુઃખ ભયાનક લાગશે. તો આ પાપ પણ ભયાનક જણાશે. પછી જ પાપથી નાસભાગ થશે. રાગ અસહ્ય થશે, રોષ અસ્પૃશ્ય બનશે.

પાપની એકેકી રજકણે દુઃખોના પહાડ ઊભા થાય છે એ વાત જેના

# ૧૩ સાચી અનાથતા

હજી હું અનાથ છું !

મુનિ થઈને પણ અનાથ !

રે, મુનિ તો વિશ્વનો બાદશાહ હોય, સર્વ જીવોનો નાથ હોય ! વિશ્વના કોઈ પણ સુખની પરવાહ ન કરે તે વિશ્વનો બેતાજ બાદશાહ કહેવાય ! સર્વ જીવોને અભયદાન દઈને સર્વની રક્ષા કરે તે સર્વજીવોનો નાથ કહેવાય !

શ્રીઉત્તરાધ્યયન સૂત્રનું 'મહાનિર્ગ્રન્થીય' નામનું વીસમું અધ્યયન વાંચતાં મને લાગ્યું કે હું હજીય અનાથ છું.

અનાથી મુનિ થયા પછી એ નાથ હતા.

'હું મુનિ છું છતાં અનાથ છું !' ભગવાન અનાથી પોતે જ મારા કાનમાં જાણે આ વાત કરી રહ્યા છે !

કૌશામ્બી નરેશનો લાડકવાયો પુત્ર ! યૌવનવયે અનેક કન્યાઓ સાથે એનું પાણિગ્રહણ થયું. હજી તો યુવાનીની ઉષા માણી ન માણી અને ભયંકર વ્યાધિઓથી રાજકુમારનું શરીર છુંદાઈ ગયું. આંખોમાં ચોવીસેય કલાક તીક્ષ્ણ શૂળ ભોંકાવા લાગ્યાં ! અંગઅંગમાં અગન વ્યાપી ગઈ ! રોમરોમમાં એક સાથે કરોડો ભાલાઓ ભોંકાય એવી ભયાનક વેદના પણ સાથે જ ઊપડી ! માથું તો ફાટફાટ બોલી રહ્યું ! ઈન્દ્રના વજ્રના ઘા ઝીંકાતા હોય તેવી વેદના ત્રાહ્ય પોકરાવા લાગી !

ભગવાન ધન્વન્તરીના અવતારસમા આયુર્વેદના અચ્છા જાણકારો દોડી આવ્યા ! મંત્રવિશારદોથી શયનખંડ ઊભરાઈ ગયો ! શાંતિતુષ્ટિના પ્રઘોષોથી વાતાવરણમાં કરુણતા છવાઈ ગઈ !

સાચા ખોટા સૌ દોડી આવ્યા !

આખુંય નગર નિસાસા નાંખતું લમણે હાથ દઈને બેઠું છે ! વેદનાનો સુમાર નથી ! રાજકુમાર ક્યારેક ચીસો પાડી ઊઠે છે; ક્યારેક બેભાન થઈને લાકડું બની જાય છે. એને આજે ચેન નથી, જંપ નથી.

માતા ખોળે માથું લઈને બેઠી છે. ભાઈઓ ચરણો દાબી રહ્યા છે. પત્નીઓ ચોધાર આંસુ ખાળી રહી છે, અંગે અલંકાર નથી, કોઈ મૂલ્યવાન વસ્ત્ર નથી, બહેનો પણ છાતીફાટ રડી રહી છે.

થોડી વાર થઈ. રાજકુમાર આંખો ખોલે છે. માતાને જુએ છે. "ઓ મા ! સૂનમૂન કાં બેઠી છે ? મારા રોગનું નિવારણ કર ! હવે તો સહેવાતું નથી !"

ભાઈઓને કહે છે, "ઓ, ક્રીડાસુખના ભાગીદારો ! આજે મારી પીડાના દુઃખમાં કેમ ભાગીદારી નોંધાવતા નથી !"

"બહેન ! તુંય આટલી બધી સ્વાર્થી નીકળી ?"

"ઓ પ્રાણેશ્વરીઓ ! તમેય માત્ર મારો શોક પાળશો ! મારા એક રુંવાડેથીય રોગ નહિ લો ?"

"એક રુંવાડાના રોગથી પણ જો કંપતા હો તો કલ્પના કરો તમારા પ્રિયતમની ! એના રોમરોમમાં આગ લાગી છે."

"હાય સંસાર ! હાય સ્વાર્થમયતા !"

"હાય અનાથતા ! હાય પરવશતા !"

તરફડિયાં મારતો રાજકુમાર મૂર્છિત થઈ ગયો ! થોડી ક્ષણો વીતી. ફરી ભાન આવ્યું. પરાધીનતાની પોલાદી જંજીરોને એક જ કડાકા સાથે તોડી નાંખતા દેવાધિદેવ પરમાત્મા આંખ સામે તરવરવા લાગ્યા ! ઘોરપુરુષાર્થની જીવંત પ્રતિમાનાં દર્શન થયાં ! વિરાટકાય મોહરાક્ષસની સામે સાત હાથની કાયાવાળા વામણા દેખાતા મહાવીરને જોયા. જોતજોતામાં ભયાનક પુરુષાર્થ ખેલાઈ ગયો ! ઘોર તપના વાઘનખ એ રાક્ષસની છાતીમાં ભોંકાઈ ગયા અને ઊભો ને ઊભો ચીરી નાંખ્યો, સર્વનું સત્યાનાશ મચાવનારને !

ગગનમાં દુંદુભિના નાદ બજયા ! પુષ્પોની વૃષ્ટિ થઈ ! જયજયારવ સંભળાયો ! રાજકુમારની સામેથી આખુંય દશ્ય ચલચિત્રની જેમ પસાર થઈ ગયું.

"સર્વદુઃખનું મૂળ પાપ ! રાગ અને રોષનું યુગલ ! બસ,તો હવે મૂલોચ્છેદ જ કરી નાંખું !

કર્મની ગુલામી મને ન પરવડે ! આ અસહ્ય દશા હું નહિ જ નભાવી શકું ! હું અનાથ છું ! ગુલામ છું ! નિરાધાર છું ! કોઈ મને રોગમુક્ત ન કરી શકે ! વૈદ્યો, પિતા, માતા, ભગિની, પ્રાણપ્યારી પ્રિયતમાઓ; બધા જ મારા સુખમાં સાથી ! દુઃખમાં હું એકલો જ ! અનાથ !

નહિ, નહિ, પ્રતિજ્ઞા કરું છું કે જો આ વેદનામાંથી એક વાર પણ મુક્ત થાઉં તો આ અનાથ સંસારમાંથી સત્વર નાસી છૂટીશ !"

આંખો મીંચાઈ ગઈ. આજે ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. સૌનાં મન પુલકિત બન્યાં. સવાર પડી. વેદના શાન્ત થઈ ગઈ હતી. ભવ્યતમ સંકલ્પે અશાતાવેદનીયના દલિકોને ધક્કો મારીને ક્યાંય હડસેલી મૂક્યા હતા !

રાજકુમાર જાગ્યો. સહુને રાતની વાત કરી. રોતાં કકળતાં સૌને મૂકીને હસતો રમતો એ ચાલી નીકળ્યો વતનની માટે; મુક્તિની પગદંડીએ.

એક દિવસની વાત છે. ભગવાન અનાથી કાયોત્સર્ગ મુદ્રામાં સ્થિર હતા. મગધપતિ બિંબિસાર ત્યાંથી પસાર થયા.તેજસ્વી મુખમુદ્રા ! અનુપમ લાવણ્ય ! રાજવંશી દેહ ! આંગણે રમતી ખીલતી યુવાની ! આ બધું જોઈને સન્ન થઈ ગયા. માથું નમી ગયું ! પગ ત્યાં જ જડાઈ ગયા ! આ શી રીતે બને ? રંગરાગની રમઝટમાં વિરાગ ! રંગરાગની ગંજીને ! ચિનગારી !

લાવ પૂછું. મુનિએ આંખો ખોલી અને માંડીને બધી વાત કરી. મગધપતિએ કહ્યું, "મહાત્મન્ ! અનાથ છો ? હું તમારો નાથ થાઉં."

મુનિનું વદન હસી ઊઠ્યું. "તું અનાથ ! મારો નાથ થવાની વાતો કરે ?"

ઘણી વાતો થઈ. ત્યાર પછી ખૂબ જ મહત્ત્વની વાત ભગવાન અનાથીએ મગધપતિને કરી કે મેં જે અનાથતા કહી એ તો બહુ સામાન્ય પ્રકારની અનાથતા છે; પણ ખરી અનાથતા તો તે સંસારત્યાગી સંતોની છે જે સંતો સંસારથી વિરક્ત બનીને ખાનપાનાદિના રંગે રંગાઈ જાય છે, સાગર તરી જઈને છેવટે ખાબોચિયામાં ડૂબી જનારો જ ખરો અનાથ છે. હાથી નીકળી જાય અને પૂંછડે અટવાઈ જાય એ જ સાચો અનાથ છે.

**અસીમોપકારી વીતરાગને પણ ભુલાવી દે એવી જડની જમાતમાં જે રાગી બને એ જ અનાથ છે.**

જડનો નાશ કરવા નીકળેલો પોતે જ જડનો ગુલામ બની જાય ! જડના રાગમાં પલોટાઈને અગણિત ચેતનોના ચૈતન્યને હરી લે છે એ સર્વ જીવોનો નાથ કેમ કહેવાય ? રક્ષક જ ભક્ષક બન્યો ને ? વાડ ચીભડાં ગળે ત્યાં ફરિયાદ કોને કરવી ? કેવી ભયાનક જાળ બિછાવી છે મોહરાજે ? એનાં પ્રલોભનો તો એકેકથી એકેક ટપી જાય તેવાં.

મુક્તિના એક માત્ર લક્ષ્યે નીકળેલો પ્રલોભનોની જાળમાં ફસડાઈ પડે ! ધરતી ઉપર સલેપાટ સૂઈ જાય !

નિર્મોહી લલનાની સામે ટગર ટગર જોયા કરે ?

મૂર્ચ્છામુક્ત કપડાંની ટાપટીપમાંથી ઊંચો ન આવે ?

ભાવશૌચકારી કપડાં જ ધોયા કરતો ધોબી બને ?

અશરીરીનો ભક્ત શરીરની જ મમતા કરતો રહે ?

અરે ! અણાહારી પદનો લાલચુ ! આહારના રસોમાં જ રંગાયેલો રહે ?

અને લોકથી નાસતો ભાગતો ફરનારો લોકના જ માનપાને લપેટાઈ જાય ?

અનાસક્ત ! શિષ્યમોહમાં આસક્ત થઈ જાય ? જેના નાથ સમગ્ર જડનું આધિપત્ય ભોગવે એ સંત વિષયોનાં તુચ્છાતિતુચ્છ સુખો ખાતર જડનો ગુલામ બની જાય ?

શું જડનો ગુલામ વીતરાગને દિલથી ભજી શકે ? શું જડનો માશુક વીતરાગને હૃદયથી ચાહી શકે ? શું વિષયોનો પ્રેમી વીતરાગ સાથે પ્યાર કરી શકે ? શું વિષયાસક્ત સર્વજીવોની મૈત્રી સાધી શકે ? અસંભવ !

'પણ અનંતકાળની જડ સાથેની પ્રીત, દેહ સાથેની માયા, મમતા એક જ ધડાકે તો શે જાય ?' નહિ, નહિ, આ બચાવ જ ખોટો છે. જેને વીતરાગ મળ્યા, વીતરાગે દીધેલું જ્ઞાન મળ્યું, વીતરાગદેવનો અનુગ્રહ મળ્યો, એને માટે તો એક જ અન્તર્મુહૂર્તનું લઘુતમ જીવન બસ છે. એટલા જ સમયમાં જડની પ્રીતનો અચલબંધ કડાકા કરતો તૂટી જાય, આત્માની જ્યોત પરમાત્માની જ્યોતમાં મળી જાય, પણ એ માટે શહીદ બનવું પડશે. જાનફિસાની કરી છૂટવા સિવાય બીજી કોઈ પણ મહેચ્છા નહિ રાખી શકાય. એ માટે દેહના સુખને ચિનગારી ચાંપવી પડશે અને માનપાનની ભૂખને સળગાવી મારવી પડશે. આ ભીષ્મસંકલ્પ વિના કોઈ પણ આત્મા નાથ બની શક્યો નથી બલ્કે સદાને માટે એ જડનો ગુલામ બની રહ્યો છે અને એથી જ સર્વ જીવરાશિનો સંહારક બન્યો છે.

સર્વજીવોનો નાથ તે જ બની શકે જેની ઐહિક સુખેચ્છા તદ્દન મરી પરવારી હોય. કેમકે ઐહિક સુખોના ભોગવટા જીવોનો ભોગ લીધા વિના સંભવી શકતા જ નથી.

આજે એક દૃઢ સંકલ્પ કરીએ. "સર્વ જીવો મારા ખોળામાં, મારી હથેળીમાં, મારી નજરમાં આનંદકલ્લોલ કરતા જ રહેવા જોઈએ અને

સર્વજીવોના રક્ષક વીતરાગ મારા મનમંદિરિયે સદૈવ બિરાજતા રહેવા જોઈએ."

એ માટે મારે મારાં વિષયસુખોને તિલાંજલિ આપવી પડશે એટલું જ ને ? હરદમ તૈયાર છું. તુચ્છસુખોના રાગના ત્યાગમાં સર્વજીવરક્ષા શક્ય બનતી હોય અને વીતરાગની યાદ હરપળની બની જતી હોય તો એ ત્યાગ નાચીજ બાબત છે.

એક જ જીવન વિષયભોગની વાસનાથી મુક્ત બને તો અનંત જીવોને આરામ અને સુખચેન મળે. અનંત દુ:ખોથી સ્વને પણ ભાવીમાં મુક્તિ મળે.

એક ભીષ્મ સંકલ્પ !

એક જીવન !

એક ઝબૂકો !

ઓ આતમરામ ! હોમી દે તારી સુખૈષણાને અને બચાવી લે હોમાઈ જતાં અનંતજીવનોના સુખને ! બની રહે તું ધૂમકેતુનો તારક કે જે એકાએક જાગે, એકાએક અસામાન્ય રીતે ચમકે ! અને પૂરી મસ્તીથી ખરી પડે.

જાગી જા, ઝબૂકી જા અને નિર્વાત પામી જા.

વિષયોનો ગુલામ સંત બને ? સંત જો વિષયનો ગુલામ બનશે તો વંધ્યા પુત્રને કેમ નહિ જણશે ? સંત અને ગુલામ ? સંત અને અનાથ ? અફસોસ ! અનાથ એ સંત ન હોઈ શકે. સંતના લેબાસ હેઠળનો કોઈ ઘાતકી દંભી જ હોય ! એને કોઈ સંત કહેશો મા. આવા સંતોથી તો સંતપદને કલંક લાગે.

જડનો ગુલામ શું જડની ગુલામીના તુચ્છ સુખને મેળવીને વૈતરિણીનાં ઘોર દુ:ખોને નોતરું નથી દેતો ? એના કરતાં બહેતર છે કે એ ગુલામીની જંજીરો તોડી ફોડી નાંખવા માટે શહીદ બનવું. શહાદતનું દુ:ખ મેળવી લઈને આગામી અનંતદુ:ખોથી મુક્ત થવું.

કયો વિકલ્પ પસંદ કરવો છે ? તુચ્છ સુખે ઘોર દુ:ખનો કે અલ્પ દુ:ખે પરમ સુખનો ? વિષયોની ગુલામીએ જ આ લલાટે 'અનાથ' શબ્દનો લોહપટ્ટ જડ્યો છે એ ભૂલશો નહિ.

સંત અનાથ હોય એ હકીકતમાં કરુણતાની પરાકાષ્ઠા સિવાય બીજું

શું છે ? વીતરાગ જેવા નાથ મળ્યા પછી જે અનાથ બને એના જેવો દયનીય કોણ હોઈ શકે ?

ભગવાન અનાથી મને 'અનાથ' કહે છે એ સાંભળતાં જ આખા શરીરમાંથી જાણે વીજ પસાર થઈ જાય છે.

"ઓ પરમકૃપાલો ! અનાથ છું પણ અનાથતાનો માશુક નથી હોં ! ગમે છે માત્ર તું મારો નાથ. તું મારો નાથ જ હોય તે હકીકત મને પ્રિય છે. મારે નથી જોઈતી આ એશારામીની અનાથતા.

ઓ સર્વેશ્વર ! સાતમી અધમ નારકનો જીવ બનવા તૈયાર છું પરંતુ અનાથતાનું અઘોર કલંક સ્વીકારવા સર્વથા મજબૂર છું.

પ્રભો, ધોઈ નાખ આ કલંકને, વિદારી નાંખ વિષયોની વાસનાને, ભેદી નાંખ કર્મોની જંજીરોને. તે માટે તું કહેશે તો સદાને માટે મીંચી દઈશ આંખો, જડબેસલાક જડી દઈશ મોં અને બની જઈશ મૂંગો કે બહેરો. કહેશે તે બધું જ કરી છૂટીશ; પણ બદલામાં ? એક જ યાચના. અનાથતાના એ કલંકથી વહેલી તકે મુક્ત કર."

•

# ૧૪ જરૂરિયાત : સગવડ : શોખ

જરાક નજર નાંખો વૈજ્ઞાનિક સૃષ્ટિના ઉત્પાદન ક્ષેત્રમાં ! આંખ મીંચીને ખોલો એટલી વારમાં તો જાતજાતનાં આકર્ષણો તમારી સામે ઊભાં થઈ જશે ! હજી થોડા જ માસ પૂર્વે ખ્યાતનામ બનેલી નાયલોનનો ખડકલો ખસેડાઈ જતો દેખાશે અને ત્યાં વળી કો'ક નવું જ સંશોધિત વસ્ત્ર સ્થાન લેશે; નવી મોટર, નવાં સ્કૂટર, નવાં વિમાનો, રોકેટો, સ્પુટનિકો અને નવાં કોમ્પ્યુટરો વગેરે પળેપળે આકાર બદલતાં દેખાશે !

વૈજ્ઞાનિકો મન દઈને મંડ્યા છે, યુદ્ધક્ષેત્રમાં સંહારકશસ્ત્રોના ખડકલા કરવા માટે અને માનવજગતમાં વિલાસનાં આકર્ષણો નિત્ય નવાં ઊભાં કરવા માટે ! આનું પરિણામ એ આવીને ઊભું રહ્યું છે કે માનવમનની ઈચ્છાઓ બહેકી છે ! એનું મન એ પ્રલોભનો પાછળ પાગલ બન્યું છે ! હજી ગઈ કાલે જ દેવું કરીને ખરીદેલી ફિયાટ મોટરમાં બેઠેલો એ માનવ આજે જ્યાં એમ્બેસેડરનું '૬૮નું નવું મોડલ જુએ છે ત્યાં ફિયાટના સ્વામિત્વનો એનો સઘળો ઠસ્સો એકદમ ઓસરી જાય છે. દરેક બાળક, દરેક કિશોર, દરેક યુવાન, દરેક સ્ત્રી, રે ! દરેક ઘાટી કે ભંગી પણ આજે કાંઈ ને કાંઈ મેળવવાની ઈચ્છામાં લપેટાયો છે ! કરોડપતિને હજી ઘણું મેળવવું છે ! કરોડપતિને તો ઘણું મેળવવાનું બાકી હોય જ !

ભોગ-ભૂખને વધુ બહેકાવે, ભોગવવા છતાં નવું ન મળ્યાના ત્રાસમાં ભોગાનંદને ઓસરાવી નાંખે, બીજાના ભોગ જોઈને જ દુઃખી દુઃખી કરી મૂકે એવું કાંઈક સંવેદન સમગ્ર માનવજાત અનુભવી રહી છે. આથી જ છતે પૈસે, છતી બુદ્ધિએ અને છતે સ્વજન વર્ગે દરેક માનવ દુઃખી છે. કોઈને શાન્તિ મળતી નથી.

આનું કારણ જો કોઈ હોય તો એ જ છે કે પ્રત્યેક માનવ પોતાની જરૂરિયાતોના જ વર્તુળમાં રહેવાને બદલે તેમાંથી કૂદકો મારીને સગવડો અને શોખનાં વર્તુળોમાં ચાલી ગયો છે.

**સુખી થવાનો એકજ ઉપાય છે; જરૂરિયાત પૂરતું જ ઈચ્છો, એટલું જ વસાવો, એમાં જ સંતોષ પામો. એથી પણ આગળ વધીને એમ કહી શકાય કે જરૂરિયાતોમાં પણ શક્ય હોય તો ઘટાડો કરવાની તક જતી ન કરો.**

આપણે આ જ હકીકતને મુનિના જીવનની દૃષ્ટિએ વિચારવી છે. મુનિનું મુનિપણું 'જરૂરિયાત'ને સ્પર્શવામાં જ મુખ્યત્વે ટકી શકે. એથી આગળ વધીને 'સગવડ' ભોગવવામાં કદાચ કોઈ આંચ ન આવે તોય જોખમ તો ઘણું જ રહે, અને એથી ય આગળ વધીને 'શોખ' સુધી પહોંચી જવામાં તો ભયંકર ઉલ્કાપાત મચી જાય.

આ જ વાતને જરા વિસ્તારીએ. મને કોઈ પૂછે કે કઈ ચીજ જરૂરિયાતમાં સમાય અને કઈ ચીજ એથી બહાર જઈને સગવડમાં કે શોખમાં ગણાય ? તો હું તેને તરત ઉત્તર આપું કે જેના વિના મુનિજીવન ઊભું જ ન રહી શકે તે વસ્તુ જરૂરિયાતમાં ગણાય, અને જેના વિના મુનિત્વની રક્ષા થઈ શકે તે બધું સગવડ કે શોખમાં ગણાય. દા.ત., વસ્ત્ર વિનાની દિગંબર સ્થિતિમાં મુનિત્વ નથી, માટે વસ્ત્ર એ જરૂરિયાતની વસ્તુ કહેવાય. આગમગ્રંથો શક્ય હોય તો જાતે લખવા જ જોઈએ. એ આગમભક્તિ માટે હોલ્ડર અને જાત બનાવટની સહી વિના ન જ ચાલે; માટે તે વસ્તુ જરૂરિયાતની ગણાય. ક્ષયના દર્દી સાધુને દૂધ વિના ચાલી શકે તેમ નથી જ, માટે તેને દૂધએ જરૂરિયાતની વસ્તુ ગણાય અને આંખના તેજની અસાધ્ય ક્ષીણતાવાળાને ચશ્મા વિના જો ન જ ચાલી શકે તેમ હોય તો તેને માટે ચશ્મા એ જરૂરિયાતની વસ્તુ ગણાય.

હવે જરા આગળ વધીએ. ધારો કે ચાદર જેવા જાડા વસ્ત્રને પહેરવામાં અને પછી તેને ધોવામાં ખૂબ જ મુશ્કેલી પડે છે. ખડિયાની સહી પ્રમાદને લીધે વારંવાર જયાં ત્યાં ઢોળાઈ જાય છે અને તેથી ઘણી વાર ઘણાં કપડાં બ્લ્યૂ કલરનાં થઈ જાય છે, ક્ષયના દર્દી સાધુને ઠંડું દૂધ વાયુની વૃદ્ધિ કરી દે છે, જૂના જમાનાના તારવાળા ચશ્મા કાનની નસોમાં ભારે વેદના ઉત્પન્ન કરે છે; તો સગવડ માટે એક જ પગથિયું આગળ વધી શકાય. અર્થાત્ બહુ જાડા વસ્ત્રને બદલે થોડું ઓછું જાડું વસ્ત્ર, ખડિયાને બદલે ચૌદ આનાની સાદી દેશી ઈન્ડીપેન. નવાયુ નિર્દોષ દૂધ કે સાત-આઠ રૂપિયાના ડાંડીવાળા ચશ્મા રાખી શકાય. પણ અહીં ખૂબ જ સાવધાની રાખવી જોઈશે.

સગવડ એ મહારોગ છે. એમાં તમે સાવધાન ન રહ્યા તો પૂર્ણ સંભવ છે કે સગવડ એ શોખમાં અવશ્ય પરિણમશે. સગવડ એ જો મહારોગ છે તો શોખ એ રાજરોગ છે. મુનિજીવન સગવડિયું બને એમાં જોખમોનો કોઈ

પાર નહિ રહે. અનુકૂળતાના ભોગો એ એવી લપસણી સીડી છે જેણે અનંત આત્માઓના ભોગ લીધા; જેટલા ભોગ કદાચ પ્રતિકૂળતાનાં સોપાન ચડતાં નહિ જ લેવાયાં હોય ! 'પળ પળનાં પતન' ઉપર જે વિચારણા કરી છે તે ફરી વાંચી જશો તો ખ્યાલ આવી જશે કે સગવડનું જીવન એ ખૂબ જ જોખમી જીવન છે. ભલે કદાચ આપણે તેને ન છૂટકે સ્વીકારીએ પણ જો ત્યાં જરાક પણ સાવધાની નહિ રહે તો શોખમાં ચાલી જતાં પળનોય વિલંબ નહિ થાય. સગવડ અને શોખ વચ્ચે એવી સૂક્ષ્મ લક્ષ્મણરેખા પડેલી છે જે કઈ ક્ષણે ઓળંગી જવાય છે તેની ખબર પણ પડતી નથી.

જરા ઓછા જાડા વસ્ત્રની સગવડ લેવા જતાં કાચા સૂતરનાં વસ્ત્રોનો શોખ જાગી જવાની શું શક્યતા નથી ? ચૌદ આનાની પેન ચૌદ કે વીસ રૂપિયાની પેનનો મોહ નહિ જગાડી જાય ? નવાયા દૂધની ઈચ્છામાંથી એલચી-બદામનાં કેસરિયાં દૂધના શોખ જાગી જાય તો ? સાદા ચશ્માના ઉપયોગમાંથી સો રૂપિયાના ચશ્માના શોખ જાગી પડે તો ? શું આ બધી શક્યતાઓ ખૂબ જ સંભવિત નથી લાગતી ? તો પછી એમ લાગે છે ને કે બને ત્યાં સુધી તો જરૂરિયાતથી જરાય આગળ વધવું ન જ જોઈએ.

અને આ વાત બરોબર સમજી રાખજો કે એક વાર જરૂરિયાતમાંથી આગળ વધ્યા પછી પાછા આવવાનું ખૂબ જ મુશ્કેલ બની રહે છે. હાથીના બહાર નીકળી ગયેલા દંતશૂળ જો પાછા અંદર જઈ શકે તો જ સગવડિયું કે શોખીન જીવન જરૂરિયાતના જીવનમાં પાછું વળી શકે. એટલે હકીકતમાં તો જરૂરિયાતથી આગળ વધવું જોઈએ જ નહિ. આવા જીવનના લાભોનો વિચાર કરો. માત્ર જરૂરિયાતને જ સ્વીકારનાર મુમુક્ષુનું વિપુલ પુણ્યધન બરબાદ થતું બચી જાય છે. એ પ્રત્યેક પુણ્યધનનો પૈસો પૈસો પણ વડલાના બીજ જેવો બને છે, જે અગણિત આત્માઓના ઉત્થાનમાં વિશાળ ફાળો આપે છે. માત્ર જરૂરિયાતમાં જીવનાર આત્માને વધુમાં વધુ ફાયદો તો એની વાસનાઓ ઉપરના સાહજિક કાબૂનો પ્રાપ્ત થાય છે. જેની પાસે વિશિષ્ટ વિભૂષા નથી, પ્રણીતભોજન નથી અને ઓછી જરૂરિયાતને કારણે વધુ લોકસંપર્ક નથી એને વાસનાઓ પજવી શકતી નથી.

વળી આવા મહાત્માઓનો સમય પણ ઘણો ફાજલ પડે છે જેમાં અપૂર્વજ્ઞાન અને અપૂર્વધ્યાનની આરાધના કરીને તેઓ અનુભવજ્ઞાનના સ્વામી

બને છે. અગણિત આત્માઓને એની લહાણી કરીને એમને કલ્યાણપંથે દોરી જાય છે. એવા મુમુક્ષુ આત્માઓ કોઈ ભક્તના સકંજામાં આવતા નથી. એમને કોઈ ભક્ત જ હોતો નથી કે જે એમની સગવડોને પૂરી પાડીને એમનો જ ગૃહસ્થગુરુ બની બેસે !

જ્યારે તમને એમ લાગે કે બધું જીવન બહુ સારી રીતે મજેથી પસાર થઈ રહ્યું છે ત્યારે એ સગવડિયા જીવન વિશે જરા સૂક્ષ્મ નજર નાંખજો અને વિચારજો કે રખે ! મારો આત્મા ક્યાંક ધીમે ધીમે લપસી તો નથી રહ્યોને ?

જરૂરિયાતના જીવનમાં ખમી ન શકાય એટલી અકળામણ થાય ત્યારે જ આયુર્વેદિક ભસ્મોની માત્રાની જેમ અલ્પ સગવડનું સેવન કરી શકાય અને ત્યાં પણ પૂરી સાવધાની તો રાખવી જ જોઈએ. અન્યથા શોખીન જીવનમાં ઝડપાઈ ગયા વિના રહી શકાશે નહિ.

મુનિ સ્વપરનો તારક છે. સ્વની તારકતા માટે આંતરશુદ્ધિ મુખ્ય વસ્તુ છે, જ્યારે પરની તારકતા માટે વ્યવહારશુદ્ધિ મુખ્ય બાબત છે. બહારના શોખની સામગ્રીનો ખડકલો પોતાના સમ્યગ્દર્શનને ભલે કદાચ ડગાવી ન પણ શકે પરંતુ એ ખડકલાના દર્શનથી અગણિત આત્માઓ સમ્યક્ત્વભ્રષ્ટ થઈ જાય એવી શક્યતા લગભગ સંભવિત છે. આપણે જાતે ડૂબી મરીએ એય ન ચાલે પરંતુ બીજા અનેકોને ડુબાડી મારવાનું જીવન તો કોઈ પણ સંયોગમાં બરદાસ્ત કરી શકાય નહિ.

આમ સગવડિયું જીવન સારું નથી પણ શોખીન જીવન તો કોઈ સંયોગમાં સારું નથી જ. જરૂરિયાતના જીવનમાં પણ શાસ્ત્રીય મર્યાદા મુજબ જો થોડો પણ ઘટાડો કરી શકવાની શક્યતા ઊભી થઈ જાય તો તે તકને પણ તરત વધાવી લેવી જોઈએ. કેમકે જરૂરિયાતના જીવનમાં અને તેમાંય યોગ્ય ઘટાડો કરતા જવાની પ્રક્રિયામાં જ સુખ અને શાંતિ છે. બાવાજીની વાત તો તમને યાદ જ હશે.

ગ્રીકના લૌકિક સંત ડાયોજીનીયસે સુખી જીવનની ગુરુચાવી આ જ શોધી કાઢી હતી કે જરૂરિયાતોમાં પણ ઘટાડો કરવો ! એના કારણે તેણે પોતાની પાસે માત્ર પાણી પીવાનું કમંડલું રાખ્યું હતું. એક દિવસ ફરતાં ફરતાં તે તળાવે જઈ ચડ્યો. ત્યાં તેણે થાક્યા પાક્યા બકરાં જોયાં, જેઓ પાણીમાં

સીધું મોં ધરીને ચપ ચપ ચપ પાણી પીતાં હતાં, પછી ભરવાડને જોયો, ખોબેથી પાણી પીતો. એ જોઈને તેણે વિચાર કર્યો, "તો પછી મારે આ કમંડલુની પણ શી જરૂર છે ? હું પણ ખોબે પાણી કેમ ન ગટગટાવી શકું ?" તમે નહિ માનો પણ સાચે જ ડાયોજીનીયસે કમંડલુ ફેંકી દીધું !

મુનિમાર્ગમાં નિરર્થક વસ્તુઓની સંગ્રહખોરી ભયંકર પાપ છે. તે તમારા મન વચનના યોગોને ખૂબ જ કલુષિત કરી મૂકશે. મુનિ મટીને ભિખારી બનવાનું જીવન આપણને પાલવે ? અનેકોના અહિતનું નિમિત્ત મુનિ બને ? જો ના; તો જરૂરિયાતથી જરાય આગળ ન વધવાનો ભીષ્મ સંકલ્પ કરો. કદાચ સગવડમાં જવું પડે તો ખૂબ સાવધાની રાખો. રખે શોખીન હત્યારા જીવનમાં પડી જવાય !

આ છે મુનિજીવન ! સ્વપર હિતકરણનું વ્યવસ્થિત માર્ગદર્શન !

•

## ૧૫ તપ : જપનાં તેજ

સંસારી માણસને પૈસા વિના ન જ ચાલી શકે તેમ સંસાર ત્યાગીને દેવગુરુના અનુગ્રહ વિના કદાપિ ન જ ચાલી શકે. પૈસા વિના સંસારી માણસ જીવી ન શકે; અનુગ્રહ પ્રાપ્ત કર્યા વિના સંસારત્યાગી સંયમધર્મનો પ્રાણ ટકાવી શકે જ નહિ.

ભોગી અને યોગી બેયની દુનિયામાં બીજી વાતોમાં વિકલ્પો હોઈ શકે પરંતુ આ વાતમાં વિકલ્પને કોઈ અવકાશ જ નથી.

ફેર માત્ર એટલો જ છે કે ધન વિના સંસારીને ચાલી ન શકે છતાં તે ધનનો લાલચુ બને તો ધિક્કારપાત્ર બની રહે છે. જ્યારે ગુર્વાદિના અનુગ્રહ મેળવવા પાછળ જીવનની ખેતી કરી નાંખતો સંસારત્યાગી સદૈવ સત્કારને પાત્ર બને છે. ધનલાલસા એ દૂષણ છે સંસારનું. અનુગ્રહલંપટતા એ ભૂષણ છે સંયમીનું.

ધન મળ્યા પછી એનો સુયોગ્ય માર્ગે વિનિમય કરવો, થોડા ધનના બદલામાં ઘણું સુખ પ્રાપ્ત કરી લેવાના ઉપાયો યોજવા એ વસ્તુ ધનવાનને માટે અત્યંત મહત્ત્વની છે.

ધન મળ્યું પણ જો એનો સુયોગ્ય ઉપયોગ કરતાં ન આવડ્યો તો મળેલું ધન નિષ્ફળ જાય, વિફળ પણ બને.આ જ ન્યાય યોગીજગતમાં પણ લાગુ પડે છે. ગુર્વાદિનો અનુગ્રહ મળ્યો પણ એનો કયા માર્ગે ઉપયોગ કરી લેવો કે જેથી માનવ મટીને મહામાનવ બની શકાય; થોડામાં ઘણું પામી શકાય. એ જો ન આવડે તો સંભવ છે કે એ અનુગ્રહ કોઈ જુદા જ રાહે ચડાવી દે.

ભોગીનું ધન શું કે યોગીનો અનુગ્રહ શું, બેય વીજળીઘરમાં ઉત્પન્ન થતી વીજળી છે. હવે એ વીજળીઓથી ઘર ઘરના ગ્લોબ પ્રકાશવા કે કારખાનાઓનાં મશીનો ધમધમાટ કરતાં ચલાવવાં કે દેશપરદેશના સમાચારોને એક સ્થાનેથી બીજે સ્થાને તારનાં દોરડાનાં વાહનથી પહોંચાડવા એ વીજળીઘરના સંચાલકોએ નક્કી કરવાનું છે. આવું કાંઈ જ વિચારવામાં ન આવે, એના સુયોગ્ય વિનિમયની કોઈ નિશ્ચિત યોજના દોરવામાં ન આવે તો એ વીજળી, સર્જક ન બનતાં વિનાશક પણ બની શકે; અનેકોના પ્રાણ પણ હરી શકે.

ધન અને અનુગ્રહ પણ આવા જ પ્રકારની વીજળી છે. એટલે જ ધન કે અનુગ્રહની પ્રાપ્તિ કરવાની જબ્બર સાધના હજી મળી શકે. પણ એના સુયોગ્ય નિયોજનની યોજના માટે જરૂરી કુશાગ્રબુદ્ધિનો યોગ તો મહાભાગ્યવાનને જ પ્રાપ્ત થઈ શકે. ખેર, અનુગ્રહથી એ પણ પ્રાપ્ત છે. છતાં આરંભમાં તો એ અનુગ્રહનો સુયોગ્ય વિનિયોગ કરવાનું માર્ગદર્શન મળી ગયું હોય તો વિશેષ લાભોની પ્રાપ્તિ તરત જ થવા લાગે.

આધુનિક જમાનાવાદનાં પ્રલોભનો એટલું જબ્બર 'ચુંબકીયત્વ' બળ ધરાવે છે કે એના વર્તુળમાં આવીને ઝડપાઈ ન જવાય તેવું તો કો'કને જ માટે બની શકે. અનુગ્રહની દેન જેમને પ્રાપ્ત થતી નથી એ દુર્ભાગ્યશેખરો માટે તો તે પ્રલોભનોના શિકાર બનવામાં કોઈ આશ્ચર્ય થાય તેવું નથી. પરંતુ અનુગ્રહને પ્રાપ્ત કરનારાઓનો ત્યાં ભોગ લેવાઈ ન જાય તેની કાળજી તો અવશ્ય સહુ કોઈએ રાખવી ઘટે. રખે એ ભાગ્યવાન આત્માઓ વક્તૃત્વ કળામાં પારંગત બનવા પાછળ, લેખનકળાને વિકસાવવામાં યત્નશીલ બનવા પાછળ કે આધુનિક કોટિના પ્રચારક બનવા પાછળ અનુગ્રહની સંપત્તિનો દુર્વ્યય કરી બેસે ! મારી સમજણ મુજબ અનુગ્રહનો સુયોગ્ય ઉપયોગ તપજપની આરાધનામાં જ થવો જોઈએ. સાધુતાનો વિકાસ અને સાધુજીવનની અંતરંગ મસ્તીનો દિલચશ્પી સ્પર્શ જેણે માણ્યો જ નથી એનું મુનિજીવન નિષ્ફળ જાય છે. સાધુતાનું ઓજસ તપજપની આરાધના વિના પ્રાપ્ત થઈ શકતું જ નથી એવી એક તંદુરસ્ત માન્યતા માર ખાઈ ખાઈને પણ મારા મનમાં ઘર કરી ગઈ છે.

મને કોઈ ગુર્વાદિના અનુગ્રહના તાજા ભાગ્યને વરેલા મહાત્મા મળે તો હું એમને તરત જ કહું કે 'ભાગ્યવાન ! હવે એ અનુગ્રહધન તમે મેળવ્યું તો તેના દ્વારા જે કાંઈ મેળવવું હોય તે તમે ઈચ્છવા માત્રથી મેળવી શકો છો. તો જીવન તપોમય બને, મન જપમય બને એ જ ઈચ્છજો.' જેને અનુગ્રહ પ્રાપ્ત થાય છે તે માનવ મટીને દેવ બને છે. કેમકે એના અભિલષિતો ઈચ્છામાત્રથી પૂર્ણ થાય છે.

સાધુના વેષમાં રહેલાને સાધુતા વિના ઈચ્છવા જેવું શું છે ? તપ અને જપ વિના સાધુતા સંભવતી નથી. માટે જ તપજપનાં તેજ સાધુના લલાટે પ્રસરી જાય એ જ ઈચ્છનીય છે.

તપ અને જપની જુગલજોડી જીવનમાં ક્યાંથી મળે છે અને તે શું આપે છે ? તે વાતો વિચારશો તો તમને પણ એ વાત સમજાઈ જશે કે તપજપનાં તેજની ઈચ્છા સિવાય કોઈ જ ઈચ્છા કરવા જેવી નથી.

તપની આરાધનાનો જન્મ થાય છે દેહ અને આત્માના ભેદજ્ઞાનમાંથી. જપની ઉપાસના જન્મે છે પરમાત્માની ભક્તિના જ્ઞાનમાંથી. દેહાત્માનું ભેદજ્ઞાન ન હોય તો કોટાનકોટિ ભવોની આરાધના પણ નિષ્ફળ જાય છે. તે જ તપ ફળદાયી બને છે, જેને મૂળમાં ભેદજ્ઞાનનાં નીર પવાયાં છે.

તપનું ફળ છે દેહમાં ધાતુઓની શુદ્ધિ અને ચિત્તમાં પાપવૃત્તિઓના ક્ષયથી પ્રાપ્ત થતી નિર્મળતા. તનશુદ્ધિ અને મનશુદ્ધિ બેય તપથી થાય. તપ કરવા છતાં જો આ શુદ્ધિઓ પ્રાપ્ત ન થાય તો એ તપ દેહાત્માના ભેદજ્ઞાનમાંથી જન્મ નથી પામ્યો એમ નિશ્ચિત સમજી લેવું જોઈએ. 'દેહ અને આત્મા બે તદ્દન જુદા છે.' એ એક જ વાક્યનો બોધ આત્મસાત્ કરો. પછી જીવનમાં સહજ રીતે અનુભવશો ઘોર અને ઉગ્રતપના સ્વામિત્વને. ભગવાન ખંધકમુનિના દેહનાં જીવતાં ચામડાં ઊતરી ગયાં છતાં તે દુઃખદ પળોમાં જ પરમસુખને કેમ પામી શક્યા ? એ પ્રશ્નનો ઉત્તર તમારું આત્મસાત્ થતું ભેદજ્ઞાન તમને બેધડક આપી દેશે.

અગ્નિકાપુત્રે ત્રિશૂળે વીંધાતાની સાથે અષ્ટકર્મોને વીંધી નાખ્યા. શી રીતે ? એ વાત આશ્ચર્યજનક નહિ લાગે.

પર્વતની ધારેથી મોં ફાડીને ઊભેલી ખીણમાં પડતાંની સાથે હાડકાંના ચૂરેચૂરા થતાં સર્વ કર્મોના ચૂરેચૂરા કરી નાંખનારા અનશની મહાત્માઓના અંતરમાં કયું જ્ઞાન રમતું હશે એ વાત સમજતાં તમને પળનોય વિલંબ નહિ થાય.

કાળમુખા ભૂખ્યા વાઘના તીક્ષ્ણ નહોરોથી જેમનાં આંતરડાં બહાર ખેંચાઈ ગયાં છે, જેમનાં મુખ એ વાઘના દાંતોમાં ભીંસાઈ પીસાઈ ગયાં છે, એ મહામના મુનિભગવંતો શી રીતે સમાધિસ્થ રહ્યા હશે એ કોયડો પળવારમાં ઊકલી જશે.

ભેદજ્ઞાન પ્રાપ્ત કરો. પછી જીવનમાં એકજ કર્તવ્ય દેખાશે; કાયાને તપાવી નાંખવાનું, આત્માને ઉગારી લેવાનું. પાડાના વાંકે પખાલીને દેવાતા ડામની વાત ઉઘાડી પડતાંની સાથે જ જીવનમાં, રગરગમાં, લોહીના કણકણમાં તપધર્મ ફેલાઈ જશે.

એવો તપધર્મ તનના સર્વ રોગોનો ક્ષય કરીને તનશુદ્ધિ કરીને જ રહેશે, મનની તમામ પાપવૃત્તિઓનો વિનાશ વેરીને એને નિર્મળ કરીને જ જંપશે. તનની નીરોગિતા તો ઠીક પણ ચિત્તની પાપક્ષયજનિત નિર્મળતા પ્રાપ્ત થયા પછી જે અનિર્વાચ્ય મસ્તી માણવા મળે છે તે સાચે જ વર્ણનાતીત છે.

'કરો અને જુઓ' સિવાય બીજું કાંઈ જ કહી શકાય તેમ નથી.

પણ એકલું ભેદજ્ઞાન બસ નથી. સાધુતાના ઓજસ માટેની એ અડધી સિદ્ધિ છે. પૂર્ણસિદ્ધિ માટે તો ભક્તિજ્ઞાન પણ અનિવાર્ય છે કે જેમાંથી ઉત્તમ કોટિના જપની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. અને જે જપ અનુપમ ચિત્તશાન્તિની દેન કરે છે. આ જીવનમાં સર્વસર્વસ્વ કોઈ હોય તો તે અનંત ઉપકારી દેવાધિદેવ ત્રિલોકનાથ તારક પરમાત્મા સિવાય બીજું કોઈ હોઈ શકે છે ? તમે એની સિદ્ધિનું સૂક્ષ્મ અવલોકન કરો. એની કરુણા અને સહજ પરાર્થરસિકતાને ખૂબ ખૂબ વિચારો. હું સાચું જ કહું છું કે તમને એ દેવાધિદેવ વીતરાગ પરમાત્માનું ઘેલું લાગશે. તમે એને જોઈને નાચી ઊઠશો. એના હિતોપદેશના બે બોલ સાંભળતાં ચોકન્ના થઈ જશો. એના સ્મરણમાત્રથી રોમરોમ ઊભા થઈ જશે, અને એ વખતે તમે એના નામજપ વિનાના દિવસને, કલાકને કે પળને પણ દુર્દિન જેવી અનુભવશો. જગત જ્યારે અઘોરનિદ્રામાં આળોટશે ત્યારે તમે જાગી જશો, અને એ તારકોનાં સ્મરણોમાં, એમના નામજપમાં ગુલતાન બનશો. ભોગીઓનું જગત ભોગોના ખડકલા ઉપર બેસીને જે આનંદ અનુભવતું હશે એ આનંદનો સાગર પણ તમારી અવાચ્ય મસ્તીના સ્વયંભૂરમણ પાસે ખાબોચિયા જેવો વામણો બની રહેશે. તમે મેળવો ભક્તિજ્ઞાન અને પછી જપો શ્રીઅરિહંતને. રોમરોમમાં પ્રસરી જતાં એ આનંદને અનુભવજો. છેવટે તો 'કરો અને જુઓ' એ એક જ વાત અહીં સ્વીકારવી પડશે.

ભક્તિજ્ઞાનમાંથી નિષ્પન્ન થતો જપ (ધ્યાન) ચિત્તમાં પ્રશાન્તવાહિતા ઉત્પન્ન કર્યા વિના રહી શકે જ નહિ. જો એ ચિત્તશાન્તિ પ્રાપ્ત ન થાય તો જપમાં ખામી સમજજો. અને એ ખામી ભક્તિજ્ઞાનની ખામીને લીધે જ માનજો.

જેટલું ઘેલું લાગશે પરમાત્મભક્તિનું એટલો એ નામજપ સફળ બનશે. પછી ત્યાં ચિત્તશાન્તિ અકાટ્ય બની રહેશે. **જ્ઞાનનું ફળ પરમાત્મધ્યાન છે. ધ્યાનનું ફળ ચિત્તશાન્તિ છે.**

હવે વિચાર કરો કે મુનિજીવન પામ્યા પછી જો ચિત્તની શુદ્ધિ અને શાન્તિ પ્રાપ્ત ન થાય તો તે જીવનમાં બીજું શું મેળવીને આનંદ પામવા જેવું છે ? ચિત્તની શુદ્ધિ અને શાન્તિ કોરા જ્ઞાનથી, કોરી વિદ્વતાથી કે કોરી બહુશ્રુતતાથી કદાપિ શક્ય નથી. એ માટે તો દેહાત્માનું ભેદજ્ઞાન અને પરમાત્માનું ભક્તિજ્ઞાન અનિવાર્ય છે.

ષોડશકપ્રકરણમાં ધર્મ શુદ્ધિરૂપ અને પુષ્ટિરૂપ એમ બે પ્રકારનો કહ્યો છે. શુદ્ધિધર્મ સિદ્ધ થાય છે ભેદજ્ઞાનજનિત તપથી અને પુષ્ટિ પુણ્યકર્મના બંધસ્વરૂપ (ધર્મ)ની સિદ્ધિ થાય છે ભક્તિજ્ઞાનજનિત તપથી. પાપવૃત્તિનો ક્ષય કરીને તપ ચિત્તશુદ્ધિ કરે, પુણ્યકર્મનો બંધ કરીને જપ ચિત્તને પુષ્ટ કરે, શુદ્ધ અને પુષ્ટચિત્તમાં જ લોકોત્તર આનંદના ચમકારાઓ થયા કરે ! એ ચિત્તને જ જગતનાં દુઃખદારિદ્રયનાં દર્શન થાય અને એ જ ચિત્તમાં અશરણ અસહાય જગતના જીવોના ઉદ્ધાર કરવા માટે જરૂરી ચિંતનમંથનનાં ઘમ્મર વલોણાં ઘુઘરાટ કરતાં રહે.

વિશ્વના જીવોના તાપ-સંતાપોને સમૂલ શમાવી દેવા માટે જે શીતલજલની જરૂર છે એ શીતલજલના ધોધનાં ઊગમસ્થાનો છે મહામુનિના શુદ્ધ અને પુષ્ટ ચિત્તની ભૂમિઓ. ત્યાં જ એ હિમજલોની સેરો ફૂટે છે અને એની છોળો ચોમેર ઊડીને ભડભડ બળતા જીવોના સર્વ સંતાપોને શમાવી શકે છે.

શું આ એક અતિ મહાન આનંદ નથી ? ભડકે બળીને ભડથું થઈ જતા જીવોને ઠારવામાં કોઈ વર્ણનાતીત આનંદ નથી શું ? જો હા, તો તે આનંદની પ્રાપ્તિ કાજે ચિત્તને શુદ્ધ કરો, પુષ્ટ કરો અને તે શુદ્ધિ પુષ્ટિ કાજે તપજપનાં તેજ તમારા જીવનમાં રેલાવી દો. અને એ તેજ કાજે ભેદજ્ઞાન અને ભક્તિજ્ઞાનની રમઝટ બોલાવો. જો તમે સ્વપરના હિતકરણથી નીપજતા આનંદની લોકોત્તરતાને નહિ કલ્પી શકો તો તમારાં અતિ મહાન દુર્ભાગ્ય સાથે જીવન ટકરાશે અને તમને ભોગી જગતના ભોગ આનંદના કાદવમાં રગદોળશે. મુનિ જ મટાડીને નહિ, પણ માનવ મટાડીને તમને ભેંસ જેવું એક જડબુદ્ધિ પશુ બનાવશે.

હવે તમારે જ પસંદગી કરી લેવાની છે, ભોગના તુચ્છ આનંદ અને હિતકરણના લોકોત્તર આનંદ વચ્ચે.

જો તમે ગુર્વાદિના અનુગ્રહના ભાજન બનવાના પરમોચ્ચ સદ્ભાગ્યને વરી ચૂક્યા છો તો હવે એ લોકોત્તર આનંદની જ સ્પર્શના એ અનુગ્રહના બળથી મેળવવાની ઈચ્છા કરજો એવી મારી વિનમ્ર સલાહ છે. તુચ્છ પ્રલોભનોમાં ક્યાંય ભટકાઈને ભૂલા પડશો મા ! જીવના જીવનને મરણથી પણ બદતર બનાવવાના એ રસ્તા આપણને શોભે ખરા ? સાધુતાનું ઓજસ તપજપનાં તેજથી જ રેલાય છે એ હકીકતને અંતરથી વધાવી લો. ભેદજ્ઞાન અને ભક્તિજ્ઞાન પ્રાપ્ત કરો. ચિત્તને શુદ્ધ અને પુષ્ટ બનાવો. **સ્વને સ્વસ્થ કરો, પરને શાન્ત કરો, જીવનનું આ જ કર્તવ્ય છે. મુનિનું આ જ જીવન છે. મૌન આનું જ નામ છે.**

ભોગીઓ જયાં લલચાઈને લપસી પડ્યા છે ત્યાં મુનિ પણ જો લલચાશે અને લપસતો રહેશે તો લપસતા જતા ભોગીનું બાવડું કોણ ઝાલશે ? કર્તવ્યનો વિચાર કરો. **આનંદ કરતાં કર્તવ્ય વધુ મહાન છે** એ મંત્રવાક્યને જો કદી પણ વીસરશો નહિ તો તપજપ વિનાનું મુનિજીવન પળભર પણ ન નભાવી શકાય એમ લાગ્યા વિના રહેશે નહિ.

●

# ૧૬ સુખ વિરાગની સાત ભાવનાઓ

દુઃખવિરક્ત તો આખી દુનિયા છે. દુઃખથી વિરક્ત થવા માટે કોઈ ભાવના ભાવવાની જરૂર જ નથી. એ તો અનાદિકાળથી સર્વ સંસારી જીવનું સિદ્ધજીવન છે. દુઃખથી સૌ કોઈ નાસે છે; દુઃખની કલ્પનાથી પણ સહુ ધ્રૂજે છે. નિગોદિયો જીવ પણ દુઃખભીરુ છે; અનુત્તરવાસી દેવ પણ દુઃખભીરુ છે ! માતાના પેટમાં રહેલું બાળક શું કે પેટમાં સળવળતો કૃમિ શું - તમામ દુઃખભીરુ છે.

પણ પાપભીરુ તો વિરલ જ હોય છે. તેથી જ સુખભીરુ પણ વિરલ જ જોવા મળે છે. દુઃખ સહેવું તો બહુ સહેલું છે પણ સુખ સહેવું ઘણું કઠણ છે. **દુઃખ આવે તેમાં દીન ન બને, તેણે દુઃખ સહ્યું કહેવાય. સુખ દોડ્યું આવે, અંગે અંગે વીંટળાઈ વળે છતાં તેમાં જે લીન ન બને તેણે સુખ સહ્યું કહેવાય.**

આ દુઃખદીનતા અને સુખલીનતા એ કારમી આત્મઘાતક અસહિષ્ણુતા છે. પણ એમાંય દુઃખદીનતાએ જીવોનો જેટલો ભોગ લીધો છે, એથી ઘણો વધુ ભોગ સુખલીનતાએ લીધો છે.

માટે જ હજી દુઃખ સારું. રે ! સાતમી નારકના કાળા ડીબાંગ અંધારામાં લોખંડી દીવાલો સાથે માથાં અફાળીને તૂટી પડવું સારું પણ જગતની મોહિનીના લેપ તો અતિ ખરાબ ! મહાભયંકર ! ગુરુગમથી શ્રીજિનશાસનનો મર્મ પામે તે જ સુખની ભયાનકતાને પામે અને સુખથી વિરક્ત બનવા કમરતોડ યત્નો કરે.

દુઃખવિરક્ત એ વસ્તુતઃ વિરક્ત જ નથી. દુઃખવિરક્ત આત્મા મહારાગી હોઈ શકે, મહાપાપી પણ હોઈ શકે, મહાદુઃખી પણ હોઈ શકે. જ્યારે સુખવિરક્ત આત્મા મહાપાપી તો ન જ હોઈ શકે, અને સુખી અવશ્ય હોય. **સુખ તો અંતરની વસ્તુ છે !** સુખની સામગ્રીના ખડકલામાં બેસી જવાથી જ સુખી થઈ જવાતું હોય તો રોકફેલર કે એન્ડ્રુઝ કાર્નેગી જેવા અબજોપતિ મહાસુખી હોત. એમની આત્મકથામાં દિલની દર્દકથા કદી અંકાઈ ન હોત.

**સુખ ચિત્તની શાંતિમાં છે !** આ વાત એકવીસમી સદીના માનવોને નથી સમજાણી એનું જ પરિણામ એ આવ્યું છે કે એણે સુખસામગ્રીમાં સુખ

માની લઈને એનો ખડકલો કર્યે જવાનો જંગી પુરુષાર્થ આદર્યો છે ! પણ એ સામગ્રી મેળવવાની ચિંતા, મેળવ્યા પછી રક્ષણની ચિંતા, ખોયા પછી બેસુમાર ચિંતા અને ફરી મેળવવાની ચિંતાના વિષચક્રોમાં માનવમન કેટલું અશાન્ત બની ગયું છે એનો વિચાર આજનું બુદ્ધિમાન ગણાતું માનવપ્રાણી કેમ નહિ કરતું હોય ?

ખેર, સુખથી વિરક્ત થવા માટેની આ તો સ્થૂલ બાબતો છે. આપણે તો આજે કોઈ પણ એક સુખસામગ્રી નજર સામે રાખીને એની ચારે બાજુ પ્રદક્ષિણા દેવી છે. અને એની બધી બાજુઓનું સુસૂક્ષ્મ નિરીક્ષણ કરીને શોધી કાઢવું છે કે એનામાં ખીચોખીચ સૌંદર્ય પડ્યું છે કે જે ભયાનક વિષકન્યાનું જ મોહક પ્રતિબિંબ છે. જેને આશ્લેષતાં થોડી જ પળોમાં પ્રાણ ચાલ્યા જાય !

જગતનું કોઈ પણ સુખ લાવો. તેની ઉપર ઓછામાં ઓછા સાત વિચાર કરી શકાય તેમ છે. આપણે તેને સુખવિરાગની સાત ભાવનાઓ કહીશું. ચાલો ત્યારે હવે એ ભાવનાથી ભાવિત થઈએ.

અહીં તે સાત ભાવનાનાં નામોનો નિર્દેશ કરીશ.

૧. અગણિત જીવોનો કચ્ચરઘાણ.
૨. અસીમ ઉપકારીની ભયંકર અવજ્ઞા.
૩. વિનાશી સ્વરૂપ.
૪. દુઃખપ્રતિકાર સ્વરૂપ.
૫. પરલોકમાં વિપાકકટુતા.
૬. ઇહલોકમાં અતૃપ્તિનું જનન.
૭. કર્મરાજની નજરકેદ.

હવે ક્રમશઃ સંક્ષેપમાં દરેક ભાવના ભાવીએ.

પહેલી ભાવના : એક સંસારરંગી આત્મા છે. બપોરનો સમય છે. તેની પ્રિયતમાએ સ્ટવ ઉપર ચાની તપેલી મૂકી છે. તપેલીની નીચે ભડકા છે. તપેલીના ઉષ્ણજળમાંથી વરાળના ધુમાડા નીકળી રહ્યા છે. આ દશ્ય તમારી આંખ સામે કલ્પો. હવે ક્રમશઃ ભાવના ભાવીએ.

ચા પીવાનું સુખ મેળવવા પૂર્વે બે બાબતો બને છે. તેમાં પહેલી બાબત એ છે કે અગ્નિકાયના, અપ્કાયના, વાયુકાય વગેરેના અસંખ્ય જીવોનો

કચ્ચરઘાણ બોલાવી દીધા પછી જ ચાનો 'ટેસ્ટ' માણી શકાય. રસનાની ચળને કે મનની વાસનાને માત્ર શાન્ત કરવા માટે અસંખ્ય જીવોના જીવનોનો ભોગ લઈ લેવો અને એમની કબર ઉપર બેસીને ચાનો કપ મોંએ અડાડવો !!! શું એ ચાના સુખમાં રાજીપો માણવા જેવો છે ? શું અગણિત જીવોનો કચ્ચરઘાણ બોલાવી દેવાનો માનવને કોઈ અધિકાર પ્રાપ્ત થયો છે ? સૌથી વધુ બુદ્ધિમાન પ્રાણી પોતાના બુદ્ધિબળનો આવો ઘાતકી વિનિયોગ કરી શકે ખરું ?

અનેક જીવોને શાન્તિ આપવાને સર્જાયેલ માનવ પોતાની પુણ્યશક્તિને, જીવોને નિષ્પ્રાણ કરવા માટે વેડફી મારશે ? જીવતા જીવોને આ રીતે સળગાવી દેવાનું ભયાનક સાહસ માનવની બુદ્ધિથી થશે ? જો ના, તો એ સુખ ભોગવવા જેવું કહેવાય ? એ સુખ સારું કહેવાય ? એ સુખ ધિક્કારી નાંખવા જેવું નથી શું ? અગણિત જીવોનો કચ્ચરઘાણ બોલાવી દીધા વિના જે માણી જ ન શકાય એવા સુખમાં તે રાગ શા ! એનાથી તો નાસતા-ભાગતા રહેવું એ જ શ્રેષ્ઠ !

હવે બીજી ભાવનાથી ભાવિત થાઓ. અનંતાનંત અરિહંત પરમાત્માઓએ આ સુખને તિરસ્કાર્યું છે, એને ત્યાજય કહ્યું છે, આપણાં ઉપરની અસીમ કરુણાને કારણે એમણે તીર્થંકર નામકર્મ બાંધ્યું. અને એ કર્મનો વિપાકોદય થતાં જ સર્વપ્રથમ સદ્ધર્મની દેશનાનો ધોધ વહાવ્યો ! જેમાં સાંસારિક સુખોને હેય કહીને એ સુખોનો નંબર જ કાઢી નાંખ્યો. એમણે સ્પષ્ટ કહ્યું કે, "ભવ્યાત્માઓ ! આ સુખોમાં રાચશો નહિ. એમાં સોગંદ ખાવા જેટલુંય સારું કશું જ નથી."

અનંત ઉપકારીની એક જ વાત હતી. એક જ આ આજ્ઞા હતી કે, 'આશ્રવ સર્વથા હેય છે.' હવે આ આજ્ઞાને પગ નીચે કચડી નાંખ્યા વિના ચાનું સુખ માણી શકાય ખરું ! જેમણે આપણી ઉપર કરુણાના ધોધ વરસાવ્યા એવા અનંતાનંત શાસનપતિઓની ઘોર અવજ્ઞા કર્યા પછી જ જે સુખ ભોગવી શકાય તે સુખને કદાપિ સારું માની શકાય નહિ. એવા સુખથી સુખી થવા કરતાં તો બહેતર છે કે ભિખારી બનીને ઉપકારીનાં ભજનિયાં ગાતાં રહેવાં !

તમે અંતરના ખૂબ ઊંડાણમાં બેસીને થોડો સમય ગરકાવ થઈ જજો

અને પછી વિચારજો શ્રી અરિહંત ભગવંતોની અનંત ઉપકારકતાને, અગાધ કરુણાને ! અને એ બે વચ્ચે સેતુ બનેલી ઘોર સાધનાને ! તો તમને બરોબર સમજાશે એમનું અદ્વિતીય પરમૈશ્વર્ય ! અને ત્યારે જ તમને એમ લાગી જશે કે આવા લોકોત્તર ઉપકારી ભગવંતોની આજ્ઞાને સંસારનાં તુચ્છ સુખ ખાતર પગ નીચે કચડી નાંખવી એ તો મહાપાપ છે ! ઘાતકી કૃત્ય છે ! દરેક પાપકર્મ વસ્તુતઃ તો તેથી જ પાપ બને છે કે ત્યાં આવા અનંત ઉપકારક ભગવંતોની અવજ્ઞા થતી હોય છે. એ અવજ્ઞા જ ઘોરાતિઘોર પાપ છે. એમની આજ્ઞાનું પાલન જ શ્રેષ્ઠાતિશ્રેષ્ઠ ધર્મ છે. તુચ્છ સુખની રાખ ખાતર સો સો રૂપિયાની આજ્ઞાની નોટોનું બંડલ સળગાવી મારવું એ કેટલી બધી બેવકૂફી છે ! પોતાની જ જાતે પોતાનું ખૂન કરવા જેવું કેવું આપઘાતી વલણ છે ? આ થઈ બીજી ભાવના.

અગણિત જીવોની હત્યા અને અનંત પરમેષ્ઠી ભગવંતોની અવજ્ઞા એ બે પૂર્વક જ સુખ માણી શકાય તેમ છે, માટે આ બેય સુખના હેતુ કહી શકાય અને તેથી તેમને સ્ટવના ભડકાઓના સ્વરૂપમાં ચાની તપેલીની નીચે જોવા જોઈએ.

હવે ત્રીજી અને ચોથી ભાવના લઈએ.

ચા પીવાનું જે સુખ છે તેનાં બે સ્વરૂપો છે : એક તો સુખવિનાશી છે અને બીજું એ દુઃખ પ્રતિકારકસ્વરૂપ છે.

વિશ્વની કોઈ પણ સૌંદર્ય મૂર્તિ લાવો, કોઈ પણ ભવ્યતા લાવો, કોઈ પણ મોહકતા લાવો, પણ તમને ખબર છે કે એ બધાયના લલાટે વિનાશિતાનું કાળું કલંક લાગી ચૂક્યું છે. જે કોઈ સૌંદર્ય જન્મે છે તે પળથી જ તેના લલાટે 'વિનાશી' એવો કાળો લોહપટ્ટ જકડાયેલો જ જોવા મળે છે; એટલું જ નહિ પણ જન્મતાંની સાથે જ એ મૃત્યુના મોં તરફ ભયંકર વેગથી ધકેલાતું જાય છે. ભારે અફસોસની વાત એ છે કે મોહરાજે સૌંદર્યનાં દર્શન કરવા માટે આંખો આપી પણ પેલા કલંકને જોવા માટે તો અંધાપો જ આપ્યો ! છતાં જેમને એ કલંક વાંચતાં આવડી ગયું એ આત્માઓ લસલસતા સૌંદર્યને એમ ને એમ ત્યાં ને ત્યાં પડતું મૂકીને નાસી છૂટ્યા ઘેઘૂરવનમાં ! અભ્યંતર જીવનમાં ! નશ્વરનો પ્યાર છૂટ્યા વિના ઈશ્વર ભજાતો નથી. અને તેથી જ નશ્વરનો પ્યાર એ ભયંકરમાં ભયંકર કોટિનું પાપ છે.

ઈંટ ઉપર ઈંટ ગોઠવ્યે જતો એક શ્રીમંત માણસ મોહક ઈમારત ખડી કરી દે છે, અને નામ આપે છે તાજમહેલ ! એમાં જાણે કે શાશ્વત આનંદ માણતો આખાય વિશ્વને વીસરી જાય છે,એનું અંગેઅંગ સ્વાર્થમય બની રહે છે; પણ એને ખબર નથી કે એ સૌંદર્યભરી ઈમારતને લલાટે વિનાશિતાનું કલંક એના જન્મ સાથે જ લાગી ચૂક્યું છે ! એ ઈમારત પ્રતિપળ વિનાશના કાળમુખ તરફ વેગથી ધસી રહી છે ! ખેર, કદાચ ઈમારત થોડો વધુ સમય પણ ટકી ગઈ, પણ એમાં આરામથી સૂનારો જ સ્મશાનમાં જઈને સૂઈ જાય છે. લીલોછમ બગીચો ઊભો રહી જાય છે, પણ એ બગીચાનાં પુષ્પોને સૂંઘનારાની હસ્તી જ ખોવાઈ જાય છે. હજારો કરન્સી નોટો અને સેંકડો તોલા સોનું અકબંધ રહી જાય અને જીવનની ખેતી કરી નાંખીને જેણે એ મેળવ્યું, સેંકડો જીવોનાં જીવન ઊભાં સળગાવી નાંખતાં જેના અંતરે જરાય આંચકો ન ખાધો એ અરમાનો અને અહંકારોનું બાવલું ઘરનાં દીકરા, દીકરી કે નોકરો અને પત્નીઓ માટે ગણાતું 'શેઠ' નામનું બેવકૂફ (!) પ્રાણી એકાએક ક્યાંક સદાને માટે ચાલ્યું જાય. આ બીના શું ઓછી ગંભીર ગણી શકાય ! કાળપુરુષે વિશ્વની પ્રત્યેક ભવ્યતાને, પ્રત્યેક સુંદરતાને નાશવંત બનાવીને કલંકિત કરી મૂકી છે. વિનાશીના તે પ્યાર શા ? વિનાશીના મોહમાં ત્રાસ થઈ જાય એવાં ભયંકર હંટરો અવિનાશીને બરડે ઝીંકાય, એનો કશો જ વિચાર કરવો નથી ?

આપણને કોઈ પદાર્થ લલચાવે છે, મનને બહેકાવે છે અને તેની પાસે પાપ કરાવે છે તેનું કારણ એ જ છે કે તેની વિનાશિતાનું કલંક તે વખતે નજર બહાર થઈ જાય છે. જો કલંક નજર સામે રમતું જ રહે તો કર્મરાજની મજાલ નથી કે ક્યારે પણ ક્યાંક કાળો કેર મચાવી શકે ! કોઈનો એકાએક ભોગ લઈ લે !

હવે <u>ચોથી ભાવના</u> ભાવીએ. ચાના સ્વાદનું સુખ શું કે ઊંઘનું સુખ શું ? બધાય છેવટે તો દુઃખનો પ્રતિકાર કરવા સ્વરૂપ જ છે.

બળબળતો બપોર હોય, ખૂબ તરસ લાગી હોય એ વખતે સંસારી માણસને ઘરની માટીની મટકીનું ઠંડું હિમ જેવું પાણી જે આનંદ આપે તે જ આનંદ, તે જ મટકીનું તે જ પાણી શું માહ માસની કડકડતી ઠંડીમાં આપી શકે ખરું ? કેમ નહિ ? કેમ કે માહ માસમાં તૃષાનું દુઃખ ઊભું જ થયું ન હતું એટલે દુઃખથી અકળાઈને એને ધક્કો મારવાનો પ્રશ્ન જ ન હતો.

જયારે ગ્રીષ્મઋતુની એક બપોરે સખત તૃષા લાગી એટલે એ દુઃખ ઊભું થયું. એથી એ માણસ ખૂબ અકળાયો, પછી ઠંડું પાણી પીવા દ્વારા તેણે એ દુઃખને ધક્કો જ માર્યો ! એથી પોતાને સુખી માની લીધો !

સંસારના કોઈ પણ સુખ માટે આ ન્યાય છે. સુખી થવા માટે દુઃખ ઊભું કરો પછી ખૂબ અકળાઓ. પછી એને ધક્કો મારો અને સુખી થઈ ગયાની કલ્પના કરો.

આઠ કલાકની ભારે મજૂરી કરીને થાકીને લોથપોથ થઈ ગયેલો, ઘરભેગો થયેલો, એક મજૂર ઘસઘસાટ ઊંઘનો જે આનંદ માણે છે તે જ આનંદ લક્ષાધિપતિનો એક નબીરો કે જેણે કશું ય કામ કર્યું નથી, ઉપરથી બપોરે બે કલાકની ઊંઘ ખેંચી નાંખી છે તે શું અનુભવી શકશે ? કે પછી બાર વાગ્યા સુધી અનિદ્રાથી પીડાઈને આળોટ્યા કરશે ? લાખ રૂપિયાનો માલિક હોવા છતાં તેને ઘસઘસાટ ઊંઘનું સુખ કેમ નહિ ? અને મજૂરને એ સુખ કેમ ? એક જ ઉત્તર છે કે જે થાકનું દુઃખ ઊભું કરે તે જ નિદ્રાનું સુખ માણી શકે.

હજી એક દૃષ્ટાન્ત આપું. સાત બહેનો ઉપરના એકના એક ભાઈને તાવ આવ્યો. નવ્વાણું, સો, એક અને બે ડિગ્રી થઈ ગયો ! ઘરમાં બધાં એકદમ અકળાઈ ગભરાઈ ગયાં ! ડૉક્ટરને ફોન કરીને એકદમ બોલાવ્યા. તાવ તો વધતો જતો હતો. ત્રણ, ચાર, પાંચ, છ. ડૉક્ટરે ભાઈને તપાસ્યા ! તરત ઇંજેક્શન આપ્યું. અડધા જ કલાકમાં તાવ ઊતરતો ચાલ્યો. પાંચ, ચાર, ત્રણ, બે; અને એકદમ બધા આનંદમાં આવી ગયા ! હવે આ કેવી મજા ! પહેલાં બે ડિગ્રી તાવ હતો ત્યારે જે બધા ગભરાઈ ગયા હતા તે જ બધાં હવે બે ડિગ્રી થતાં આનંદમાં આવી ગયાં ! આનું શું કારણ ? એ જ કે પહેલાં છ ડિગ્રીના તાવની ચિંતાનું દુઃખ ઊભું થયું ન હતું એટલે એ બે ડિગ્રીનો તાવ આનંદજનક બન્યો ન હતો; જ્યારે પછી છ ડિગ્રીના તાવનું દુઃખ ઊભું થયું ત્યાર બાદ બે ડિગ્રી તાવ થતાં તે દુઃખને ભારે ધક્કો લાગ્યો. આવું જ છે સંસારનું સુખ !

કકડતી ભૂખ લાગ્યા પછી જ ભોજનનું સુખ મળે ? એ જ દૂધપાકનો પહેલો બીજો વાડકો આનંદ આપે અને તૃપ્તિ થઈ જતાં, ભૂખનું દુઃખ શમી જતાં કોઈ ત્રીજો વાડકો ધરે તો ભાઈ આનંદ પામવાને બદલે બરાડી ઊઠે.

પેલા દુઃખી માણસના મિત્રની વાત તમે નથી જાણતા કે જેણે દુઃખી મિત્રને સુખી કરવા તેની રૂપિયા બસોની પૂંજી ખર્ચાવીને ખૂબ દુઃખી કરી મુકેલો અને પછી ક્રમશઃ વસ્તુઓ વેચાવતો ગયો અને પેલો દુઃખી માણસ વસ્તુના ત્રાસમાંથી મુક્ત થતા પોતાને ખૂબ સુખી થતો જતો માનવા લાગ્યો !

ચોરાયેલા દસ હજારમાંથી પાંચસો ઓછા થાય અને બાકીના પાછા મળે તો કેટલો આનંદ થાય ? દસ હજાર ગૂમ થયા ન હોત તો આ આનંદ થાત ખરો ? નહિ જ. આ બધું એ જ સૂચવે છે કે જગતનાં તમામ સુખો દુઃખને ધક્કો મારવા સ્વરૂપ છે. જેટલું વધુ સુખ જોઈએ તેટલું વધુ દુઃખ અનુભવવું જ જોઈએ.

જેટલો પાયો ઊંડો તેટલી ઈમારત ઊંચી લઈ શકાય ને ? કપડાં ઠીક ઠીક મેલાં થાય તો જ ધોયા પછી તેની વિભૂષાથી મન જેવું પ્રસન્ન થાય છે તેવી પ્રસન્નતા રોજબરોજ કપડાં ધોનારને ન જ અનુભવવા મળે. ખૂબ ચાલી નાંખ્યાં બાદ જ આરામનું સુખ શું વસ્તુ છે તે સમજવા મળે છે. અસ્તુ. આ છે સાંસારિક સુખનું બીજું સ્વરૂપ.

પહેલું સ્વરૂપ છે વિનાશિતા. જ્યારે બીજું સ્વરૂપ છે દુઃખપ્રતિકાર. આમ બે ભાવના સુખના હેતુની થઈ અને બે ભાવના સુખના સ્વરૂપની થઈ.

હવે ભાવીએ <u>પાંચમી</u> ભાવના.

ચાની તપેલીમાંથી વરાળના ધુમાડા નીકળે છે, ત્યાં આ ભાવના વિચારો. ચાના સુખ માણનારનો પરલોક ભયંકર બને છે. આ છે ચામાંથી નીકળતો ધુમાડો.

તમે સાંભળી છે ને પેલી ગાય અને તેના વાછરડાની વાત ? ખાટકીના ઘરની ઓસરીમાં એક બાજું ગાય અને તેનું વાછરડું બાંધેલું છે અને સામી બાજુએ બોકડો બાંધ્યો છે. ખાટકી રોજ પેલા બોકડાને લીલા જવ પેટ ભરીને ખવડાવે છે અને ગાયને તો સૂકું ઘાસ જ !

દિવસો ગયા. બોકડો તો લઠ્ઠ થઈ ગયો. એક દિવસ પેલું વાછરડું એની માને પૂછે છે, "મા, તું રોજ દૂધ દે તોય તને લીલા જવ ન મળે અને પેલો બોકડો કશુંય દેતો નથી તો એને કેમ લીલા જવ મળે છે ? આપણને પણ લીલા જવ મળવા જોઈએ ને ?" માએ ગંભીર બનીને બચ્ચાને કહ્યું,

"બેટા, આપણે ન જોઈએ એ લીલા જવ ! એનાં મૂલ ચૂકવવાનો જ્યારે દિવસ આવશે ત્યારે એ બોકડાને ભારે પડી જવાનું છે." અને...

એક દિવસ આવી ગયો. ખાટકીને ત્યાં મહેમાન આવ્યા. ખાટકી તો બેઠો છરાની ધાર કાઢવા ! સૂર્યનાં કિરણોથી ચકમકતો એ છરો જોઈને પેલું વાછરડું તો ધ્રૂજવા લાગ્યું અને માની ગોદમાં ભરાઈ ગયું ! તે વખતે માએ કહ્યું, "બેટા, આ તો લીલા જવનાં મૂલ ચૂકવવાનો અવસર આવ્યો છે. લીલા જવ ખૂબ ખાઈને લઠ્ઠ બનેલા બોકડાની આજે કતલ થઈ જશે !!!" વાછરડાએ તો એ સાંભળતાં જ ચીસ નાખી !

થોડીવારમાં તો એ તગતગતો છરો બોકડાના ગળા ઉપર ફરી વળ્યો. લોહીના ખાબોચિયામાં બોકડાનો દેહ ઢળી પડ્યો !

સાંસારિક સુખો તત્કાળ મધુર છે, પણ પરિણામમાં તો અતિકટુ છે. આ વાત જો આપણા ખ્યાલમાં બરોબર બેસી જાય તો ગમે તેવાં મોહક પ્રલોભનો આપણા અંતરને અડી પણ શકે નહિ, એવું અંતર બનાવ્યે જ છૂટકો છે. નહિ તો યાદ રાખજો કે આજનું વિલાસમય વાયુમંડળ સેકન્ડના કરોડમાં ભાગ જેટલા સમયમાં અંતરને દૂષિત કરી મૂકશે. સાતમી નારકના દ્વારે ટકોરા મારશે.

ચાલો, હવે <u>છઠ્ઠી ભાવના</u> ભાવીએ. એ છે અતૃપ્તિના ઉત્પાદનની. આલોકનું કોઈ પણ સાંસારિક સુખ તૃપ્તિ કરતું નથી; બલકે અતૃપ્તિની કારમી આગ સળગાવે છે. માણસ એકવાર કોઈ પણ ભૌતિક સુખને આશ્લેષે છે પછી એ સુખની વાસના એને છોડતી નથી, એ પણ એ વાસનાને છોડી શકતો નથી. સ્વપ્નમાં પણ એ જ વાસના એને પજવ્યા કરે છે. જ્યારે દૈવી સુખોથી પણ, તૃપ્તિ થઈ નથી ત્યારે માનવીય ક્ષુદ્ર સુખો શી રીતે તૃપ્તિ કરી આપશે ?

ભગવાન આદિનાથ સ્વામીજીએ અઠ્ઠાણું પુત્રોને ઉપદેશ આપતાં તૃષાર્ત્ત માણસના સ્વપ્નની વાત કહેલી કે, એ માણસ સ્વપ્નમાં નદી, નાળાં, ખાબોચિયાં - બધુંય પી ગયો, તોય તૃપ્ત તો ન થયો પણ અતૃપ્તિની આગ ભયાનક લબકારા મારવા લાગી. પછી તેની શાન્તિ માટે ભીનાં ઢેફાં ચૂસવા લાગ્યો !!! શું કદી તેને એથી શાન્તિ થાય ? આ દૃષ્ટાંતમાંથી આપણને સ્પષ્ટ સમજવા મળે છે કે ચાનું સુખ કે સંસારનું કોઈ પણ સુખ ભોગવવાથી તેની

અતૃપ્તિ વધતી જ જાય છે; તો પછી તેવા સુખની શાન્તિ શી ? જૂના વખતની એક વાત છે કે, એક રાજા અતિ લાલચુ હતો. તેણે પોતાના વૈદ્ય પાસે એવી ગોળી બનાવડાવી કે જે લેતાં જ ઊલટી થાય. રાજા દાબીને ખાય અને પછી ગોળી લઈને ઊલટી કરી નાંખે એટલે ફરી નવા રસો માણવા મળે, છતાં મરતાં સુધી એ પણ તૃપ્ત ન થયો !!!

કહેવાય છે કે, વૃદ્ધ થયેલા યયાતિએ હજાર વર્ષનું યૌવન મેળવ્યું (!) મન ફાવે તેમ ભોગો ભોગવ્યા તોય તેને તૃપ્તિ ન થઈ !!! સંસારનાં આવાં સુખો પાછળ આપણે ઘેલા બનીશું કે એ સુખોથી વિરક્ત બનીને એ સુખોની ભયાનકતા વિચારીને સુખભૂખ્યા જીવોને પંથ બતાડીશું ? આપણું તો આ કર્તવ્ય છે. એને વીસરીને તુચ્છ આનંદોમાં પલોટાઈ જઈશું તો દીનહીન જગતનો ઉદ્ધાર કરશે કોણ ?

યાદ રાખજો, ગમે તેવા આનંદ કરતાં કર્તવ્ય મહાન વસ્તુ છે. બેય ઉપસ્થિત થાય ત્યારે કર્તવ્યને જ સ્વીકારવા સાબદા બની જવું જોઈએ. અસ્તુ. પાંચમી-છઠ્ઠી ભાવના ચાની તપેલીમાંથી નીકળતી વરાળના સ્થાને છે.

પહેલી-બીજી ભાવના હેતુ સ્થાને છે, ત્રીજી-ચોથી ભાવના સ્વરૂપ સ્થાને છે અને પાંચમી-છઠ્ઠી ભાવના અનુબંધ સ્થાને છે. આ છ ભાવના સંસારના કોઈ પણ સુખને ભયાનક સાબિત કરી આપે છે. એને સર્વથા હેય જણાવી આપે છે. છતાં ક્ષણભર એ સુખને સારું માની લેવામાં આવે તો પણ સાતમી ભાવના એને નકામું ઠરાવી દે છે. આ ભાવના કર્મરાજના નજરકેદના સુખ તરીકે સાંસારિક સુખોને બિરદાવે છે.

મહાધનાઢ્ય વેપારી કે કોઈ રાજા જો રાજકીય ગુનામાં સપડાય તો તેને સજારૂપે નજરકેદ રાખવામાં આવે છે. એની જેલ એટલે મોટો આગાખાનનો પેલેસ ! ત્યાં રહેવાનું, ખાવાનું, પીવાનું, ફાવે તે મોજ માણવાની ! આમ છતાં એ સુખ એને ગમતું નથી. સુવર્ણપિંજરના પોપટને ગમે તેટલાં સુંદર ભોજન વગેરે મળે તોય તેને વનવગડાની હવા જ યાદ આવે છે.

દાર્શનિક વિદ્વાન ચુઆંગ જુ નદીકિનારે બેઠા હતા. ચીનના સમ્રાટનો દૂત આવીને તેને કહે છે, "સમ્રાટે તમને પ્રધાનમંત્રી નીમ્યા છે માટે રાજમહેલમાં ચાલો."

દાર્શનિક પંડિત તેને પૂછે છે, "પહેલાં મને એ વાતનો જવાબ દે કે તારા સમ્રાટના સંગ્રહાલયમાં જે દિવ્ય કાચબાની ઢાલ સુરક્ષિત પડી છે તે કાચબો ત્યાં જીવતો થઈ જાય તો ત્યાં રહેવાનું પસંદ કરત કે ?" ઉ. - "ના, પછી તો એ કાદવમાં જ રહેવાનું પસંદ કરત." ચુઆંગે કહ્યું, "તો મને પણ એ જ ગમે છે. પદ મેળવીને તારા સમ્રાટની નજરકેદમાં રહીને સુખ ભોગવવા કરતાં હું પણ સ્વાતંત્ર્યના કાદવને વધુ પસંદ કરું છું."

સમ્યગ્દષ્ટિ આત્માઓ દેવના ભવમાં ત્યાંના સુખને કર્મરાજની નજરકેદનું સુખમાનીને તેનાથી પરાઙ્મુખ રહે છે.

ષટ્ખંડના સામ્રાજ્ય કર્મરાજ ભલે આપે પણ તેનાં સુખ એ નજરકેદનાં સુખ છે એટલું સમજી લેવું જોઈએ. એના કરતાં સ્વતંત્રતામાંથી પ્રાપ્ત થતું બિંદુ જેટલું સુખ પણ અમૃતતુલ્ય છે. અસ્તુ.

આ સાતેય ભાવનાથી તમારા અંતરને સતત ભાવિત કરતા રહો તો તમે તમામ સુખોથી વિરક્ત બનતા જશો. ખાનપાનની કારમી લાલસા, માનપાનની તીવ્ર કામના, વિજાતીય તત્ત્વનાં આકર્ષણો વગેરે બધુંય પાણીના પરપોટાની જેમ વીખરાઈ જશે. ક્યાંય કશુંય નહિ ગમે. કોઈ સુખમાં ઠરીને બેસવું નહિ ગમે, સર્વત્ર ચિત્ત ઉદાસ બનશે. સર્વત્ર ભોક્તૃત્વભાવ દૂર થશે અને સાક્ષિત્વભાવ વ્યાપ્તો જશે; સ્થિર થતો જશે.

જો જીવનમાં સુખવિરાગ નથી તો કાંઈ નથી. માત્ર વેષધારિતા એ તો ભયંકર ઠગબાજી છે. પછી તો જગતનાં સુખો મેળવવા માટેનું એક અનન્ય સાધન જ બની રહે છે. એ વેષ આવાં દાંભિક આંચળા ઓઢીને આપણે શું અનંત જીવનોને કારમા દુઃખોથી ખીચોખીચ ભરી દેવાં છે ? જાતે જ જાતને સળગાવી મારવાના ધંધા કરવા છે ?

હજી આપણે જાગી જઈએ. સુખોથી વિરક્ત બનીએ. રમા રામાના રંગથી અલિપ્ત રહીએ. ખાનપાન અને માનપાનની ભૂખોથી વેગળા રહીએ અને વિભૂષા તથા વિલાસિતા તરફ હંમેશા સૂગ રાખીએ.

મુનિજીવન જીવી જાણવું હોય તો દુઃખભીરુ નહિ, સાચા સુખભીરુ બનજો. સાચા પાપભીરુ બનજો. એ ભીરુતા માટે ભારે નીડરતા લાવવી પડશે, દુઃખોથી નહિ ડરવાની અને ઈચ્છાઓથી નહિ ડગી જવાની.

•

# ૧૭ समयं गोयम ! मा पमायए

૧૯૬૨ની એ નામોશીભરી કહેવાતી સાલ ! પંચશીલના સિદ્ધાન્તની ગુલબાંગો પુકારતું, હિન્દી-ચીની ભાઈ ભાઈની ભવાઈઓ ગજાવતું માઓ-ત્સે-તુંગનું ચીન ભારતના સીમાડે ત્રાટક્યું ! અને એક સાથે એ સીમાડા સળગી ઊઠ્યા ! ભારત પરાજિત જાહેર થયું ! એની નામર્દાઈ છતી થઈ ગઈ ! વડાપ્રધાન નેહરુના અંતરમાં સોંસરો ભોંકાઈ ગયેલો પરાજયનો રામપુરી ચપ્પુનો ઘા દૂઝતો જ રહ્યો. પ્રાણ લઈને જ જંપ્યો !

પણ ત્યારથી એ સીમાડાઓ જાગતા બની ગયા. શું ચીન કે શું પાકિસ્તાન - બધા ય સામે - એ સીમાડાઓ સાબદા બન્યા ! વીસ લાખ ભારતીયોએ લશ્કરી ગણવેશ ધારણ કર્યો. હાથમાં બંદૂક, બગલમાં થેલો, અંતરમાં માભોમની રક્ષાના શપથ અને લોહીના કણકણમાં શૌર્યનો ગરમાવો ભરીને એ સીમાડે રોન મારવા લાગ્યા. આજેય એ અપરાજેય રોન ચાલુ જ છે. ચોવીસેય કલાક બંદૂકોના ખખડાટ અને મુખ ઉપર શૌર્યનો તરવરાટ સાંભળવા-જોવા મળે છે. અડતાલીસ કરોડની ભારતીય પ્રજાના ભારતની તસુ તસુ ભૂમિનું સંરક્ષણ કરવાના શપથ સાથે દરેક ભારતવીર એ સીમાડે આમતેમ આંટા મારી જ રહ્યો છે. એક પળની ગફલતમાં ચીની નાગ ભારત ભૂમિનો કોળિયો કરી જાય એવી એંધાણીઓ ખીચોખીચ સહુને દેખાય છે. માટે સહુ સાબદા છે. કોઈ ઊંઘતું નથી. ભારતની ભૂમિના રક્ષણની જવાબદારી વીસ લાખ ભારતીય સૈન્યના સમૂહના માથે નથી, પ્રત્યેક સૈનિકના માથે છે. દરેક સૈનિક સમગ્ર ભારતનું રક્ષણ કરી રહ્યો છે. પછી ભલે તે પાકિસ્તાનને અડતી રાજસ્થાનની સરહદના અડધા માઈલના કટકા ઉપર જ આંટા મારી રહ્યો હોય !

ન સમજાણી આ વાત ? સમજો ત્યારે. રાજસ્થાનની સરહદના એ અડધા માઈલના કટકાની રક્ષા કરતો સૈનિક જો જરા પણ લાપરવા બની જાય તો ? તો ત્યાંથી પાંચ પચાસ જ નહિ, પણ સેંકડો-હજારો, રે ! લાખો પાકિસ્તાનીઓનાં ધાડાં એકદમ ઊતરી પડે ! આખા રાજસ્થાનને હડપ કરી જાય. અંતે ? સમગ્ર ભારતને રગદોળી નાંખે ! એક સૈનિકની ભૂલ ! બાકીના

બધા - લાખો સૈનિકોની જાગતી ચોકીને નિષ્ફળ બનાવી દે ! લાખો સૈનિકોનો, હજારો કલાકોનો સાવધાનીભર્યો અવિરત પુરુષાર્થ જંગ, એક જ સૈનિકના એક જ ગફલતભર્યા ઝોકામાં ધૂળ ભેગો થઈ જાય ! માટે જ એ વિધાન તદ્દન સાચું ઠરે છે કે પ્રત્યેક સૈનિક સમગ્ર ભારતનો સંરક્ષક છે. એકની પણ બેધ્યાની બાકીના બધાના જાગતા પ્રયત્નો ઉપર પાણી ફેરવી દેવા સુસમર્થ છે.

હોડી ભલેને આખી સાજી-સુંદર હોય, પણ બે ઈંચનું એક કાણું પડી જાય તો હોડીની બાકીની અખંડિતતા બધી ભેગી મળીને પણ પેસી જતા સાગરના નીરને ખાળી શકે નહિ.

નગાધિરાજના શિખરને આંબવાના એક માત્ર ભીષ્મ સંકલ્પની ઉષ્માને અંતરમાં ભરીને, આપત્તિઓની હિમવર્ષામાંય પ્રાણોને ધબકાવતો, અડીખમ ધીરજ સાથે હજારો ફૂટનું આરોહણ કરી ચૂકેલો પર્વતારોહક એક જ ફૂટના આરોહણમાં ગોથું ખાઈ ગયો ! હજારો ફૂટનાં આરોહણ-બધાય ભેગા મળીનેય એના વિનાશકારી વિનિપાતને અટકાવી ન જં શકે.

૯૯ કેરી ભેગી મળીનેય એક બગડેલી કેરીને સુધારી ન શકે ! 'સારીમાં બગડેલી' કહેવાને બદલે 'બગડેલીઓમાં સારી' એવું કહેવાનો સમય લાવી દે !

એક રોગનું દુઃખ, બાકીના રોગોના ઉપશમન સુખને ક્યાંક નસાડી ભગાડી મૂકે ! વિરાગનાં સો પ્રકરણોની વચ્ચે ક્યાંક કંડારાયેલું રાગનું એક જ પ્રકરણ વિરાગના તેજલીસોટાને મૂઠીમાં મસળી નાંખે !!! આ જ રીતે લાખો ભવોની હજારો આરાધનાઓના બળને વિરાધનાનું એક જ આસુરીબળ હતપ્રહત કરી નાંખે તેમાં શી નવાઈ ?

ઘણા વખતથી એક પ્રશ્ન લમણે વાગતો હતો કે ધરખમ આરાધનાઓના સ્વામીઓ, એકાદ બે વિરાધનાને સ્પર્શી ગયા અને પરિણામે દુર્ગતિના દ્વારે જઈ ઊભા, એ શાથી ? શું થયું એમની આરાધનાઓનું ? શું થયું એમનાં એ તોતિંગ પુરુષાર્થોનું ? શું થયું એમની એ વીરહાકનું !

પણ હવે આ પ્રશ્ન સંકેલાઈ જાય છે. મનનું સમાધાન થઈ જાય છે. સામે પૂરે જઈને સાધેલી આરાધનાઓની ભલેને લાંબી વણજાર હોય ! પણ અનાદિકાળથી સહજ બનેલા કુસંસ્કારોનાં અપ્રતિમ સામર્થ્યવાળી વિરાધનાની એક જ કાળમુખી નાગણ એ બધાયને હડપ કરી જવા બસ છે.

શું આવા જ કારણે આપણો સંસાર અનાદિની જેમ હજી અનંત બની રહ્યો હશે ! આરાધનાઓના ભાવો ઉદ્દીપિત થવા છતાં, આરાધનાઓ આરાધવા છતાં વિરાધનાના સૂક્ષ્મભાવો અને સ્થૂલ અનુભવો પણ અવારનવાર પોતાનો ઝપાટો બોલાવી તો જાય જ છે. ક્ષમાની અપૂર્વ મસ્તી માણનાર મુનિવર એકાએક લાલપીળા થઈ જતા નથી શું ? અપૂર્વ તપસ્વી ! તપના અંતે કારમી લાલસાનો ભોગ બની જતા નથી શું ? અપૂર્વજ્ઞાની ! એકાએક કોઈ વિકારને આધીન નથી બની જતા શું ?

આ વિરાધનાઓના ઝપાટાઓ જ આરાધનાની પૂરબહારને દુર્દિન બનાવી દે છે. ઊંચે ને ઊંચે જતી વિકાસગતિને એકાએક અધોમુખી કરીને પટકી નાંખે છે. એટલે શું જીવનના પ્રત્યેક સમયમાં સાવધાની રાખવી જોઈએ ? કોઈ પણ સમયમાં આડુંઅવળું, અણછાજતું કાંઈક પણ ન બની જાય તેની કાળજી રાખ્યા જ કરવી જોઈએ ?

પળભરનું પણ ઝોકું ન ખવાય ? પ્રતિસમય જાગતા જ બેસી રહેવાનું ? પળભર પણ પલાંઠી મારીને ન બેસાય ? સદૈવ ઊભા જ રહેવાનું ? પળભર પણ ઊભા ન રહેવાય ? સતત ચાલ્યા જ કરવાનું ? ધીમે ધીમે પણ ન ચલાય ? સતત દોડ્યા જ કરવાનુ ? આ તો કેટલું કઠિન કાર્ય ! કેટલો કઠિન સંયમ !

સમય સમયની કાળજી લેવાની ! પછી પળોની કાળજી તો આપોઆપ લેવાઈ જાય ! પળપળની કાળજી લેવાની પછી કલાકો તો આપોઆપ રક્ષાઈ જાય ! કલાકોની કાળજી દિવસોની કરે અને દિવસો મહિનાઓની, મહિનાઓ વર્ષોની કાળજી લે અને વર્ષો જીવનની કાળજી કરી જ લે ! અને એવું એક જીવન સર્વજીવનોની મા બની એમનું જતન કરી જ લે.

આપણી ફરજ જીવનરક્ષાની નહિ ! યુગ, સંવત્સર કે ક્ષણ રક્ષાની પણ નહિ ! આપણે તો કાળજી કરવાની માત્ર વર્તમાન સમયની ! વર્તમાનકાળને સ્પર્શતા પ્રત્યેક સમયની.

આ વિચારથી માથા ઉપરનો જીવનરક્ષાનો બોજો હળવો થઈ જતો લાગે છે. પરંતુ સમય સમયની કાળજીનો માથે આવતો ભારેખમ બોજ તો ખૂબ જ અસહ્ય લાગે છે !

સમય સમયની કાળજી કરતા રહે એવા મુનિઓ કેટલા મળે ? બહુ

જ થોડા. આંગળીના વેઢે ગણાય તેટલા જ ને ? અને આરાધનાના પગથિયે પગથિયે ડગ માંડતા, ચડ્યે જતા, છતાં ક્યાંક ને ક્યાંક ગોથું ખાઈ જતા કેટલા મળે ? પરાર્ધનું પણ ગણિત ત્યાં ખૂટી જ જાય ને ?

તો તો પછી સંયમધર્મનું સફળ 'સ્પર્શન' તો અત્યંત દુર્લભ જ ગણાય ને ? મુક્તિના સર્વોચ્ચ એવરેસ્ટ શિખરને સર કરવાનું સ્વપ્ન તો કોક તેનસિંગનું કે કોઈ હિલેરીનું જ સત્ય બને ને ? અમારા જેવાના તો અહીં કોઈ 'ક્લાસ' જ નહિ ને ? શાસનપતિ મહાવીર પરમાત્માએ ગણધર ભગવંત ગૌતમર્ષિ જેવાને પણ समयं गोयम ! मा पमायए નું જે બોધસૂત્ર આપ્યું એ હવે તો આ નાનકડા મગજમાં એકદમ બેસી જાય છે ! અને સાથે જ સંયમધર્મની દુરારાધ્યતા પણ હૃદયમાં બરોબર સમજાઈ જાય છે અને એની સાથે સાથે મુનિજીવનમાં આગળ વધવા માટે આ આતમરામનો કોઈ રસ્તો જ નથી એમ પણ જડબેસલાક લાગી જાય છે ! હવે તો આગળ વધવાની વાત દૂર રહી ! રે ! મળેલું જળવાઈ રહે તોય જંગ જીત્યા એમ લાગે છે !

સર્વત્ર છાઈ ગયું છે વિકારોને જ જન્માવે તેવું, વાસનાઓને ઉદ્દીપિત કરીને જીવનને રવાડે ચડાવી દે તેવું વિલાસપ્રચુર વાતાવરણ ! જે નિર્જરાના કે પુણ્યબંધનાં સ્થાનો ગણાય તે ઉપાશ્રયોની પણ રચનાઓ જીવનને અંતર્મુખ બનવાની પ્રેરણા આપવાને બદલે એની ઈંટે ઈંટ બહિર્મુખભાવના ઉદ્દીપનનું એક માત્ર કાર્ય મૂક બનીને સાધી રહી હોય તેમ લાગે છે. સંવરનાં સાધનો પણ આશ્રવનાં સાધનો બની જાય તેવું મન આજના દૂષિત વાયુમંડળો બનાવી રહ્યાં છે. જરાક આંખ ઊંચી થાય અને કશુંક અઘટિત પાપ આચરાઈ જ જાય ! રે ! આંખો મીંચીને બેસી રહીએ તોય પેલું મન બેઠું બેઠું કાળાં પાપ કરતું જ રહે કેમકે એ બન્યું છે આજના પ્રણીત દૂષિત અને નીતિબાહ્ય આહારમાંથી. ક્યાં ઊભવું ? વનમાં ચાલ્યાં જવું ? પણ મન ક્યાં જશે ? તે તો સાથે જ આવશે ને ? અને એ દુષ્ટ મન તો વનને પણ એ વિકૃતિઓનું ઊગમ કેમ નહિ બનાવે ?

એક સમય હતો જ્યાં આરાધકો ઘણા હતા. વિરાધકો તો બહુ થોડા ! જ્યાં એકેકા જીવનમાં આરાધનાઓની જ પળો ભરપૂર હતી, વિરાધનાની તો કો'ક જ ! આજે વિરાધકોનો રાફડો ફાટ્યો છે !

વિરાધનાઓની પળોનો કોઈ સુમાર દેખાતો નથી. આરાધનાની એ ધન્યપળો તો ક્યારેક જ સ્પર્શવા મળે છે ! આ તે ઘઉંમાં કાંકરા કે કાંકરામાં ઘઉં ?

અને આવાં જીવનો મુક્તિ આપે કે ભયંકરમાં ભયંકર સંસાર બઝાડે ? મને તો કાંઈ જ સમજાતું નથી શું થશે ? ક્યાં જવાનું હશે ? કશી ગમ પડતી નથી. કડાકો બોલે છે અંતરમાં; ધ્રૂજી ઊઠું છું આ વિચારથી ! ઝૂકી પડું છું આરાધનાના સ્વામીઓને ! અને સમય સમયની કાળજી લેવાનું કહેતી વાત્સલ્યમયી માતા મહાવીરને !

•

## ૧૮ પર્વતની ધારે મોં ફાડીને ઊભેલી બે ખીણો : સુખશીલતા અને કૃત્રિમ પરાર્થકરણ

મુનિ એટલે એકલો, અટૂલો, પર્વતની ખૂબ સાંકડી પગદંડીની ધારે ધારે સંભાળપૂર્વક ચાલ્યો જતો સાહસવીર ! મુક્તિના એક જ લક્ષને વીંધી નાંખવા એકાગ્ર બનેલો - આસપાસનું બધુંય વીસરી જતો બાણાવલિ અર્જુન !

ચાલ ચાલ કરવું એ જ એનો ધર્મ. વીતરાગનાં ગીત લલકારતા જવું એ જ એનો આનંદ !

હૈયે વિરાગ માયો ન માય ! હોઠે અરિહંતના જાપ રોક્યા ન રોકાય ! અંતરમાં ઊભરાય બહુમાન ગુરુદેવનાં ! શિરમાં સમાયા ન સમાય સંકલ્પો જિનાજ્ઞા પાલનના !

ઊંચા આભને અડતા પર્વતની પગદંડીએ વણથંભી કૂચ કરતા મુનિની બેય બાજુએ વિકરાળ મોં ફાડીને બે ખીણો ઊભી છે. જોતાં જ તમ્મર આવી જાય. રે ! જોનારો ઝીંકાઈ જ જાય એના અતળતળમાં ! રામ રમી જાય એ આતમરામના પળ બે પળમાં ! કણ કણમાં વેરાઈ જાય એનાં હાડકાંની રજકણો ! એ ખીણોનાં નામ છે સુખશીલતા અને કૃત્રિમ પરાર્થકરણ !

આમાંની પ્રત્યેક ખીણ અનંત આત્માઓના ભોગ લઈ ચૂકી છે. અનંતાઓના હજીય ભોગ લેશે. એનું સૌંદર્ય જ એટલું બધું મોહક છે કે ભલભલો એમાં અંજાઈ જાય !

પતંગ નહિ જાણતો હોય પાવકના સંગની મરણાન્ત સજાઓને ? છતાં પાવકના સૌંદર્યે એ બધુંય તત્ત્વજ્ઞાન વીસરી જ જતો હશે ને ?

એથીય અધિક લસલસતું સૌંદર્ય છે આ ખીણોનું ! એના અંગે અંગમાં નર્યું સૌંદર્ય જ નીતરતું હોય છે. અંતરમાં ઊંડે ઊંડે કશાકનું દર્શન કરતી આતમરામની આંખો જરાક તો થાકે ! જરાક તો પાછી બહાર આવે ! જરાક તો આમતેમ નજર નાંખે ! ખેલ ખલાસ. એ લચી પડેલા સૌંદર્યના દર્શને એનો ભોગ લીધો જ સમજો.

અલ્પ પુણ્યશક્તિવાળા સાધકો પ્રાયઃ સુખશીલતાના સકંજામાં આબાદ ફસડાઈ પડતા હોય છે. આજે પણ, કોઈ પણ સાધુને સારું ખાનપાન, સુંદર

વસ્ત્રો, સુંદર ઉપાશ્રય અને થોડાંક પુસ્તકો, ઔષધો વગેરે મેળવી લેવું એ તો બહુ જ સામાન્ય બાબત છે. એટલું મળી જતાં, આંતરદૃષ્ટિ ખોવાઈ જાય તેમાં જરાય નવાઈ નથી. જો જીવનનું કર્તવ્ય વિસરાઈ જાય, જો પરલોક દૃષ્ટિ ભુલાઈ જાય અને જો આંતરસાધનાની ધારે ચાલતાં કપાઈ જતાં, લોહી નીંગળતા પગનાં દર્શન થતાં હૈયું ઢગલો થઈને બેસી જાય તો ?

ભારે મુસીબત ઊભી થઈ છે. પ્રાપ્ત થતી અનુકૂળતાના બળ ઉપર તો આભ્યંતર સાધનાને ભરપૂર વેગ મળવો જોઈએ, તેને બદલે ભલભલા કેટલાક ખાનદાન નબીરાઓ પણ એ સામગ્રીથી તદ્દન સુખશીલ બની જતાં જોવા મળે છે. બહુ જ ટૂંકા સમયના સાધુજીવનના પર્યાયમાં સર્વત્ર 'એશારામી'નું બેઢગું તત્ત્વ જોવા મળે છે. કેમ આમ થતું હશે ? શું આત્માએ 'સાધના' શબ્દનો સાચો અર્થ પૂર્વે સ્પર્શ્યો જ નહિ હોય કે પછી બધી અનુકૂળતાઓ ભોગવવા માટે જ વેષપરિધાન કર્યું હશે ? કે પછી તદ્દન શૂન્યમનસ્કભાવે જ અહીં દોડી આવ્યો હશે ? તો પછી અમારી ખાનદાનીનું શું ? અમારાં જ્ઞાનનું શું ? ભવ્ય ત્યાગનું શું ? અમને અપાયેલા જયજયકારનું શું ? ભાવિની ભીષણ સંસારયાત્રાનો પળ-બે પળમાં અંત લાવી મૂકે તેવી સાધનાની સામગ્રીને પામીને પણ ભયંકર સંસાર વધારી મૂકે એવી સુખશીલતાનો ગુલામ આ આત્મા બની જાય તો તે દયાપાત્ર કહેવાશે કે ધિક્કારપાત્ર ?

સંસારી જીવો જેટલું પણ કષ્ટ વેઠવા માટે કાયર બની જતા આત્માને મુક્તિમાર્ગનો સાધક, આરાધક યા ઉપાસક કહેવો એ પણ સાચા સાધકો, આરાધકો કે ઉપાસકોનાં અપમાન બરોબર નથી શું ? ઊંચામાં ઊંચો આત્મકલ્યાણનો આદર્શ હૈયે ભરીને આવતો આત્મા, બહુ જ ટૂંકા સમયમાં સુખશીલતાની કાળમુખી ખીણનો ભોગ બની જાય એ સાચે જ આરાધકોની દુનિયા માટેનો ખૂબ જ ગમખ્વાર બનાવ છે; ખૂબ જ આઘાતજનક પ્રત્યાઘાત છે ! પણ અફસોસની વાત છે કે આજે તો એવા જીવલેણ પ્રત્યાઘાતો વારંવાર આવે છે. અંતરમાં ધરતીકંપ કરી મૂકે છે. મગજને ક્ષણભર તો તદ્દન જડશૂન્ય અને સ્તબ્ધ કરી નાંખે છે.

જે આત્માઓને કશુંક પુણ્ય પ્રાપ્ત થયું છે અને તેના કારણે થોડું જ્ઞાન કે થોડો તપ યા થોડી વક્તૃત્વાદિ શક્તિ મળી છે તેમનાં કેટલાકનાં જીવનોમાં

ક્યાંક ક્યાંક દષ્ટિપાત કરતાં ભારે રંજ ઉત્પન્ન થાય તેવું બીજું કાંઈક જોવા મળે છે. આવા આત્માઓ પ્રાયઃ સુખશીલ હોય છે પણ અંદરનો 'કાંઈક' કરી નાખવાનો ઉકળાટ કદાચ તમને કઠોર કાર્યકર બનાવી દે તેવું પણ જોવા મળે ખરું. સર્વ-સંગના ત્યાગના જે જીવનમાં, એ ત્યાગ કર્યા પછી ત્યાગનો જે અનિર્વાચ્ય અનંત આનંદ - આનંદનો ઘન-માણવાની ધન્ય પળોને આશ્લેષવાની છે એ જીવનમાં એ ત્યાગેલા સંજોગોનો ફરી યોગ થવા લાગે તો તેના જેટલી ભયંકર બાબત બીજી કઈ ગણાય ?

ધરખમ ત્યાગના પ્રયોગો કરીને, શાસ્ત્રના અપૂર્વ સ્વાધ્યાયનો ચિરંજીવ યોગ સાધીને, રાત્રિના નીરવ એકાંતની ગોદમાં લપાઈ જઈને, લોકોત્તર ગલગલિયાં માણીને, જગતનું દર્શન કરીને હૈયાને કરુણાથી છલોછલ ભરી દેવા સાથે સર્વના હિતચિંતનના ભાવોથી આત્માને ભાવિત કરીને, શાસ્ત્રોમાં વર્ણવેલી સમત્વની આરાધનાની અપૂર્વ મસ્તી સ્પર્શીને જીવનને લોકોત્તર આનંદથી ઊભરાવી દેવાનું છે. પણ આ કાર્ય તો આસમાનના તારા તોડવાથી પણ વધુ કઠિન લાગતાં, દીર્ઘકાળ સુધી ધીરજ ધરીને એની સાધના કરીએ તો જ સિદ્ધિ મળે એવું મનોમન કલ્પી લેતાં, એને પડતું મૂકી દેવાનું દુઃસાહસ આજે તો ડગલે ને પગલે જોવા મળે છે. લોકોત્તર આનંદનો ઘન કઠોર સાધના માગે છે. કઠોર સાધનાની કાયરતા ભૌતિક આનંદની તદ્દન પ્રવાહી સ્થિતિને પામી લઈને સંતોષ મેળવીને લેવાનો સંકલ્પ કરાવે છે. રે ! કેવી વાત ! ભોજન ન મળ્યું તો ઢેફાં ખાઈ નેય પેટ ભરવાનું !

અનાદિકાળનાં એ ભૌતિક પ્રલોભનો મુનિજીવનમાં ફરી દેખા દે છે. થોડું પુણ્યબળ સહાયક બને છે. અને અંતર્મુખ આત્મા, અંતરમાંથી ડોકિયું બહાર કાઢી લઈને પરાર્થકરણમાં પલોટાઈ જાય છે.

ગાંધીયુગમાં હરિજનને બધી સગવડો મળે માટે હિંદુ પણ હરિજન બને ! વટલાઈ જાય ! તેમ અંતર્મુખ આત્મા ભૌતિક પ્રલોભને પલોટાઈને વટલાઈ જાય !!! રે ! તો પછી સ્વઘરમાં રહેશે કોણ ? જગતનું પામરપ્રાણી ?

આવા આત્માઓ પોતાના પુણ્યબળ મુજબ એક નાનું મોટું પરાર્થકરણનું વર્તુળ બનાવે છે. એના સ્વામી બની, એમાં જ રાચે માચે છે. આનંદઘન ન બનાયું તેનો કોઈ અફસોસ એમના મુખ ઉપર એકાદ કરચલી પાડવા જેટલું પણ વૃદ્ધત્વ લાવી શકતો નથી. આ વિષયમાં અફસોસ જેવું કશું હોતું જ નથી.

વટલાયેલાં જીવનો સાત્ત્વિક ક્યાંથી હોઈ શકે ? સત્ત્વહીન જીવનોનાં પરાર્થકરણ કેટલાં કામિયાબ નીવડી શકે ? એવા પરાર્થ, શાસનસેવામાં કોઈ હિસ્સો આપી શકતા હશે કે કેમ એ જ એક સમસ્યા છે ! આજના ભયંકર વિલાસી પાપપ્રિય કાળમાં પ્રજાને ધર્મ પમાડી દેવા માટે પ્રજા ઉપર સીધો પ્રયોગ કરવાના કાર્યમાં મને તો બહુ જ ભયંકર વિનિપાતોની આગાહીઓનાં દર્શન થાય છે ! દુનિયાને પમાડવા સજ્જ બનેલો અધીરો અને અસ્વસ્થ આત્મા પોતે જ એ દુનિયાનો એક સભ્ય બની જશે. આ તો હુતુતુતુની રમત છે. વેષધારી મુનિ બીજાને ખેંચવા જતાં પોતે જ ખેંચાઈ જવાનો છે.

રહેવા દેજો એવા કૃત્રિમ પરાર્થકરણના અખતરાઓ ! એ તો નખરાબાજ જીવનોનાં કારમા અધઃપતન કરનારા ખતરાઓ છે ! ઝેરનાં તે પારખાં ન હોય ! જગતનાં દુઃખ દારિદ્રયનાં દર્શનથી તમારાં અંતર જો ભારે વલોપાત કરતાં હોય, આંખો જો આંસુઓ સારતી હોય, મગજ શૂન્ય બની જતું હોય તો બીજું કાંઈ જ ન કરશો 'સ્વ'ને જ તમારી સાધનાનું કેન્દ્ર બનાવો. પરનાં શુદ્ધિકરણ કાજે સ્વનું જ શુદ્ધિકરણ આદરો. મોં ખોલવું છે ? નાક દબાવો. સાચો પરાર્થ સાધવો છે ? તો સાચો સ્વાર્થ સાધો.

સર્વના શ્રેયની કામના તમારા અંતરમાં ઠસોઠસ ભરો. સર્વના કલ્યાણનો અજપાજપ સાધો. એનો કોઈ વાંધો નથી. સ્વકલ્યાણાર્થી સર્વના કલ્યાણનો પણ અર્થી હોય જ. પણ સર્વશ્રેષ્ઠ માટે સ્વશ્રેય જ અનિવાર્ય છે એ વાત એક પળ માટે પણ વીસરશો મા !

આભ ફાટ્યું છે હોં ! તમે થીંગડું પણ દઈ શકો એવી સ્થિતિમાં નથી ! છતાંય 'સ્વ'ના શુદ્ધિકરણ વિના જો એક ડગ પણ પરાર્થકરણના સક્રિય પ્રયોગ તરફ માંડશો તો એ કૃત્રિમ પરાર્થકરણ તમારા અને અગણિત મુગ્ધ જીવોનાં જીવનોના ફુરચેફુરચા ઉડાવી દેશે.

સહજ સ્વાર્થની સાધના વિનાનો પરાર્થ એ કૃત્રિમ પરાર્થ છે. આવા કૃત્રિમ પરાર્થકરણનો જન્મ થાય છે આંતર સાધના સાધવા જોગી હિંમતના અભાવમાંથી અને આનંદ (પછી ભલે ગમે તે મળે) માણી લેવાની અધીરાઈમાંથી !

**આજનો સમય પ્રચારનો મનાય છે, પણ વસ્તુતઃ આ સમય 'સ્વ'ના સહજ શુદ્ધિકરણનો છે. પ્રચાર તો ભયંકર વિનિપાતનું આ સમયનું**

અમોઘશસ્ત્ર છે. એના પનારે પડવાથી પરમાત્મશાસનને વેરણછેરણ કરી નાંખવાનું કારમું પાપ લમણે ઝીંકાશે. સ્વના વિનાશ સાથે સર્વને તારનારા શાસનના નાવડામાં શત શત છિદ્રો પડશે. સાચે જ સંતપ્ત છે આજનું જગત વિલાસની કારમી પીડાથી. પરિપૂરિત છે પ્રત્યેક આત્મા !

છાઈ ગયું છે સર્વત્ર અજ્ઞાન ! પાતાળે જઈને અડ્યાં છે જીવોનાં સત્ત્વ ! સંકોચાઈને સાવ બિડાઈ જકડાઈ ગયાં છે એમનાં મન ! ઊંચા આભને અડી ગયાં છે એમનાં મિથ્યા ગુમાન !

સહુની દયા આવે છે ! પણ આ બધાયને એ આધ્યાત્મિક હોનારતમાંથી કેમ મુક્ત કરવા એ ભારે વિકટ સમસ્યા બની છે. આ વિચાર જેના અંતરને અડી જાય છે. આલિંગી જાય છે એ મહાત્માઓ તો બીજી જ પળે 'સ્વ'ને વધુ વેગથી ધમધમાવે છે. એના બધા સંચાઓ ગતિમાન કરે છે. માલિક આત્મા પોતે જ ત્રણ ત્રણ પાળી કામ કરતો થઈ જાય છે ! નથી એ રાત્રે નિંદર લઈ શકતો, નથી એ દહાડે પેટ ભરીને ભોજન લઈ શકતો, એ શહેરમાં હોય તો વનમાં ચાલ્યો જાય છે; વનમાં હોય તો ગુફામાં ચાલ્યો જાય છે.

એના મનને એક જ વાત જડબેસલાક સમજાય છે કે, "આ ભયંકર અંધકાર કાંઈ સૂપડે સૂપડે ઉલેચાય નહિ. એને માટે તો પ્રકાશનું એક જ વેધક કિરણ બસ છે ! જગતમાં એવો કોઈ પ્રકાશ નથી પાક્યો શું ? તો હું જ એ પ્રકાશ કેમ ન બનું ? આ અંધારું ઉલેચવાની રાડો પાડવાનું કામ મારું નથી ! મારે કોઈનું ય કામ નથી. હું પોતે જ પ્રકાશ બની જાઉં. તો મારો એક જ લીસોટો બસ નથી શું ?"

સ્વના શુદ્ધિકરણની સહજ સાધના આજથી આરંભી દો.

**પરાર્થ એ જિનશાસનમાં કરવાની ચીજ નથી. પરાર્થ તો થઈ જનારી વસ્તુ છે. જેટલી ઉત્કૃષ્ટ સાહજિક સ્વાર્થસિદ્ધિ તેટલું ઉત્કૃષ્ટ સાહજિક પરાર્થકરણ ! જુઓ સિદ્ધભગવંતોને ! સર્વોત્કૃષ્ટ પરાકાષ્ટાએ પહોંચ્યો છે ને એમનો સ્વાર્થ ? તો સર્વોત્કૃષ્ટ સહજ પરાર્થ યજ્ઞ પણ કેવો મંડાઈ ગયો છે ? સર્વક્ષેત્રના, સર્વકાળના કોઈ પણ જીવ એમને નમશે કે ત્યાં ને ત્યાં, તે જ સમયે અનંત કર્મોનો કચ્ચરઘાણ બોલાવશે ! નમન હો સહજ સ્વાર્થની સાધના કરવાની પ્રેરણા દેતાં પ્રેરણામૂર્તિ એ પરમેશ્વરોને !**

જીવનનો કારમો વિનિપાત સર્જનારા આ બે ભયંકર પાપોનો પડછાયો પણ ન અડી જાય એની કાળજી કરીશું તો જ જીવનનો મર્મ હાથ કરી શકીશું, નહિ તો એ ખીણોએ અનંતનો ભોગ લીધો છે. આપણો પણ ભોગ લેશે તો તેમાં એકનો ઉમેરો થવા સિવાય આશ્ચર્યજનક બીજું કાંઈ જ નહિ બને.

ભૂલ્યો. લોકોત્તર ઉત્થાનના ગગનને અડવાની લગભગ તૈયારીમાં આવી ચૂકેલો એક આરાધક ભેંકાર ખીણના ભયંકર પતનને પામી જાય એ જ આશ્ચર્યોનું પણ આશ્ચર્ય નથી શું ?

•

# ૧૯ સહવું એ જ સાધુતા

સહવામાં હર્ષપૂર્વકનો દુઃખસ્વીકાર હોય, અને તેની સાથે જ તીવ્રતમ પાપધિક્કાર હોય. જે દુઃખથી નાસે તે પાપને ધિક્કારી ન શકે. શરીરાદિ પ્રતિકૂળતાઓ દૂર કરીને જે ધર્મ કરાય તે વાસ્તવિક ધર્મ જ નથી. કેમકે પ્રતિકૂળતાઓ દૂર કરવા માટે અનેક પાપોનો સ્વીકાર કરવો જ પડે છે.

જ્યાં પાપનો ભય નથી ત્યાં જિનાજ્ઞાની અવજ્ઞાનો લેશ પણ ભય નથી. એ અવજ્ઞાવૃત્તિની નિર્ભયતા જેવું બીજું કોઈ ઘોરાતિઘોર પાપ નથી; કેમકે એ તો છે અનંતાનંત પરમાત્માઓની ક્રૂર મશ્કરી !

સોનું શુદ્ધ થાય છે અગ્નિની ભઠ્ઠીમાં.

ધૂપસળી મહેંક મહેંક થાય છે સળગીને રાખ બનવામાં.

ચંદન શૈત્ય બક્ષે છે ઘસારામાં.

તેવી જ રીતે આત્મા શુદ્ધ થાય છે વધુ ને વધુ કષ્ટ સહવામાં, વેઠવામાં. એ શુદ્ધિથી જ એ વાસ્તવિક રીતે બળવાન બને છે. એ જ બળ એને કદી પણ ઘાતક બની શકતું નથી. એટલે શક્તિના ઉપાસક ન બનીને દેવગુરુની ભક્તિના પૂજારી બનીએ તો જ શક્તિની ઘાતકતાથી બચી શકીએ. અને એ ભક્તિની એકાંતકલ્યાણકારિતાને સર્વાંગે આશ્લેષીએ.

શ્રી દેવાધિદેવની ભક્તિ એટલે તેમની આજ્ઞાનું અણિશુદ્ધ પાલન ! પૂ. ગુરુદેવશ્રીની ભક્તિ એટલે એમના પ્રત્યેનો રોમરોમમાં રમી ગયેલો 'મા' તરીકેનો સર્વોત્કૃષ્ટ બહુમાનભાવ.

માટે જ મારે સહવું છે. ખૂબ સહવું છે. હું સહું... દમું... મારી જાતને દમું... તેમાં જ પેલો વિરાટકાય, ભયાનક મોહપિશાચ ઉદાસ થઈ જાય; એનું મોં દિવેલિયું થાય. અને એની એ સ્થિતિમાં જ મારું મોં, મન, તન રૂવાંડે-રૂવાંડે મરકમરક મલકાય. સહ્યા વિના અનુકૂળતાઓને આધીન થઈ સ્વાધ્યાય કરું... સેવા કરું કે તપ કરું... ત્યાં એ મોહપિશાચ મલકાય... મારા માટે તો એ મૃત્યુથી પણ ભયાનક !

એના હાસ્યમાં મારો સર્વનાશ...! મારા હાસ્યમાં એનો સર્વનાશ...! સહતો જાઉં એટલે જિનાજ્ઞાને જીવનમાં ઓતપ્રોત કરતો જાઉં ! અનુકૂળતાને ચિનગારી ચાંપું એટલે વિષયકષાયોના કાષ્ઠના ગંજના ગંજની રાખ બનાવું.

એ પરમપવિત્ર રાખને મારા અંગે અંગે ચોળી જીવનના પરમોચ્ચ સદ્ભાગ્યનો સ્વામી બનું.

અનુકૂળતાના પાયા ઉપર ઊભતી ધર્મની આલિશાન મહેલાત મારે મન ભૂતિયો મહેલ છે...

પ્રતિકૂલતાની પીઠિકા ઉપર ઊભતી ધર્મની પર્ણકુટિર મારે મન નલિનીગુલ્મ વિમાન છે...

સહવું એટલે ? કાયાની સામે થવાનું ! કાયાને કચડવાની !

લીલી કાયાની સૂકોતરી કરી નાંખવાની ! પળ પળમાં, વાત વાતમાં, કામ કામમાં, હસતાં હસતાં કાયાને સતાવવી એ જ મારું જીવન ! એ મારા હૃદયનું મધમધુર કવન !

એ જ મારી મનોભૂમિનું મધુવન ! હું કવિ બનીને કવિતા ગાઈશ કે બસ સહો ! સહો ! સહો ! સહવામાં જ સાધુતા ખીલે, સુખશીલતામાં તો એ મુરઝાય !

મારા મિત્રને કહીશ કે જો તું સાચી સાધુતા માટે તલપતો હોય તો ડગે-ડગે જિનાજ્ઞાને વફાદાર રહીને સહતો જા ! મારા શિષ્યોને કહીશ કે જો તમે ભવચક્રની કારમી પિલામણમાંથી ઊગરી જવા માંગતા હો, સાધનાની તીવ્રતમ તાલાવેલી ધરાવતા હો તો એકેય ધર્મપ્રવૃત્તિ અનુકૂળતા સાથે ન કરશો. ખૂબ વેઠવું પડે એવી રીતે જ કરજો !

એક જ આવો ભવ ! ના, ના, એક જ યુગ; ના, ના, અંતરના આવા ભીષણ આવેગોથી ધમધમતું એક જ વર્ષ જીવનના દેદાર બદલી નાંખે; નિષ્ક્રિયતાને કચડી નાંખે. ઉદાસીનતાને ખંખેરી નાંખે.

કાંઈ જ કરવું નથી. જાપ જપવા નથી, ધ્યાન ધરવા નથી, તપ તપવા નથી, જ્ઞાન ભણવું નથી. મોજ કરતાં - સહ્યા વિના ! શરીરને ખૂબ સાચવી સાચવીને ! અને એ બધું જ કરવું છે એથી પણ અધિક ઘણું ઘણું કરવું છે. સહીને... શરીરને કચડીને.

અનંતા જીવન મેં કેમ કર્યા તે પ્રશ્નનો આજ સુધી અણઉકલ્યો કોયડો આજની આ ધન્યતમ પળે ઉકલી જતો લાગે છે ! સહવા સાથેનો તનના ઘસારાવાળો નાનકડોય ધર્મ મહાન ધર્મ છે, મહતી સાધના છે ! સર્વ સુખોનું બીજ છે ! અંતર્મુખતાનું એકનું એક સર્વથા સફળ સાધન છે !

ચાલો ત્યારે, ઝડપ કરો. ધાર્યા કરતાં ખૂબ જ મોડું થઈ ગયું લાગે છે. હવે પળ પળમાં સહવાનું શરૂ કરીએ.

પ્રત્યેક આરાધનાને સહવાની વન્દનમાળાથી વિભૂષિત કરીએ.

યજ્ઞ આરંભો સહવાનો. કલ્યાણ કરો આતમરામનું. જિનાજ્ઞાના પાલકને જ આ કાળમાં પ્રભાવક આત્માઓ કહેલા છે. જિનાજ્ઞાનું પાલન સહ્યા વિના તો શક્ય જ નથી. "ખાના-પીના-મોક્ષ લેના" જેવી અધમ વૃત્તિમાંથી જ અનુકૂળતાની સેવાપૂર્વકના ધર્મ થાય છે. એવા ધર્મો તો નરકના દોજખના સર્જક છે; અનંત સુખના વિનાશક છે.

આત્મન્ ! સહવાનું એક જ જીવન ! એક જ તક ! એક જ સંકલ્પ ! એક જ બળ !

સહસ્રાધિક યુગોના તારા કાળા ઇતિહાસને ભૂંસી નાંખશે હોં ! તારા ભાવિ જીવનના પટમાં અનોખી રંગોળી રંગાશે.

અરે સાધક ! સમજી જા સાનમાં ! જો સાધનાની કકડતી ભૂખ હોય ! આરાધનાની તમતમતી તમન્ના હોય ! ઉપાસના માટે ઉરની ઊર્મિઓ ઊછળતી હોય !

શાસનની યત્કિંચિત્ પણ સેવા કરી જવાની લાગણી હૃદયના કોઈ ખૂણે વસી હોય તો આ જ પળથી સહતો જા ! કર્કશ વચન ખમતો જા ! ઈન્દ્રિયોને દમતો જા ! અને શાશ્વત સુખનો સ્વામી બનવા આંતર સુખામૃતના ઘૂંટડા પીતો જા !

•

# ૨૦ સહન કરે તે સાધુ

'સંયમધર્મ' શું પદાર્થ છે એ પ્રશ્ન ઉપર વિચાર કરું છું ત્યારે ઘણી વાર માથું ચગડોળે ચડીને ભમતું હોય છે. અંતે એક જ નિષ્કર્ષ આવે છે કે સહવું તે સંયમધર્મ ! સાધુતાનું રક્ષણ સહવામાં જ થઈ શકે.

ઉપસર્ગો અને પરીષહોની ઝડીઓ વરસતી હોય ત્યાં જઈ જઈને હસતે મોંએ જે ઊભા રહે એ જ સાધુ. સહી સહીને જેણે કાયાને કઠોર કરી નાંખી છે, ચામડીને બરછટ બનાવી દીધી છે, પગનાં તળિયાંને ઊભા અને આડા ચીરાઓથી ભરી દીધા છે, ચાલી ચાલીને જેની જંઘા પથ્થર જેવી થઈ ગઈ છે, ધોમધગતા સળગતા બપોરે ખુલ્લે માથે ઊભા રહીને જેને ટાલ પડી ગઈ છે, એ સાધુ કહેવાય. એનાં રોમેરોમ એની સાધુતાને જણાવતાં હોય, એવી વિનમ્ર આંખો સંયમિતાને સૂચવતી હોય, માથે આવી ગયેલી ભવોભવની ભેદી રમતને વેરવિખેર કરી નાંખવાની જવાબદારીનું એને થઈ ગયેલું ભાન એની ગંભીર મુખમુદ્રા સૂચવતી હોય, એ ક્યારેક ઉન્નત મસ્તકે દૂરસુદૂર જોતો હોય ત્યારે એમ જ લાગે કે સામે ખડકાયેલી વિરાટ કર્મસલ્તનતને જોતો એનો કચ્ચરઘાણ કાઢી નાંખવા કોઈ સફળ વ્યૂહરચના ગોઠવવાનું વિચારી રહ્યો છે.

ન એને પડી હોય કાયાની, ન પડી હોય મમતા-માયાની,ન તો એને પરવા હોય ભક્તોની કે ન એને ફિકર હોય દુન્યવી સુખોની. ભક્તોથી એ ભાગતો ફરે, દુન્યવી સુખોથી સો હાથ દૂર રહે, કાયાને કચડતો જ રહે. આંખોમાં ઊંઘ ભરાય તોય ઊભો રહે. પડું પડું થાય તોય ઝૂકી ઝૂકીને પ્રભુને વંદના કરતો રહે. જઠરમાં કારમી આગ ભભૂકી હોય ત્યારેય નિષ્ઠુર માણસની જેમ હસતો એ આગ સામે જોતો રહે અને બબડે, 'આ કરતાં તો ભયંકર આગ-નારકના ભવમાં-જઠરમાં લાગેલી. ત્યાં ક્યારેય શમી ન હતી. સહ્યે જ છૂટકો થયો હતો. અને છતાં પરિણામ કાંઈ ન મળ્યું. આજે તો સ્વેચ્છાએ સહીશ અને એ આગમાં આગને ચાંપનારાં કર્મોને જ હોમીશ. એમની જ રાખ કરી નાંખીશ.

કાયા સાથે એને બારમો ચંદ્રમાં હોય. માઈલોના માઈલો ચાલી ચાલીને કાયા થાકી હોય તોય તેને ચલાવ્યે જ છોડે. એની આંખ સામે તો બળદિયાના

ભવ અને એમાં હળે જોતરાયેલી એની જાત, માર ખાઈ ખાઈને ઘાંચીની ઘાણી પીલતી એ કરુણ વાત, અને એ બધુંય છતાં-માઈલોના માઈલો ચાલવા છતાં - એ બેલની સ્થિતિ તો ત્યાં ને ત્યાં જ - આ બધું દેખાય અને... દાંત પીસે. હવે આ જીવનથી એ વાતોનું પુનરાવર્તન નહિ થાય. કાયા એક માઈલ કાપશે પણ કર્મો કરોડો કપાશે. કાયા વીસ માઈલ કાપશે અને કર્મો તો ભડકે સળગશે.

ભૂતકાળના એ અકસ્માતોનાં પુનરાવર્તન ન થવા દેવા સાધુ સદૈવ સજાગ હોય. ફરી કહેવાનું મન થઈ જાય છે કે કરુણાવંત સાધુ કાયાને કચડતો જ રહે. એના મગજમાં એવું ચિંતન સજ્જડ થઈ ગયું હોય છે કે જીવનોની ખાનાખરાબી સર્જનાર જે કોઈ હોય તો આ કાયા જ છે. એના મોહે તો વીતરાગને ભુલાવ્યા છે. નિર્ગ્રન્થોને અવગણ્યા છે, ધર્મને પણ ધિક્કાર્યો છે. હવે જો આ ખાનાખરાબીથી ઊગરી જવું હોય તો એક જ માર્ગ છે કે પ્રભુએ ચીંધેલા રસ્તે એ કાયાને લઈ જવી. એને ખૂબ કૂટવી, થરથરતી ઠંડીમાં એને ધ્રૂજાવવી, સળગતા તાપમાં એને સળગાવવી, કારમો ભૂખમરો વેઠીને એને ઓગાળવી, ગુરુવર્યોની સેવા કરીને એને સૂકવી નાંખવી. કાયાની સુકવણી કર્યા વિના સંસાર સુકાય તે કદી, પણ સંભવિત નથી. સંસાર લીલોછમ રહેતો જ હોય તો કાયાની હરિયાળીથી જ.

મુનિધર્મમાં આવું જ બધું આવે. પ્રતિકૂળતાને છાતી આપવાની હોય, અનુકૂળતાને હંમેશ પીઠ બતાવવાની હોય. માંદા પડીએ, ઊભા રહેવા જેટલી પણ શક્તિ ન રહી હોય, છેલ્લા શ્વાસ લઈ રહ્યા હોઈએ તે વખતે પણ અનુકૂળતાને નમવાને બદલે એક પણ હરફ ઉચ્ચાર્યા વિના હસતે મોંએ કર્મોને મારતો મારતો જે મરે તે જ કર્મ સંગ્રામનો શહીદ કહેવાય.

મુનિધર્મનું સ્વરૂપ આવું કેમ હશે એ પ્રશ્ન થવો સહજ છે; પણ એનો ઉત્તર પણ સરળ છે. અનુકૂળતાએ - અસહિષ્ણુતાની વૃત્તિએ - આપણને સંસારમાં ભમાવ્યે જ રાખવાનું કાર્ય કર્યું છે. એ ભ્રમણાથી ઊગરી જવા પ્રતિકૂળતાને, સહિષ્ણુતાને આપણે અપનાવવી જ રહીને ?

આથીસ્તો મુનિમાર્ગ ખાંડાની ધાર જેવો કહ્યો છે; લોહચણા ચાવવા જેવો કહ્યો છે; સામે પૂરે બાથ ભીડવા જેવો કહ્યો છે. મુનિધર્મનું કોઈ પણ કર્તવ્ય બહુધા સહિષ્ણુતા ગુણની ખિલવટ માટે હોય છે. સહિષ્ણુતાના બીજને

વિકસાવવા માટે જ ગુરુસેવા, પ્રભુભક્તિ, ઉગ્રવિહાર કે અષ્ટપ્રવચનમાતાનું પાલન વિહિત છે. હા, કઠોરમાં કઠોર માર્ગને એકદમ તો ન જ અપનાવી શકાય. અંબાડી ઉઠાવવા પહેલાં હાથી બનવું પડે એટલે તો સઘળું અનુષ્ઠાન યથાશક્તિ કરવાનું વિધાન કરવામાં આવ્યું છે. એનો અર્થ એ છે કે જેટલી શક્તિ પહોંચતી હોય તેટલું તો અવશ્ય કરવું, શક્તિ બહાર ન કરવું. એટલો જ અડધો એનો અર્થ નથી.

સામાન્ય રીતે કાયાનો એવો સ્વભાવ છે કે એકનું એક કાર્ય અવિરતપણે તેની ઉપર નિત્ય લાદવામાં આવે તો તે તેને કોઠે પડી જાય છે, તે બહુ સરળ બની જાય છે. એટલું જ નહિ કિન્તુ એથીય જરા વધુ કઠોર કાર્ય કરવાની શક્તિ પણ તેને પ્રાપ્ત થઈ જાય છે. શક્તિ વધી એટલે એના પ્રમાણે વધુ કઠોર કાર્ય સ્વીકારવું જ જોઈએ. બેસી રહ્યે ન ચાલે. શક્તિને અનુરૂપ કાર્ય કરતા જ રહેવું જોઈએ. શક્તિ વધે તો કાર્ય બદલવું જ જોઈએ. આમ કરવાથી ક્રમશઃ બળ વધતું જાય છે. કદાચ બાહ્યદૃષ્ટિએ કાયા દૂબળી બનતી જતી દેખાય, પણ કાયા કસાયેલી તો જરૂર બને છે. હંમેશ કસાતી કાયા કાર્યક્ષમ બને છે. માંસલ તગડી કાયા નહિ જ.

જો આ પ્રક્રિયાને અનુસરીને આપણે કામ લઈએ તો ક્રમશઃ બળ વધતા વધુ ને વધુ કઠોર અનુષ્ઠાનોને જીવનમાં અપનાવી શકીએ. એકેક ધર્માનુષ્ઠાન અનંતકર્મોને વિદાય આપે, સેંકડો દુર્ગતિના દ્વારે ખંભાતીતાળાં લાગી જાય, કરોડો યાતનાઓ અને સીતમોથી મુક્તિ મળે.

નિરાધાર, નિઃસહાય બનેલો, કચડાતો-પિલાતો-રુલાતો અને રિબાતો, દેહના પાપે કારમી સજા ભોગવતો આત્મા મુક્તિનાં ગાન ગાય. અનંત કાળથી એને પગે ખોડંગાયેલી કર્મજંજીરો તૂટી જાય. અલબત્ત, મુનિધર્મ અત્યંત કઠોર છે, એને પચાવવા પથ્થરની હોજરી જોઈએ. પણ તે બધું સાધ્ય છે. આપ્ત પુરુષો કદાપિ અસાધ્યનો ઉપદેશ આપે નહિ. અમુકને જ સાધ્ય એવો ઉપદેશ દેનાર આપ્ત કહેવાય નહિ. એટલું જ કે કદાચ કાલવિલંબ થાય. ભૂતકાળમાં આદરેલાં કુપથ્યોને લીધે આ રસાયણ પચાવતા પહેલાં બીજી અનેક પ્રક્રિયાઓ કરવી પડે, પણ મુનિધર્મ સાધ્ય તો ખરો જ. આ ભવમાં એની વાનગી પણ મેળવી લઈએ તોય બેડો પાર કરી દે તેવો આ ધર્મ છે.

•

# ૨૧ ગૃહસ્થજીવન અને મુનિજીવન

સંસારના બોજાને માથે લઈને ભોગસુખોને અનુભવવાં એ કેટલું કપરું કાર્ય ! માથે ગજા ઉપરાંત ભાર હોય, એટલો ભાર કે કમર પણ વળી જતી હોય, શરીરે પસીનો વળી ગયો હોય, એ વખતે ઠંડા પાણીનો ગ્લાસ કોઈ આપે, મોંએ અડાડે છતાં પીવો ભાવે ? ભાર ઊતર્યા વિના ઠંડા જળનાં સુખ માણવામાં મોજ શી આવે ? પણ સંસારના જીવો તો આ રીતે જ મોજ માણી રહ્યા છે.

ઘરની સ્ત્રી માથાભારે મળી હોય તો તેના અંગેનો ત્રાસ એટલો બધો હોય છે કે એમાં જ જીવનનો બધો સમય વેડફાઈ જાય ! પણ આ જીવો તો આવી જાતના કેટલાય બોજા માથે ઉપાડે છે !

એમના બજારના ધંધાઓ તેજી-મંદી કપટીના ધ્યાન જેવી, હાથીના કાન જેવી કે બાળકના મન જેવી ચંચળ હોય છે. ઘડીમાં તેજીના વાયરા તો ઘડીમાં મંદીના મોજાં. કાંઈ જ સમજાય નહિ. ફૂટબોલની જેમ આ સટોડિયાઓ ફેંકાયા કરે. રાતે બે ઘડીની ઊંઘ પણ શાન્તિથી તેમને ભાગ્યે જ મળતી હોય. આટલું જ નહિ; હજુ તો આ બેલ બીજું ઘણું ઘણું ઉપાડી શકે છે. છોકરાંનાં તોફાનો, એમની માંદગીના ખર્ચા, સંસ્કારની ખિલવટ માટેની ભારે જવાબદારી પણ જરાય ઓછી નથી હોતી. અને રખે છોકરો અવળો પાક્યો તો વળી ભોગ લાગ્યા ! ગમે તે છોકરીને પરણી લાવે, 'મા-બાપે' પસંદ કરેલી છોકરીની સગાઈઓ તોડી નાખે, નાતજાતમાં આબરુનાં લિલામ થાય, ઘરકલેશનાં મંડાણ થાય, એટિકેટમાં રહેતી અને પગની એડીએ જ ચાલતી કન્યા મા-દીકરાને લડાવી મારે, બાપને ત્રાસ આપે. છોકરાના મગજમાં કેઈ ભૂતડાં ભરે, ઘરમાં કલેશ અને કંકાસ, તોફાનો અને ધમાલો મચી જાય. જાણે ગાંડો હાથી આલાનબંધથી છૂટ્યો ન હોય !

જાણે હજુય આટલું ઓછું છે તેમ આ સંસારનો બેલ વટથી અને વહેવારમાંથી ઊંચો આવતો નથી. એ બોજોય એને ક્યારેક તો અતિશય ભારે પડી જાય છે. રાત ને દીની કાળી મજૂરી, ઘરમાંય અશાન્તિ, દુકાનમાંય અજંપો, મનમાંય કલેશ, તનમાંય રોગોના ઉદ્વેગ વગેરે અનેક આપત્તિઓની ભડકે બળતી આગમાં સંસારી જીવ ઊભો રહીને અસહ્ય ઝાળો વેઠી રહ્યો છે.

હું તો જ્યારે જ્યારે આવા કિસ્સાઓ સાંભળું છું ત્યારે ભારે ત્રાસ થઈ જાય છે. કેટલું વેઠવાનું અને કેટલું રળવાનું ? કેટલો માર ખાવાનો અને કેટલું મળવાનું ? કેટલો ત્રાસ અને છતાં કેટલી શાન્તિ ? ક્યારેક એમ થઈ જાય કે આ લોકોના કરતાં તો ઘણાં સુખ અને શાન્તિ અમારે ત્યાં છે. અમારાં જીવન બહુ જ સીધાં અને તરત સુખ પરખાવનારાં. અમારે ઝાંઝાં કષ્ટ નહિ, ઝાઝી જંજાળો નહિ, ઝાઝી ચિંતાય નહિ અને સુખશાન્તિનો પાર નહિ.

પરંતુ વિચારના ઊંડાં પાણીએ ઉતરીએ ત્યારે વળી જુદું જ ભાન થાય છે. જો અમારે ત્યાં મોજ-મજા હોત, ઓછું કષ્ટ હોત તો તો એ બધાય સુખના કામી જીવો અહીં કેમ ન આવી જાય ? એમને તો સુખ જોઈએ ને ? પણ છતાંય અહીંનાં સુખ મેળવવા એ લોકો તૈયાર થતા નથી. એમને આ સુખ ભારે પડતું હોય તેમ લાગે છે. એ શાથી બનતું હશે ? અને અમને કેમ આ કષ્ટ નહિ લાગતું હોય ? પહેલા પ્રશ્નનું સમાધાન તો એ છે કે સાધુજીવનની કષ્ટમય સાધના જગતમાં પ્રચાર પામેલી છે. સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવાનું, ગુરુને પરાધીન રહેવાનું, ત્યાગ અને તપ કરવાનાં, તે તે સમયે ક્રિયાકાંડ કરવાનાં જ, વિહારો અને લોચ કરવાનાં ઈત્યાદિ અનેક પરાધીનતાઓ પ્રસિદ્ધ થયેલી છે.

આમાંના પ્રત્યેક કષ્ટમાં સ્વેચ્છાનો ત્યાગ, સંપૂર્ણ પરાધીનતા-ઈચ્છાને ગોળીએ જ દેવાની વાત દેખાય છે. જાણી બૂઝીને કષ્ટોની ઝડી માથે સ્વીકારવાની.

એક બાજુ અનાદિના કુસંસ્કારથી ઈચ્છાઓ સમયે સમયે કૂદાકૂદ કરી મૂકતી હોય, એ ડાકણો એનો ભક્ષ લેવા કાગારોળ કરી મૂકતી હોય અને બીજી બાજુ એનાથી સંપૂર્ણ રીતે નીડર રહીને, એને એક સૂકા રોટલાનો ટૂકડો પણ નાંખવાની વાત ન હોય એ સાધના કેટલી કપરી બની જાય ? ભલે પછી આવી સાધનાના બળ ઉપર આફરીન થતું વિશ્વ ખમ્માખમ્મા કરતું હોય, અચ્છો અચ્છો (વાહ-વાહ) કરી નાંખતું હોય, પધારો પધારો કરતું હોય - પણ હવે એ પોસાય તેવું તો નહિ જ ને ? સ્વેચ્છાને કચડવા જેવું કઠોર કાર્ય બીજું કોઈ નથી. સ્વેચ્છાને પોષવા જેવો સાંસારિક આનંદ બીજો કોઈ નથી.

જગતના જીવો અનેક ઈચ્છાઓને કચડીને પણ અબ્રહ્મની, આહારની કે પરિગ્રહ અને નિદ્રાની સ્વચ્છાઓને પૂરી કરે છે અને તેથી જ તેમનાં કષ્ટ તેમને ભારે લાગતાં નથી. જયારે અમારા જગતમાં ઊઠતી બધી જ અપ્રશસ્ત ઈચ્છાઓને કચડવાની, દમવાની, ઉપશાન્ત કરવાની. યાવત્ વિનષ્ટ કરવાની. વિષયેચ્છા, પરિગ્રહેચ્છા, આહારેચ્છા કે એવી કોઈ પણ ઈચ્છાને અહીં પોષણ જ ન મળે.

હવે કહો કષ્ટ વધુ ક્યાં ? બેય સ્થળે પોતાનાં માનેલાં સુખ મળે છે છતાં એ સુખ મેળવવામાં સાંસારિક જીવોને વધુ કષ્ટ ક્યાં લાગે ? અમારાં જીવનમાં જ તો.

હવે બીજો પ્રશ્ન થાય કે, "તો પછી અમને એવું કષ્ટ અસહ્ય કેમ બનતું નથી ?" આનું સમાધાન મને તો આવું લાગે છે. સામાન્યતઃ જે આત્માઓ સંસાર ત્યાગે છે તેઓ ખૂબ જ સંસ્કારી આત્માઓ હોય છે. પૂર્વભવોની જબ્બર સાધનાના બળની સાથે આ જીવનમાં પ્રવેશેલો હોય છે. આ બળ એટલું વિરાટ હોય છે કે જેની સામે અહીંનાં કષ્ટો સહેલાઈથી ખમી શકાય તેવાં બની જાય છે. આવાં બળ સાથે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ પણ બહુ જ સારી થયેલી હોય છે. તેથી તેની સહાયથી તેઓ જાલિમ કષ્ટને પણ કુસુમ તુલ્ય બનાવીને વધાવી લે છે. બાકી જીવન તો સાધુનું જ કષ્ટમય છે. એની પાસે ગૃહસ્થજીવનનાં કષ્ટો તણખલાંની તોલેય ન આવી શકે હોં !

પૂછજો કોઈ સાધુતાના સ્વામીને આ પ્રશ્ન ! પછી બધું સમજાઈ જશે.

•

વિરાટ એટલે માંહ્યલો

વિરાટ એટલે આત્મા

વિરાટ જાગે છે ત્યારે

એ પહેલી ચીસ

પાડે છે **કોડહમ્ !**

જાગૃતિમાં જીવંતતા આવે છે ત્યારે એ પોકારી

ઉઠે છે **નાડહમ્ !**

પછી તો હિલોળે ચડેલા જાગૃતિના સાગરો ઘૂઘવાટ કરતા કહી

જાય છે **સોડહમ્ !**

અંતરીક્ષને આંબી જતાં એના પડછંદા ધણધણતાં કહી

જાય છે **ત્વમહમ્ !**

છેલ્લે શાંત પડતો એ સાગર સુમધુર સ્વરે સહુને

જણાવે છે **અહમહમ્ !**

વળી,

જેને કોડહમ્ એવો પ્રશ્ન પણ લમણે ઝીંકાતો નથી

એ ઉંઘતો વિરાટ છે

ચરમાવર્તની અંધિયારી રાતમાં અથડાતો-કુટાતો વિરાટ છે.

વિરાટને જગાડવો છે ? તો આજે જ હાથમાં લો...

## વિરાટ જાગે છે ત્યારે...

પં. ચન્દ્રશેખરવિજય.